૨૦૫ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 227 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 September 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**મુંબઈ સમાચાર**

'મુંબઈ સમાચાર'ની ઑફિસ અનંત-ચતુર્દશી નિમિત્તે તા. ૨૫-૦૯-૨૦૨૬, શુક્રવારે બંધ રહેવાની હોવાથી તા. ૨૬-૦૯-૨૦૨૬, શનિવારનો અંક પ્રસિદ્ધ નહીં થાય તેની નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

# ટકરાશું તો બંને પટકાશું: જિનપિંગની ટ્રમ્પને સાફ વાત

**અમેરિકા અને ચીન વચ્ચે એકમેકને પકડી પાડવાની રેસ હોવી જોઈએ, દંગલ નહીં એમ પણ કહ્યું: જિનપિંગને સાચા દોસ્ત ગણાવ્યા ટ્રમ્પે: અમેરિકાના પ્રમુખે ૧૯૬૨ બાદ સૌપ્રથમ વખત કોઈ વિદેશી નેતાને વિમાનમથકે જાતે આવકાર્યા: ચીનના પ્રમુખના સ્વાગત માટે ટ્રમ્પે લાલજાજમ પથરાવી: અમેરિકા-ચીન વચ્ચે એકબીજા પરની ટૅરિફ ઘટાડવા સંમતિ સધાઇ**

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર ગુરુવારે વાઇટ હાઉસ પહોંચેલા ચીનના પ્રમુખ શી જિનપિંગે એવી સ્પષ્ટતા કરી હતી કે, જો બંને દેશ ટકરાશે તો બંને પટકાશે. બીજી તરફ, ટ્રમ્પે જિનપિંગને સાચ્ચા દોસ્ત ગણાવ્યા હતા.

ટ્રમ્પે વાઇટ હાઉસમાં જિનપિંગને આવકારતા કહ્યું હતું કે, પ્રથમ વિશ્વયુદ્ધ જીતવા માટે જે રીતે અમારા બંને દેશે સાથે કામ કર્યું હતું, એ જ રીતે હું અને પ્રમુખ શી સાથે મળીને બંને દેશ માટે સારા ભવિષ્યનું નિર્માણ કરીશું. હું ૨૦૧૬માં પહેલી વાર ચૂંટાયો ત્યારથી

(જુઓ પાનું ૨) ▸▸



**સ્વાગતઃ** ચીનના પ્રમુખ શી જિનપિંગ અને તેમનાં પત્ની પેંગ લિયુઆનને જોઈન્ટ બૅઝ એન્ડ્રુઝ ખાતે આવકારતા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને તેમનાં પત્ની મેલનિયા ટ્રમ્પ. (એપી-પીટીઆઇ)

## જ્ઞાનેશકુમાર રાજીનામું આપે નહીં તો જંતર મંતર ટૂ: સીજેપીનું અલ્ટિમેટમ

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર આગામી ૪૮ કલાકમાં રાજીનામું નહિ આપે તો 'જંતર મંતર ટૂ' સહિત રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાની ગુરુવારે ચીમકી આપી હતી.

સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ અહીં પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો હતો કે દેશની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ આચરવામાં આવે છે અને સામાન્ય મતદારોનો મતાધિકાર છીનવવામાં આવે છે.

તેણે જણાવ્યું હતું કે જો જ્ઞાનેશકુમાર આગામી ૪૮ કલાકમાં રાજીનામું નહિ આપે, તો 'જંતર મંતર ટૂ' જરૂર થશે અને રાષ્ટ્રવ્યાપી આંદોલન કરાશે.

અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે જો વિપક્ષોને ચૂંટણીમાં ગેરરીતિ થતી હોવાનું લાગતું હોય, તો તેઓએ ચૂંટણી લડવી જ ન જોઇએ. વિપક્ષે આ સંબંધમાં ચોક્કસ વલણ અપનાવવું જોઇએ.

તેણે જણાવ્યું હતું કે જ્ઞાનેશકુમાર દેશની લોકશાહી

(જુઓ પાનું ૨) ▸▸

### દેશદ્રોહી જ્ઞાનેશકુમાર દ્વારા વૉટ ચોરી, કાનૂન ચોરી અને સંસ્થા ચોરી: રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના બીજા બે કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ ગોવા સહિતનાં રાજ્યોમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (ખાસ સઘન સમીક્ષા, 'સર')ની કવાયત હેઠળ નામો કાઢી નાખવાના મુદ્દે લાલ ઝંડો બતાડ્યો છે એવા અહેવાલોને પગલે લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે ચૂંટણી પંચના મુખ્ય કમિશનર પર 'વોટ ચોરી', 'કાનૂન ચોરી' અને 'સંસ્થા ચોરી'નો આક્ષેપ

(જુઓ પાનું ૨) ▸▸

## નોએડામાં યમુના એક્સપ્રેસ-વે પર સ્લીપર બસ સળગી, નવ મોત

નોએડાઃ દિલ્હીથી ઉત્તર પ્રદેશના મહોબા જઇ રહેલી સ્લીપર બસમાં બુધવારે મોડી રાત્રે ગ્રેટર નોએડાના યમુના એક્સપ્રેસ-વે પર ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં નવ લોકોના દાઝી જવાથી મોત નીપજ્યા હતા. જ્યારે ૨૦થી વધુ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. આ ઘટનામાં બસના ડ્રાઇવર અને કંડક્ટરની ધરપકડ કરવામાં આવી છે.

એફઆઇઆર મુજબ મુસાફરોને બસમાં બળવાની ગંધ આવતા ડ્રાઇવરને બસ રોકવા કહ્યું હતું. પરંતુ ડ્રાઇવર અને કંડક્ટરે બસ રોકવાનો ઇનકાર કરતાં કહ્યું કે તમારે મરવું હોય તો મરી જાઓ, અમે બસ નહીં રોકીએ. બસમાં આગની જ્વાળાઓ ફેલાવાથી અને ધુમાડો ભરાઇ જવાથી બહાર નીકળવા માટે મુસાફરોમાં નાસભાગ મચી ગઇ હતી. જો કે ડ્રાઇવર અને કંડક્ટર ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. બસમાં ૩૫ મુસાફરો સવાર હતા.

ચીફ ફાયર ઓફિસર પ્રદીપ કુમારે જણાવ્યું કે બસ નવી દિલ્હીના કાશ્મીરી ગેટથી મહોબા જઇ રહી હતી ત્યારે જેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસ-વે પર આગ ફાટી નીકળી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળે છે કે બસની એર-કન્ડિશનિંગ સિસ્ટમમાં સ્પાર્ક

(જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સમાં ૧૨૪૮ પૉઈન્ટનો કડાકો

### રોકાણકારોની સંપત્તિમાં ₹ ૩.૯૪ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં કોઈ નક્કર પ્રગતિ થતી ન હોવાનું જણાતા આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ૨.૩૬ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો અને ભાવ બેરલદીઠ ૧૦૫ ડૉલરની ઉપર પહોંચતા સ્થાનિક તેમ જ વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવી હતી. તેમ જ ડૉલરની તેજી સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સાર્વત્રિક સ્તરેથી વેચવાલીનું દબાણ વધતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૨૪૭.૭૧ પૉઈન્ટ પટકાઈને ૭૩,૫૮૦.૫૪ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૩૮૩.૭૦ પૉઈન્ટ ઘટી આવ્યો હતો અને ૨૩,૧૦૦ની સપાટી ગુમાવીને ૨૩,૦૬૩.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે બજારમાં બોલાયેલા કડાકામાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૯૪ લાખ કરોડનું ધોવાણ થયું હતું અને બીએસઈ ખાતે લિસ્ટેડ શૅરોનું માર્કેટ કેપિટલાઈઝેશન ઘટીને ૪૮૦,૮૯,૪૩૭.૨૮ લાખ કરોડની સપાટીએ રહ્યું હતું.

વધુમાં આજે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઑથૉરિટી ઑફ ઈન્ડિયા (ઈરડાઈ) દ્વારા વહીવટી ખર્ચની મર્યાદામાં ઘટાડો અને કમિશન પરનાં કડક નિયંત્રણો સહિતનાં વીમા વિતરણના માળખામાં ફેરફાર પ્રસ્તાવિત કરવામાં આવ્યાના અહેવાલો સાથે વીમા કંપનીઓ અને અન્ય સંબંધિત નાણાકીય મધ્યસ્થીઓની કમાણી તથા વિતરણના આર્થિક પાસાઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં ઈન્સ્યોરન્સ તથા બૅન્કિંગ અને ફાઈનાન્સ કંપનીઓના શૅરમાં વેચવાલી વધી હોવાથી ગબડતી બજારને ઢાળ મળ્યો હોવાનું વિશ્લેષકોએ જણાવ્યું હતું.

એકંદરે આજે બજારનાં ઑલ રાઉન્ડ વેચવાલીના દબાણ વચ્ચે પણ વિદેશી

(જુઓ પાનું ૨) ▸▸

## હિંદ મહાસાગર સુધી જંગ છેડવાની અમેરિકાને ધમકી આપી ઈરાને

તહેરાનઃ ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઇના સલાહકાર યાહ્યા રહીમ સફવીએ ગુરુવારે ચેતવણી આપી હતી કે જો અમેરિકા ફરીથી હુમલો કરશે તો યુદ્ધ હિંદ મહાસાગર સુધી ફેલાઇ શકે છે. ઇરાનની સમાચાર એજન્સી ફાર્સ દ્વારા જાહેર કરાયેલા એક વીડિયોમાં સફવીએ કહ્યું કે યુદ્ધ પહેલાથી જ પર્શિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટથી આગળ રાતા સમુદ્ર સુધી ફેલાઇ ચૂક્યું છે. તેથી જો વધુ યુદ્ધ ફાટી નીકળે છે તો તે હિંદ મહાસાગર અને સંભવતઃ તેનાથી આગળ પણ ફેલાઈ શકે છે.

ઇરાને જણાવ્યું છે કે અમેરિકાના હુમલાથી પશ્ચિમ એશિયામાં શરૂ થયેલું યુદ્ધ હવે હિંદ મહાસાગર સુધી પહોંચી શકે છે. યાહ્યા રહીમ સફવીએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જો અમેરિકા અથવા ઇઝરાયલ ઇરાન પર ફરીથી હુમલો કરે છે તો તહેરાન પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને હિંદ મહાસાગર સુધી ફેલાવી શકે છે.

ઇરાનના કાર્યકારી સંરક્ષણ પ્રધાને પણ ગુરુવારે એક મહત્વપૂર્ણ નિવેદન જાહેર કર્યું હતું. તેમણે કહ્યું કેરાનની સંરક્ષણ નીતિ હવે બદલાઈ રહી છે. ઇરાનના કાર્યકારી સંરક્ષણ પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸

## ગૅન્ગરેપ કરનાર બે પોલીસ અને સીઆરપીએફના બે જવાન પકડાયા

અમરોહાઃ ઉત્તર પ્રદેશમાં હરિયાણાની ૨૪ વર્ષીય યુવતી સાથે ગૅન્ગરેપની ઘટના સામે આવી છે. પીડિતાએ ઉત્તર પ્રદેશના અમરોહામાં ધાર્મિક સ્થળોની યાત્રા કરાવવાની લાલચ આપી હોવાનો આરોપ મૂક્યો હતો. ત્યારબાદ એક ફાર્મ હાઉસમાં સુરક્ષા કર્મચારીઓનો ગણવેશ પહેરેલા શખસોએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

પોલીસે જણાવ્યું કે સીઆરપીએફના એક ઇન્સ્પેક્ટર હરિયાણાના સોનીપતમાં યુવતીને મળ્યા હતા અને પછી તેની સાથે મેરઠ ગયા હતા. ત્યાં તેઓ તેના એક સાથી અને પછી યુપી પોલીસના બે કર્મચારીઓને મળ્યા હતા.

આ બધાએ અમરોહાના એક ફાર્મ હાઉસમાં યુવતી સાથે એક પછી એક દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ છે.

આ ઘટના બે રાજ્યો, બે દિવસ અને બે સુરક્ષા બળોના જવાનો સાથે જોડાયેલી છે.

પોલીસે બુધવારે આ ચારેયની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જેમાં ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના હસનપુર પોલીસ સ્ટેશનમાં તહેનાત એક સબ-ઇન્સ્પેક્ટર અને એક હેડ કોન્સ્ટેબલ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ(સીઆરપીએફ)ના એક સબ-ઇન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. આ ધરપકડ અપરાધના એક દિવસ પછી કરવામાં આવી હતી. (એજન્સી)■

## એઆઇ માનવો માટે જોખમી, અંકુશ મુકો: યુએનને અરજ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુએન): આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમતા - એઆઇ) માટે કામ કરતી વિશ્વની અગ્રણી કંપનીઓના વડાઓએ બુધવારે સંયુક્ત રાષ્ટ્રસંઘને જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજીનો નિરંકુશ અને ઝડપથી થઇ રહેલો વિકાસ માનવજાત માટે જોખમી છે. તેના પર જલદી નિયંત્રણ મૂકીને દુનિયાને અને તેના લોકોને બચાવી લેવા જોઇએ.

એન્થ્રોપિકના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર ડેરિયો એમોડેઇએ જણાવ્યું હતું કે જો એઆઇ ટૅક્નોલૉજી પર જરૂરી અંકુશ નહિ રખાય, તો તે આખી માનવજાત માટે જોખમી બની જશે. એન્થ્રોપિકની હરીફ કંપની ઑપનએઆઇના સીઇઓ સૅમ ઑલ્ટમેને પણ આ વાતને સમર્થન આપતા જણાવ્યું હતું કે આપણે એઆઇ પર ભવિષ્યમાં નિયંત્રણ ગુમાવી દઇશું અને તે માનવજાત માટે જોખમી સાબિત થઇ શકે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ સમક્ષ બુધવારે જુબાની આપી હતી. બન્નેએ જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજી બહુ જ શક્તિશાળી બનીને નિરંકુશ બની જાય, તે પહેલાં તેને આગળ વધતા રોકવા માટેની યંત્રણા તૈયાર કરવી જોઇએ. તેઓએ જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજી કોઇ એક કંપની કે દેશ પૂરતી મર્યાદિત નથી. આ ટૅક્નોલૉજી ખરેખર તો માનવજાતના લાભાર્થે વિકસાવાઇ હતી,

(જુઓ પાનું ૨) ▸▸

## ગમે તેટલી સત્તા મળે તોય સેવાના માર્ગ પરથી અમે વિચલિત નહીં થઈએ: મોદી

દેવાસ (મધ્ય પ્રદેશ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે સેવા એ ભાજપનાં શાસન અને મૂલ્યોનો મુખ્ય આધાર રહ્યો છે. રાજકારણમાં ગમે તેટલી સત્તા પ્રાપ્ત થાય તો પણ તેઓ ક્યારેય આ માર્ગથી વિચલિત નહીં થાય. તેમણે રાજકારણ અને ચૂંટણીઓ કરતાં રાષ્ટ્રનિર્માણ અને દેશના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના પોતાની પાર્ટીના સંકલ્પનો પુનરોચ્ચાર કરતાં તેમણે કહ્યું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ સાકાર કરવામાં યુવાનો મહત્વની ભૂમિકા ભજવશે.

ગુજરાતના વડનગરથી ઉત્તર પ્રદેશના વારાણસી સુધી યોજાઈ રહેલી 'સેવા સંકલ્પ યાત્રા'ના સહભાગીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ સાધતા મોદીએ કહ્યું કે, ''રાજકારણ, ચૂંટણી અને શાસનનું પોતાનું સ્થાન છે, પરંતુ અમે રાષ્ટ્રનિર્માણ અને ભારતના વિકાસના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ.'' વિવિધ રાજ્યોના યુવાનોની ભાગીદારીવાળી આ યાત્રા મોદીના

(જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં એક લાખ કરોડથી પણ વધુનું રોકાણ કરશે અદાણી જૂથ

કોલકાતાઃ અદાણી સમૂહના ચૅરમૅન ગૌતમ અદાણીએ પશ્ચિમ બંગાળ માટે એક મોટી રોકાણ યોજનાનો પ્લાન રજૂ કર્યો છે. સમૂહ ૨૦૩૫ સુધીમાં બંગાળમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવાની યોજના ધરાવતું હોવાની જાહેરાત સમૂહના ચૅરમૅન ગૌતમ અદાણીએ ગુરુવારે કરી હતી.

આ રોકાણ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવશે. જેમાં બંદર, લોજિસ્ટિક્સ, વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન, રસ્તાઓ, પુલો અને રૉપ-વે, ગ્રીન સિમેન્ટ અને હાઇપરસ્કેલ ડૅટા સેન્ટર જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ જાહેરાતથી પશ્ચિમ બંગાળમાં સમૂહની હાજરી વધુ વ્યાપક બનવાની સંભાવના છે.

કોલકાતા નજીક ન્યૂ ટાઉન વિસ્તારમાં બે હજાર બેડની હૉસ્પિટલના શિલાન્યાસ કાર્યક્રમ દરમિયાન ગૌતમ અદાણીએ આ જાહેરાત કરી હતી. આ દરમિયાન સભાને સંબોધતા અદાણીએ જણાવ્યું હતું કે સમૂહ મલ્ટિ-સ્પેશ્યાલિટી 'અદાણી

(જુઓ પાનું ૨) ▸▸

## ભાદરવી તાપથી કચ્છ કાળઝાળ: ભુજ ૩૯.૫ ડિગ્રી સાથે સતત ત્રીજા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાદરવા મહિનાના મધ્યાહ્ને કચ્છમાં જાણે કાળઝાળ ઉનાળાનું પુનરાગમન થયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મહત્તમ પારો ૪૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં સરહદી જિલ્લાનું જનજીવન આકરા તાપ અને બફારાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યું છે. ચોમાસાની સત્તાવાર વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે નજીકના ભવિષ્યમાં પણ આ અસહ્ય ગરમીમાંથી મુક્તિ મળે તેવાં કોઈ એંધાણ દેખાતાં નથી.

જિલ્લા મથક ભુજ ખાતે મહત્તમ તાપમાનમાં વધુ એક ડિગ્રીનો વધારો થતાં પારો ૩૯.૫ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો હતો. આ સાથે ભુજ સતત ત્રીજા દિવસે સમગ્ર ગુજરાત રાજ્યનું સૌથી ગરમ મથક નોંધાયું હતું. સવારે ૧૦ વાગ્યાથી જ આકરા સૂર્યપ્રકોપની શરૂઆત થઈ ગઈ હતી, જે છેક સૂર્યાસ્ત સુધી યથાવત્ રહી હતી. રાત્રિનું લઘુતમ તાપમાન પણ ૨૬ થી ૨૭ ડિગ્રી જેટલું ઊંચું રહેતાં રાત્રિના સમયે પણ લોકોને અસહ્ય ઉકળાટમાંથી સહેજ પણ રાહત મળી નહોતી. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ સપ્ટેમ્બર માસ દરમિયાન ભુજમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીના આંકને વટાવી ચૂક્યો છે.

અંજાર અને ગાંધીધામ સંકુલને આવરી લેતા કંડલા (એરપોર્ટ) વિસ્તારમાં પણ પારો ઊંચકાઈને ૩૮.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજ્યમાં ભુજ અને ડીસા બાદ કંડલા (એ.) ત્રીજું સૌથી ગરમ મથક બન્યું હતું. આ ઉપરાંત કંડલા પોર્ટ ખાતે ૩૬.૫ ડિગ્રી અને નલિયામાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. વાતાવરણમાં પવનની ગતિ મંદ પડી જવાના કારણે તાપ અને બફારાની તીવ્રતા બમણી અનુભવાઈ રહી હતી. બપોરના સમયે માર્ગો સૂમસામ બન્યા હતા.

દરમ્યાન, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાયની પ્રક્રિયા વિધિવત રીતે શરૂ થઈ ચૂકી છે અને કચ્છમાંથી પણ ચોમાસું વિદાય લે તે માટેનાં કુદરતી પરિબળો સાનુકૂળ બન્યાં છે. આગામી સપ્તાહ દરમિયાન કચ્છમાં સામાન્ય રીતે હવામાન સૂકું રહેવાની શક્યતા છે. ■

## મેંદરડાના દેડકિયાળીમાં કંપારી છૂટે તેવી ઘટના: ફળિયામાં રમતી પાંચ વર્ષની બાળકીને દીપડો ભરખી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ / મેંદરડાઃ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લા હેઠળ આવતા મેંદરડા તાલુકાના દેડકિયાળી ગામે એક હૃદયદ્રાવક ઘટના ઘટી હતી. ગામની બાજુમાં આવેલી વાડીના ફળિયામાં રમી રહેલી પાંચ વર્ષની માસૂમ બાળકીને ખૂનખાર દીપડો ઉઠાવીને ખેતરમાં ખેંચી ગયો હતો. વન વિભાગની વિલંબિત કામગીરીથી કોપાયમાન થયેલા ગ્રામજનો અને પરિવારજનોએ દીપડાને પાંજરે ન પુરાય ત્યાં સુધી બાળકીનો મૃતદેહ સ્વીકારવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો.

મળતી વિગતો અનુસાર, દેડકિયાળી ગામના થોભણભાઈ કોરાટની વાડીમાં છેલ્લા બે વર્ષથી ભાગિયા તરીકે રહીને મજૂરી કામ કરતા દેવીપૂજક સમાજના પરિવારની પાંચ વર્ષની માસૂમ દીકરી રાત્રે આશરે સાડા આઠ વાગ્યાના અરસામાં ઘરની સામે ફળિયામાં રમી રહી હતી. તે જ સમયે ધસી આવેલા માનવભક્ષી દીપડાએ બાળકી પર હુમલો કરી તેને સોયાબીનના ખેતરમાં ઉઠાવી ગયો હતો. સ્થાનિક ગ્રામજનોએ વન ખાતાની ગંભીર બેદરકારી સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે બનાવ બન્યા બાદ તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી, પરંતુ મેંદરડા અને દેવડિયા રેન્જના અધિકારીઓ વચ્ચે હદ નક્કી કરવામાં જ બે કલાક જેટલો સમય વેડફાઈ ગયો હતો. ઘટનાના આશરે અઢી કલાક બાદ વન વિભાગની ટીમ પૂરતા સાધનો વિના ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં શોધખોળ દરમિયાન સોયાબીનના ખેતરમાંથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકામાં જિનપિંગને અભૂતપૂર્વ આવકાર, ચીનની તાકાતનો સ્વીકાર

**ચીનના** પ્રમુખ શી જિનપિંગ અમેરિકા પહોંચી ગયા છે અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જિનપિંગને મેરીલેન્ડના જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે જે આવકાર આપ્યો એ ઘણું બધું કહી જાય છે. જિનપિંગ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ને બુધવારે અમેરિકાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે મેરીલેન્ડ પહોંચ્યા ત્યારે જિનપિંગને આવકારવા માટે અમેરિકાના પ્રમુખ પોતે સજોડે એરપોર્ટ પર હાજર હતા. સામાન્ય રીતે અમેરિકાના પ્રમુખ બીજા દેશના વડાને આવકારવા માટે એરપોર્ટ પર નથી જતા પણ વિદેશ મંત્રી જાય છે. રોમન કેથોલિક સંપ્રદાયના વડા પોપ સિવાય બીજા કોઈ દેશના વડાને આવકારવા માટે અમેરિકાના પ્રમુખ એરપોર્ટ પર હાજર રહ્યા હોય એવું છેલ્લે ૧૯૬૨માં બનેલું. અમેરિકાના પ્રમુખ જહોન એફ. કેનેડી બ્રિટનના વડા પ્રધાન હેરોલ્ડ મેકમિલનને આવકારવા માટે એરપોર્ટ પર ગયા પછી કોઈ અમેરિકન પ્રમુખ બીજા દેશના વડાને આવકારવા એરપોર્ટ નહોતા ગયા.

જિનપિંગને આવકારવા માટે ટ્રમ્પ પોતે પ્રોટોકલ તોડીને એરપોર્ટ પર તો પહોંચ્યા જ પણ જિનપિંગ તેમનાં પત્ની પેંગ લિયુઆન સાથે વિમાનમાંથી નીચે ઊતરતા હતા ત્યારે લાલ જાજમ પર તેમને આવકારવા માટે પ્લેનની બાજુમાં ઊભા પણ રહ્યા. ટ્રમ્પે પોતાની સાથે ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પને પણ હાજર રાખ્યાં. જિનપિંગે અમેરિકાની ધરતી પર પધરામણી કરી ત્યારે આર્મીએ સલામી પણ આપી. જિનપિંગના સ્વાગતમાં મિલિટરી બેન્ડ પણ તૈનાત હતું ને છેલ્લે ઇ-૧ બોમ્બર વિમાને ગર્જના સાથે ફલાયઓવર એટલે કે ઉડ્ડયન કરીને જિનપિંગને ફરી સલામી આપી. એ પછી ૧૦૦ મીટર લાંબી લાલ જાજમ પર ટ્રમ્પ જિનપિંગને છેક કાર લગી બેસાડવા પણ ગયા. જિનપિંગને અપાયેલો આવકાર જોતાં એવું જ લાગે કે, આખું અમેરિકા જિનપિંગનાં પગોમાં આળોટી ગયું છે.

અમેરિકામાં જિનપિંગને મળેલો આવકાર અભૂતપૂર્વ છે ને આપણે જિનપિંગને આવો ભવ્ય આવકાર કેમ મળ્યો એ વિચારવાની જરૂર છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૪થી અત્યાર લગી ૧૦ વાર અમેરિકાના પ્રવાસે ગયા પણ એક પણ વાર અમેરિકાના પ્રમુખ તેમને આવકારવા માટે એરપોર્ટ પર નથી આવ્યા. બલ્કે છેલ્લે ૨૦૨૫માં તો મોદી અમેરિકા ગયા ત્યારે તો અમેરિકાની સરકારમાંથી પણ કોઈ તેમને આવકારવા નહોતું આવ્યું. અમેરિકામાં ભારતના રાજદૂત ને દૂતાવાસના અધિકારીઓ સિવાય કોઈ એરપોર્ટ પર નહોતું.

મોદીની અમેરિકા યાત્રામાંથી મોટા ભાગની યાત્રા દરમિયાન ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ હતા ને મોદી ટ્રમ્પને ને ટ્રમ્પ મોદીને ડીયર ફ્રેન્ડ કહીને ઓવારણાં લેતાં થાકતા નથી પણ સમ ખાવા પૂરતા એક પણ વાર ટ્રમ્પ મોદીને આવકારવા માટે એરપોર્ટ પર નથી આવ્યા. ભક્તજનોને થોડી અકારી વાગે એવી વાત એ છે કે, અત્યારલગી બે વાર જ એવું થયું છે કે, ભારતના વડા પ્રધાનને આવકારવા માટે અમેરિકાના પ્રમુખ એરપોર્ટ પર આવ્યા હોય ને બંને વાર વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ હતા. નહેરૂ ૧૯૪૯માં પહેલી વાર અમેરિકા ગયા ત્યારે પ્રમુખ હેરી એસ. ટ્રુમેન તેમને આવકારવા એરપોર્ટ પર આવેલા. ૧૯૬૧માં નહેરૂ અમેરિકા ગયા ત્યારે પ્રમુખ જહોન એફ. કેનેડીએ પોતે એરપોર્ટ પર નેહરૂનું સ્વાગત કર્યું હતું. ભારતમાં અત્યારે નહેરૂને ગાળો દેવાની ફેશન ચાલે છે પણ નહેરૂ વડા પ્રધાન હતા ત્યારે અમેરિકા જેવો દુનિયાનો દાદો દેશ પણ તેમને માન આપતો હતો.

ખેર, આ અલગ ચર્ચાનો મુદ્દો છે પણ મૂળ વાત જિનપિંગને મળેલા આવકારની છે. મોદીના શાસનમાં ભારત વિશ્વગુરૂ બની ગયું હોવાના દાવા કરાય છે પણ આ કહેવાતા વિશ્વગુરૂ દેશના વડા પ્રધાનને કદી નથી મળ્યું એવું માન જિનપિંગને મળ્યું એ વૈશ્વિક સ્તરે ચીન આપણા કરતાં અનેક ગણું શક્તિશાળી છે અને અમેરિકા જેવો કોઈને ના ગણકારનારો દેશ પણ હવે ચીનને અવગણી શકતો નથી તેનો વધુ એક પુરાવો છે.

બીજી એક મહત્ત્વની વાત એ છે કે, અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે જાહેરાત કરી છે કે અમેરિકા અને ચીને તેમના વેપાર-સંબંધિત યુદ્ધવિરામને બે મહિના માટે લંબાવવાની સમજૂતી કરી છે. ડોનલ્ડ ટ્રમ્પે ચીનને દબડાવવા માટે ચીનથી આવતા માલ પર અઢીસો ટકા લગી ટૅરિફ લાદવાનું એલાન કર્યું પછી ચીને પણ વળતો પ્રહાર કરીને અમેરિકાના માલ પર એટલું જ ટૅરિફ લાદવાની જાહેરાત કરી નાખી તેથી અમેરિકા ફફડી ગયેલું. અમેરિકાએ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને ચીન સામે શરણાગતિ સ્વીકારી લીધી હતી ને સમજૂતી કરેલી કે, તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ કરીને એકબીજા પર હાલ પૂરતી ટૅરિફ લાદવાની ચળને દબાવી દઈએ.

હવે વધુ બે મહિના માટે સમજૂતી લંબાવવાનો અર્થ એ થાય કે, ચાલુ વર્ષે તો અમેરિકા અને ચીન વચ્ચે વ્યાપાર યુદ્ધ નહીં થાય. જિનપિંગ અને ટ્રમ્પ આ વરસે શેનઝેનમાં અને પછી મિયામીમાં પણ મળવાના છે. હાલની જિનપિંગની ૩ દિવસની મુલાકાત અને એ પછી થમારી આ બે સમિટ લગી બંને દેશો એકબીજા સામે કોઈ પગલાં ના લે ને એ દરમિયાન બંન દેશો વચ્ચે મોટી વ્યાપાર સમજૂતી થઈ જશે એવું અમેરિકાને લાગે છે તેથી આ્ર સમજૂતી લંબાવી છે. અમેરિકાએ હમણાં જ રશિયા અને ઈરાન સાથે વ્યાપાર કરનારા દેશો પર ૧૦૦ ટકા લગી ટૅરિફ લાદવા માટેનો કાયદો બનાવ્યો તેમાં ચીનને બાકાત રાખેલું ને હવે ચીન સાથેની સમજૂતી લંબાવી તેના પરથી જ ચીન અમેરિકા માટે કેટલું મહત્ત્વનું છે એ સાબિત થઈ જાય.

અમેરિકા ચીનને અછોવાનાં કેમ કરે છે એ સમજવા જેવું છે ને ભારત જેવા દેશે તો તેમાંથી બોધપાઠ લેવો જોઈએ. ચીને વાતોનાં વડાં કરવાના બદલે પોતાની તાકાત સાબિત કરી છે. ટેકનોલોજી હોય, મેન્યુફેક્ચરિંગ હોય, ડીફેન્સ પ્રોડક્શન હોય, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હોય કે એનર્જી ઈનોવેશન હોય, ચીન બધે મોરચે અવ્વલ છે અને અમેરિકા તથા યુરોપના દેશોને ટક્કર આપે છે. ચીને પોતાના કુદરતી સંસાધનો અને મેન પાવર બંનેનો અદભુત ઉપયોગ કરીને એવી જબરદસ્ત આર્થિક તાકાત ઊભી કરી છે કે કોઈની પણ જરૂર ના પડે. ચીને અમેરિકા વિરોધી દેશોને ભેગા કરીને અમેરિકા વિરોધી ધરી તો ઊભી કરી જ છે પણ પોતાનું વર્ચસ્વ હોય એવું માર્કેટ પણ ઊભું કર્યું છે. ચીન ધીરે ધીરે પોતાનો પગપેસારો અમેરિકાના વર્ચસ્વવાળા વિસ્તારોમાં પણ કરી રહ્યું છે તેથી અમેરિકાને પોતાનો ગરાસ લૂંટાઈ જવાનો ખતરો લાગે છે તેથી ચીનને પોતાના પડખે લેવા માટે તેને અછોવાનાં કરે છે.

આપણી હાલત ચીનથી સાવ વિપરિત છે. આપણે ચીનની જેમ કશું નક્કર કરવાના બદલે વાતોનાં વડાં કર્યા કરીએ છીએ, કોઈ નવા ફિલ્ડમાં લીડર બનવાના બદલે વિકલ્પ બનવા મથીએ છીએ. આપણે ચીન કરતાં કેટલા પાછળ છીએ તેનો પુરાવો આપણી સેમી કંડક્ટર મોરચે આપણી દોડ છે. ચીન વરસો પહેલાં સેમી કંડક્ટરમાં અવ્વલ બન્યું ને આપણે હવે તેનો વિકલ્પ બનવા મથીએ છીએ. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન-સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૨૫-૯-૨૦૨૬, અનંત ચતુર્દશી, ગણપતિ વિસર્જન**

- ભારતીય દિનાંક ૩, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮

મીસરી રોજ ૧૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
નક્ષત્ર શતભિષા સવારે ક. ૧૧-૨૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૨ સુધી (તા. ૨૬) સુધી, પછી મીનમાં

- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૧-૦૭, રાત્રે ક. ૨૩-૨૬

ઓટઃ સાંજે ક. ૧૭-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૨ (તા. ૨૬)

- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્દશી. અનંત ચતુર્દશી, ઈન્દ્ર ગોવિંદપૂજા (ઓરિસ્સા), ગણપતિ વિસર્જન, પંચક, ભદ્રા પ્રારંભ ક. ૨૩-૦૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ રાહુ- ગ્રહદેવતાનું પૂજન, વરુણદેવતાનું પૂજન, ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, આંબો અને કદંબ વાવવા, અજૈક્ય પાદદેવતાનું પૂજન, સાંસારિક શુભ માંગલિક કાર્યો વર્જ્ય છે, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ પૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, માલ લેવો, બાળકને પ્રથમ દેવદર્શન, નોકરી, દુકાન-વેપારના નિત્ય થતાં કામકાજ, શ્રી સત્યનારાયણ દેવતાનું, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ પાઠ વાંચન. ગણેશ મહિમાઃ આજ રોજ શ્રી ગણેશ મહાપર્વનું સમાપન થાય છે. શ્રી ગણેશ ઓંકારનું જ સ્થૂળ, પ્રત્યક્ષ સ્વરૂપ દર્શાવે છે. ગજમુખ ધરાવનાર શ્રી ગણેશ પરમાત્માના મહિમાને કોઈ વિશિષ્ટ રીતે પ્રગટ કરે છે અને આમ તે ખરેખર પ્રત્યક્ષ બ્રહ્મ જ છે એમ પ્રતીત થાય છે. શ્રી ગણેશની ભક્તિ, કીર્તન, નામસ્મરણ માટેની તક આપતું આ મહાપર્વ હજારો વર્ષથી મહિમાવંત છે. શ્રી ગણેશની ભક્તિ પૂજામાં સર્વ દેવી દેવતાઓનું તત્ત્વ પ્રાપ્ત થાય છે. શ્રી ગણેશ, શ્રી ગણનાયક હોવાથી સર્વકાર્યોના પ્રારંભમાં શ્રી ગણેશનું સ્મરણ, પૂજન, યથાશક્તિ કરવામાં આવે છે. પૃથ્વી પરના સર્વ મનુષ્યને શ્રી ગણેશની ભક્તિનું ફળ ત્વરિત પ્રાપ્ત થાય છે. ભાદ્રપદના ગણેશ ઉત્સવ પૂર્તિ, ગણેશની ભક્તિ ન કરતાં સમગ્ર વર્ષમાં શિવપૂજાની સાથે શ્રી ગણેશ પૂજા પણ જાળવી રાખવી આવશ્યક છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ વિખવાદોથી દૂર રહેવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

---

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૨૬-૯-૨૦૨૬, અંબાજીનો મેળો**

- ભારતીય દિનાંક ૪, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧-૩૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૧-૩૪, મધ્ય રાત્રે ક. ૦૦-૦૦
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૬ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પૂર્ણિમા. પૌષ્ટપદી પૂર્ણિમા,અંબાજીનો મેળો, ઋક ઋક શ્રાવણી ઉપાકર્મ અથર્વવેદી, પૌષ્ઠપદી શ્રાદ્ધ, ગોત્રીરાત્રી વ્રત સમાપ્ત, અન્વાધાન, ખગ્રાસ ચંદ્રગ્રહણ મુંબઈમાં દેખાવાનું છે. સંન્યાસીના ચાતુર્માસ સમાપ્ત, ભાગવત સપ્તાહ સમાપ્ત, શ્રાદ્ધ પ્રારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦-૪૦, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરાફાલ્ગુનીમાં, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્ય પાદ દેવતાનું પૂજન, આંબો વાવવો, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ, લીમડો વાવવો, અહિંર્બુધ્ન્ય ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, દસ્તાવેજ, દુકાન, નોકરી, વેપાર સંબંધિત નિત્ય થતાં કામકાજ, બી વાવવું, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ નામ સ્તોત્ર વાંચન.
- આચમનઃ સૂર્ય-નેપ્ચૂન પ્રતિયુતિ ઉત્સાહ જળવાય રહે, ચંદ્ર-મંગળ ત્રિકોણ કર્મઠ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ મક્કમ મનોબળ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ સ્વાસ્થ્ય જળવાય રહે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચુન યુતિ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ ભાદ્રપદ પૂર્ણિમા યોગ, સૂર્ય નેપ્ચૂન પ્રતિયુતિ થાય છે. બુધ ચિત્રાના તારા સાથે યુતિ કરે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

## ટકરાશું તો બંને પટકાશું

પરસ્પર સન્માન અને અમારી પ્રજાના મહત્ત્વનાં હિતોના આધાર પર અમારી બંને વચ્ચે સાચ્ચી દોસ્તી બંધાઈ છે.

ટ્રમ્પ અને જિનપિંગના વાઇટ હાઉસના કાર્યક્રમનું એક પણ મોટા અમેરિકી ટીવી નેટવર્કે જીવંત પ્રસારણ નહોતું દેખાડ્યું.

જિનપિંગે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, બંને દેશે શાંતિમાં સહઅસ્તિત્વ જાળવવું જોઈએ. મેં વારંવાર કહ્યું છે કે ચીન અને અમરિકા બે મોટા દેશ છે જેમને સહકારમાં ફાયદો છે પણ જો ટકરાશે તો બંને પટકાશે. અમારી વચ્ચે સ્વસ્થ સ્પર્ધા હોવી જોઈએ...એકમેકને પકડી પાડવાની રૅસ હોવી જોઈએ, દંગલ નહીં.

જિનપિંગે જણાવ્યું હતું કે ચીન અને અમેરિકાએ એકબીજાના હરીફ નહીં, પરંતુ ભાગીદાર બનવું જોઇએ. મને વિશ્વાસ છે કે બન્ને દેશ સહકાર વધારવા નવા યુગમાં કોઇ વધુ સારો માર્ગ શોધી કાઢશે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલનિયા ટ્રમ્પે શી અને તેમના પત્ની પેંગ લિયુઆનને બુધવારે મેરિલૅન્ડમાંના જોઇન્ટ બૅઝ એન્ડ્રુસ ખાતે આવકાર્યા હતાં અને વિમાનથી છેક તેમની કાર સુધી લાલ જાજમ પાથરીને તેમનું સ્વાગત કરાયું હતું.

ટ્રમ્પે શીને વિમાનમથકે આવકાર્યા ત્યારે અમેરિકાના હવાઇદળના બૅન્ડે સંગીત વગાડ્યું હતું અને અમેરિકા તેમ જ ચીનના ધ્વજ ફરકાવાયા હતા.

શીએ અગાઉથી લખાયેલા પ્રવચનને વૉશિંગ્ટન ખાતે આગમનના સમયે વાંચતા જણાવ્યું હતું કે હું ચીનની જનતા વતી અમેરિકાના લોકોને શુભેચ્છા પાઠવું છું. ચીન અને અમેરિકા, બન્ને મહાન રાષ્ટ્ર છે અને તેઓના નાગરિકો પણ મહાન છે. બન્ને દેશ ઘણાં લાંબા સમયથી મૈત્રીભર્યા સંબંધ ધરાવે છે અને તેઓનાં હિત પણ એકબીજા સાથે જોડાયેલાં છે. બન્ને દેશ ફરી એકબીજાની સાથે સહકાર સાધીને વધુ સારો વિકાસ કરી શકશે અને તે આખા વિશ્વ માટે લાભદાયક સાબિત થશે.

શી ૨૦૧૫ પછી સૌપ્રથમ વખત વૉશિંગ્ટન આવ્યા છે. ટ્રમ્પ અને શી વચ્ચેની દ્વિપક્ષી મંત્રણામાં પશ્ચિમ એશિયાની લડાઇ, રશિયા - યુક્રેન યુદ્ધ, અવકાશમાં શસ્ત્રોની સ્પર્ધા, અમેરિકા દ્વારા તાઇવાનને વેચવામાં આવતાં શસ્ત્રો જેવા મુદ્દે ચર્ચાવિચારણા થવાની આશા રખાય છે. શીએ જણાવ્યું હતું કે હું અને ટ્રમ્પ ગયા મેમાં દ્વિપક્ષી વ્યૂહાત્મક સ્થિર સંબંધ વધુ દૃઢ બનાવવા માટે સહમત થયા હતા. અમેરિકાના પ્રમુખે ૧૯૬૨ બાદ આ સૌપ્રથમ વખત કોઇ વિદેશી નેતાને વિમાનમથકે જાતે આવકાર આપ્યો હતો. અગાઉ, ૧૯૬૨માં તે વખતના અમેરિકાના પ્રમુખ જહોન એફ. કેનેડીએ બ્રિટિશ વડા પ્રધાન હેરોલ્ડ મેકમિલનને વિમાનમથકે જાતે જઇને આવકાર્યા હતા.

બીજી તરફ, ચીનના વાણિજ્ય મંત્રાલયે ચીન અને અમેરિકાએ ન્યૂ યોર્કમાં યોજાયેલી દ્વિપક્ષી બેઠકમાં એકબીજા પરની ટૅરિફ ઘટાડવા સહિતના અનેક આર્થિક અને વેપારને લગતા દ્વિપક્ષી મુદ્દે સર્વસંમતિ સાધી હોવાનો દાવો કર્યો હતો. બન્ને દેશના પ્રતિનિધિમંડળે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) અંગે સૌપ્રથમ વખત ચર્ચાવિચારણા કરી હતી.

ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તા હે યાડોંગે અહીં પત્રકારોને સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે બન્ને દેશના પ્રતિનિધિમંડળે તાજેતરમાં ન્યૂ યોર્ક ખાતે સલાહમસલતનો આઠમો તબક્કો યોજ્યો હતો અને તે દરમિયાન અનેક આર્થિક અને વેપારને લગતા દ્વિપક્ષી મુદ્દે સર્વસંમતિ સાધવામાં સફળતા મળી હતી.

ચીનના નાયબ વડા પ્રધાન હે લિફેંગ, અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટ અને અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરે રવિવારે ન્યૂ યોર્કમાં યોજાયેલી બેઠકમાં ભાગ લીધો હતો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચેની દ્વિપક્ષી બેઠકની પહેલાં બન્ને દેશના પ્રતિનિધિમંડળે વિવિધ મુદ્દે ચર્ચાવિચારણા કરી હતી તેમ જ સંમતિ સાધી હતી. ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ન્યૂ યોર્કમાં બન્ને દેશના પ્રતિનિધિમંડળ વચ્ચેની મંત્રણા ઉષ્માભર્યા વાતાવરણમાં યોજાઇ હતી. તેઓએ એકબીજા પરની ટૅરિફમાંના ઘટાડા સહિતના આર્થિક અને વેપારને લગતા વિવિધ મુદ્દે સર્વસંમતિ સાધી હતી. ચીન અને અમેરિકાએ દ્વિપક્ષી વેપાર અને રોકાણ વધારવા માટે સહકાર સાધવા ટ્રેડ કાઉન્સિલ અને ઇન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ રચવાનો પણ નિર્ણય લીધો હતો. (એજન્સી)■

## નોએડામાં યમુના

કે વિસ્ફોટના લીધે એન્જિનના લુબ્રિકેટિંગ ઓઇલમાં આગ લાગી હશે અને ત્યારબાદ આગ ઝડપથી ફેલાઇ ગઇ હતી. એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ(એડીએમ) અજિત કુમાર સિંહે પત્રકારોને જણાવ્યું કે આ ઘટના બુધવારે રાત્રે ૧૧-૨૦ વાગ્યાની આસપાસ ઘટી હતી. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. બસમાં ૩૫ મુસાફરો સવાર હતા. આ ઘટનામાં નવ લોકોના મોત નીપજ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રાથમિક સારવાર બાદ ઘાયલોને એક ખાસ વાહનમાં મહોબા લઇ જવામાં આવ્યા હતા. એક મહિલા હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મૃતકોની ઓળખ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે એક નિવેદનમાં કહ્યું કે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમજ બસના ડ્રાઇવર અને કંડક્ટરની ધરપકડ કરવામાં આવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ડ્રાઇવર અને કંડક્ટરની મુસાફરોની સલામતી પ્રત્યે ઇરાદાપૂર્વકની ઘોર બેદરકારી, બેદરકારીભર્યુ કૃત્ય અને સંપૂર્ણ બેજવાબદાર વલણને કારણે લોકોના મોત થયા છે.

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ ઘટનામાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. વડા પ્રધાને મૃતકોના પરિજનોને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. (એજન્સી)■

## દેશદ્રોહી જ્ઞાનેશ કુમાર

કરીને કહ્યું હતું કે તેમણે દેશવિરોધી કૃત્ય કર્યું છે.

રાહુલે દાવો કર્યો હતો કે બધી ચૂંટણીમાં ગેરરીતિ કરાઈ છે. તેમણે એવો સવાલ પણ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ શા માટે એન્ટિ ઈન્કમબન્સી (એટલે કે શાસક પક્ષ વિરોધની લહેર) નડતી નથી.

તેમણે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે ચૂંટણી પંચ મતની રક્ષણ કરનારી સંસ્થા છે. મેં પુરાવા સાથે સાબિત કર્યું છે અને એવી પૂરતી માહિતી છે તે જેથી ૧૦૦ ટકા ખાતરી સાથે કહી શકાય કે લોકસભા ચૂંટણી, ૨૦૨૪, વિધાનસભા ચૂંટણી વગેરેમાં ધાલમેલ કરાય છે.

તેમણે વધુમાં કહ્યું હુતં કે હું રાજકીય કુટુંબમાંથી આવું છું અને મેં રાજકીય કુટુંબમાં પચાસથી વધારે વર્ષ ગાળ્યા છે. ભારતમાં એક મૂળભૂત પરિબળ છે જેને એન્ટિ ઈન્કમબન્સી કહેવામાં આવે છે જે કોઈ પણ સરકારનો ઝડપથી પ્રતિકાર કરે છે. અને આને કોઈને પણ છોડ્યા નથી. શ્રીમતી ઈંદિરા ગાંધી બાંગ્લાદેશ યુદ્ધ જીત્યા અને આ તેમની લોકપ્રિયતાની ચરમસીમા હતી. આમ છતાં એક કે બે વર્ષની અંદર તેઓ વ્યાપક એન્ટિ ઈન્કમબન્સી અને વ્યાપક દબાણને લીધે ચૂંટણી હારી ગયાં હતાં. આ વસ્તુ એક પછી એક નેતા સાથે બની છે.

રાહુલે વધુમાં જણાવ્યું હતું કે આ બાબત કૉંગ્રેસના નેતાઓ સાથે બની છે. આ બાબત પ્રાદેશિક નેતા સાથે બની છે, પરંતુ તે નરેન્દ્ર મોદી સાથે કદી બની નથી. તે અમિત શાહ સાથે કદી બની નથી. તે ભાજપ સાથે બનતી નથી.

રાહુલે નિર્દેશ કર્યો હતો કે ભૂતકાળમાં કૉંગ્રેસે વોટચોરીનો મુદ્દો વારંવાર ઉઠાવ્યો છે, પરંતુ ભારતના સંસ્થાકીય માળખાને એમાં રસ નહોતો.

રાહુલે કહ્યું હતું કે ચૂંટણી પંચના બે કમિશનરો જ્ઞાનેશ કુમાર સામે સવાલ કરી રહ્યા છે. હું તેમની સામે સવાલો કરું છું. આ સવાલોની ઉપેક્ષા કરાય છે. ભારતના લોકો તેમની સામેના તથ્યો સાચા માને છે, પરંતુ સંસ્થાકીય માળખાને આમાં રસ નથી. જ્ઞાનેશ કુમારની પસંદગી બીજા કોઈએ નહીં પરંતુ ભારતના વડા પ્રધાને કરી છે. તેમને અમિત શાહે પસંદ કર્યા છે.

હવે બે ચૂંટણી કમિશનરો કહે છે કે જ્ઞાનેશ કુમાર આપણી વોટિંગ સિસ્ટમમાં ફેલાયેલી અરાજકતા અને નુકસાન માટે જવાબદાર છે. વોટ ચોરી પછી કાનૂન ચોરી થઈ છે. કાનૂન ચોરી પછી સંસ્થા ચોરી થઈ છે. આ શૃંખલા જોવા મળી છે. (એજન્સી)■

## જ્ઞાનેશકુમાર રાજીનામું આપે

સામે સૌથી મોટા જોખમ સમાન છે. ચૂંટણી પંચ કોને મત આપવા દેવો અને કોને નહિ, તે અંગે નિર્ણય લઇ ન શકે. કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપકે સવાલ કર્યો હતો કે જ્ઞાનેશકુમાર અમારો મતાધિકાર છીનવનારા કોણ? તેમની સામે તો ફોજદારી કાર્યવાહી કરવી જોઇએ.

અગાઉ, દેશના ત્રણ ચૂંટણી કમિશનરમાંના બે - સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ દેશમાંની મતદારયાદી સુધારણાની પ્રક્રિયા - સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન સામે અવારનવાર વાંધો ઉઠાવ્યો હોવાનો એક અખબારી અહેવાલમાં દાવો કરાયો હતો. (એજન્સી)■

## સેન્સેક્સમાં ૧૨૪૮

સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩,૫૮૦.૪૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૯૬૨.૯૫ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૬૧૭.૪૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. તેમ જ આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૪૦૪.૯૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૦૬૩.૪૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૩૪૧.૪૬ કરોડની ખરીદી રહી હતી. આમ સ્થાનિક તેમ જ વિદેશી ફંડોની ખરીદીનો અમુક અંશે ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી એકમાત્ર એનટીપીસીનાં શૅરના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તે સિવાયના તમામ શૅરના ભાવ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૫.૪૭ ટકાનો ઘટાડો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એક્સિસ બૅન્કમાં ૪.૬૭ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૪.૦૬ ટકાનો, ઈન્ડિગોમાં ૨.૭૯ ટકાનો, ટ્રેન્ટમાં ૨.૭૫ ટકાનો અને મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૩૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૩.૧૨ ટકાનો અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો કડાકો બોલાયો હતો. ■

## ગમે તેટલી સત્તા મળે

૭૬મા જન્મદિવસ અને ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકેના તેમના જાહેર જીવનના પચીસ વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજવામાં આવી રહી છે. યાત્રાના સહભાગીઓ હાલમાં મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં હતા.

તેમણે કહ્યું કે ''લોકોની સેવા દ્વારા રાષ્ટ્રની સેવા કરવી'' એ તેમના જીવનનો મુખ્ય મંત્ર રહ્યો છે. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ગરીબો, મહિલાઓ, દીકરીઓ, બીમાર લોકો અને આદિવાસીઓ સહિત સમાજના વિવિધ વર્ગોના કલ્યાણ માટે તેમની સરકાર દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓના મૂળમાં 'સેવાભાવ' રહેલો છે.

મોદીએ નોંધ્યું હતું કે વારાણસી અને વડનગર પ્રાચીન શહેરો છે જે જીવંત રહ્યા છે; તેમણે ઉમેર્યું કે એક તેમનું જન્મસ્થળ છે અને બીજું તેમની ''કર્મભૂમિ'' (કર્તવ્યની ભૂમિ) છે.

''ગુજરાતથી દિલ્હી સુધી, સેવા એ અમારી શાસન વ્યવસ્થા અને મૂલ્યોનો મુખ્ય આધાર રહ્યો છે. જ્યારે સેવા શાસનના કેન્દ્રમાં હોય છે, ત્યારે દરેક નીતિના હૃદયમાં 'નાગરિક દેવો ભવઃ'નો સંકલ્પ હોય છે,'' તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

''આપણું આચરણ લોકોને એવું દર્શાવતું હોવું જોઈએ કે રાજકારણમાં ગમે તેટલી સત્તા મળે, આપણો મૂળભૂત માર્ગ સેવા જ રહેશે. આપણે ગમે તેટલી ઊંચાઈએ પહોંચીએ, સેવાના માર્ગથી ક્યારેય વિચલિત થઈશું નહીં,'' તેમ વડાપ્રધાને દ્રઢતાપૂર્વક કહ્યું.

તેમણે 'સેવા સંકલ્પ યાત્રા'માં ભાગ લેનારા યુવાનોને કહ્યું કે, ''આપણે સેવા કરતી વખતે સેવાનો સંદેશ શબ્દો દ્વારા નહીં, પરંતુ સેવા દ્વારા જ પહોંચાડીશું.''

સેવા સંકલ્પ યાત્રા'ના સહભાગીઓએ વડાપ્રધાન સાથે તેમના અનુભવો પણ વહેંચ્યા હતા. એક સહભાગીએ કહ્યું, ''વડાપ્રધાનથી પ્રેરિત થઈને મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લાના એક ગામનું નામ 'મોદી ફળિયા' રાખવામાં આવ્યું છે.'' (એજન્સી)■

## એઆઇ માનવો માટે જોખમી

પરંતુ હવે તેના પર નિયંત્રણ રાખવું મુશ્કેલ બની રહ્યું છે. બ્રિટિશ વિદેશ પ્રધાન એડ મિલિબેન્ડે સલામતી સમિતિને જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજીના નિષ્ણાતો વિશ્વને મોટી આપત્તિમાં સપડાતા રોકવા તાત્કાલિક પગલાં લેવા પર ભાર આપી રહ્યા છે. આપણે તેઓની વાતની અવગણના કરી ન શકીએ, કારણ કે તેઓની વાત સાચી છે.

તેમણે જણાવ્યું હતું કે યુકે આવતા વર્ષે જી-૨૦નું નેતૃત્વ કરવાનું છે અને તેની બેઠકમાં એઆઇ ટૅક્નોલૉજી પર નિયંત્રણ મૂકવા ખાસ ચર્ચાવિચારણા કરાશે અને એઆઇ ટૅક્નોલૉજી વિકસાવવા માટે એક વૈશ્વિક સલામત ધોરણ અપનાવવા પ્રયત્ન કરાશે.

દરમિયાન, વાઇટ હાઉસના વિજ્ઞાન અંગેના સલાહકાર માઇકલ ક્રેટ્સિઓસે જણાવ્યું હતું કે એઆઇ ટૅક્નોલૉજી પરના નિયંત્રણ અંગે ચિંતા કરીને તેનો વિકાસ અટકાવવો ન જોઇએ. સ્વાર્થસાધુ ચંડાળચોકડીની વાતમાં આપણે આવી જવું ન જોઇએ. (એજન્સી)■

## હિંદ મહાસાગર સુધી

બ્રિગેડિયર જનરલ માજિદ ઇબ્ન રઝાએ યુએન જનરલ એસેમ્બલીમાં તેમના પ્રમુખના ભાષણનો ઉલ્લેખ કરતા કહ્યું કે તહેરાનની સંરક્ષણ નીતિ બદલાઈ ગઈ છે.

આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે ઇરાન અને અમેરિકા વચ્ચે ખાસ કરીને પર્શિયન ગલ્ફ, ગલ્ફ ઓફ ઓમાન અને મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોને લઈને તણાવ યથાવત છે. ઇરાની અધિકારીઓએ વારંવાર ચેતવણી આપી છે કે અમેરિકા દ્વારા કોઈપણ નવી લશ્કરી કાર્યવાહીના પરિણામે સમગ્ર ક્ષેત્રમાં અમેરિકન હિતો અને સંપત્તિઓ પર કાર્યવાહી થઈ શકે છે.

ન્યૂઝ એજન્સી એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, સોમવારે ઇરાનના રિવોલ્યુશનરી ગાર્ડે પણ જણાવ્યું હતું કે જો તેમને વધુ ઉશ્કેરવામાં આવશે તો તેઓ તેમની લશ્કરી વ્યૂહરચના અને લક્ષ્યોમાં ફેરફાર કરી શકે છે. ■

## બંગાળમાં એક લાખ કરોડથી

આરોગ્ય મંદિર' પર ૪,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે. આ હૉસ્પિટલનું નામ અદાણી આરોગ્ય મંદિર રાખવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટથી આશરે ૧૦,૦૦૦ લોકો માટે રોજગારની તકો ઊભી થશે. આ હૉસ્પિટલને નોન-પ્રોફિટ મોડલ પર વિકસાવવામાં આવશે. જેના અડધા બેડ આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત રાખવાની યોજના છે. આ સુવિધામાં રિસર્ચ અને કેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે એક મેડિકલ કોલેજ પણ હશે. (એજન્સી)■

# અંબાજી ભાદરવી પૂનમ મેળામાં માત્ર ચાર દિવસમાં ૨૭ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ધામ ખાતે યોજાયેલા ભાદરવી પૂનમના પવિત્ર મહામેળામાં માઈભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. આસ્થાના આ મહાકુંભમાં દૂર-દૂરથી લાખો શ્રદ્ધાળુઓ અને અનેક પગપાળા સંઘો માતાજીના ચરણોમાં શીશ નમાવવા આવી રહ્યા છે. મેળાના પ્રારંભિક ૪ દિવસ દરમિયાન જ અંદાજે ૨૭ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શનનો લાભ લીધો છે, તેમ અહેવાલો જણાવે છે. જ્યારે ૭ દિવસના સમગ્ર મહામેળા દરમિયાન કુલ ૪૦ લાખથી વધુ ભક્તો આવવાની શક્યતા વર્તાઈ રહી છે.



ભાદરવી પૂનમના મેળાના પાંચમા દિવસે પણ અંબાજીનો ચાચર ચોક અને મંદિર પરિસર ભક્તોની ભારે ભીડથી ઉભરાઈ રહ્યો છે. પદયાત્રીઓ માટે અંબાજી તરફ જતા તમામ માર્ગો પર સેવાભાવી સંસ્થાઓ, સ્થાનિક લોકો અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી અનેક સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તો માટે ખાવા-પીવા અને આરામની ઉત્તમ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. સમગ્ર ધામ 'બોલ મારી અંબે, જય જય અંબે'ના જયઘોષથી ગુંજી ઊઠ્યું છે અને ભક્તો ભક્તિમય વાતાવરણમાં લીન જોવા મળી રહ્યા છે. રસ્તામાં આવેલા કેમ્પમાં ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ પણ કરવામાં આવ્યું અને લોકોને સારૂ જમવાનું આપવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી.

લાખોની સંખ્યામાં આવી રહેલા ભક્તોની સુરક્ષા અને સુવિધાને પ્રાધાન્ય આપીને બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા કડક બંદોબસ્ત અને સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

દર્શનની લાઈનોનું વ્યવસ્થિત સંચાલન તેમજ માર્ગો પરની સુવિધાઓથી માઈભક્તો અત્યંત સંતોષ અને ખુશી વ્યક્ત કરી રહ્યા છે. તંત્રની આ શ્રેષ્ઠ વ્યવસ્થાના કારણે ભક્તો સરળતાથી દર્શન કરી શકતા હોવાથી તેઓ વહીવટી કામગીરીની સરાહના કરી રહ્યા છે. ■



તસ્વીર : જીગર પંડ્યા

# ત્રીજા સંતાન માટે ૫૦,૦૦૦ની એફડી, કચ્છ કડવા પાટીદાર સમાજે કરી જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : કચ્છ કડવા પાટીદાર સમાજ (કેકેપીએસ) દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે જે માતા-પિતા ત્રીજા સંતાનને જન્મ આપશે તેમના નામે રૂ. ૫૦,૦૦૦ની ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) કરવામાં આવશે. આ જાહેરાત સમાજના સભ્યોની ઓછી થતી સંખ્યાને ધ્યાનમાં લઈ કરવામા આવ્યું હોવાનું કેકેપીએસ દ્વારા કહેવામાં આવ્યું હતું.

સુરતના કડોદરા ખાતે મળેલી કચ્છ કડવા પાટીદાર સમાજ અને દક્ષિણ ગુજરાત ઝોનની બેઠકમાં ઘટતી વસ્તી અંગે ચિંતા વ્યક્ત કરી એક મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. સમાજના કોઈપણ પરિવારમાં ત્રીજા બાળકનો જન્મ થશે, તો તેને સન્માન સાથે રૂ. ૫૦,૦૦૦ની ફિક્સ ડિપોઝિટ (એફડી) ભેટ આપવામાં આવશે. આ યોજના ૧૩ સપ્ટેમ્બરથી લાગુ કરી દેવાઈ છે.

પાટીદાર સમાજ દ્વારા એક કે બે બાળકોના કારણે કાકા, મામા કે માસી જેવા સંબંધો લુપ્ત ન થાય અને સંયુક્ત પારિવારિક માળખું જળવાઈ રહે તે માટે પરિવારોને વધુ સંતાન માટે પ્રેરિત કરાઈ રહ્યા છે. દીકરા અને દીકરીના જન્મ પ્રમાણ વચ્ચેના તફાવતને સરભર કરવામાં આ યોજના મદદરૂપ બનશે. આજની યુવા પેઢીમાં પરિવારને એક જ સંતાન સુધી મર્યાદિત રાખવાની અથવા સંતાન ન કરવાનો વિચાર વધતો જોવા મળી રહ્યો છે. તેના કારણે સમાજની વસ્તીમાં ઘટાડો થવાની ચિંતા વચ્ચે પરિવારોમાં વધુ સંતાનના જન્મને પ્રોત્સાહન આપવા આ યોજના શરૂ કરવામાં આવી છે. ■

# પ્રોપર્ટીમાં ઊંચા વળતરની લાલચ આપી અમદાવાદના બિલ્ડર સાથે ₹ ૧.૧૫ કરોડની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા બિલ્ડર રવિભાઈ દાતણીયા સાથે રૂપિયા ૧.૧૫ કરોડની કથિત ઠગાઈ થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું હતુ.

વડોદરાના એક શખ્સે પ્રોપર્ટીના ધંધાના વિકાસ માટે રૂપિયાની જરૂર હોવાનું કહી રોકાણ પર મોટા નફાની લાલચ આપી હતી. બિલ્ડર, તેમના પરિવારજનો અને મિત્ર પાસેથી તબક્કાવાર કરોડો રૂપિયા પડાવી લીધા બાદ નાણાં પરત ન આપતા આખરે પીડિત બિલ્ડરે શાહપુર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ફરિયાદ અનુસાર બિલ્ડરના ભાઈ કપિલભાઈ એર ઈન્ડિયામાં નોકરી કરે છે અને વર્ષ ૨૦૨૪માં એરપોર્ટ પર તેમની ઓળખાણ વડોદરાના અંકુરકુમાર જોષી સાથે થઈ હતી. જાન્યુઆરી ૨૦૨૫માં અંકુરે તેના ફોઈના દીકરા દિવ્યાંગકુમાર પ્રવીણભાઈ શુક્લ સાથે મુલાકાત કરાવી હતી. દિવ્યાંગે પ્રોપર્ટી લે-વેચના ધંધામાં ઊંચા વળતરની ખાતરી આપતા રવિભાઈ, તેમના ભાઈ, પિતા અને મિત્ર અંકુરે મળીને જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રૂપિયા ૬૦ લાખ રોકડા તથા ચેક અને આરટીજીએસ મારફતે રૂપિયા ૫૫.૦૫ લાખ મળી કુલ રૂપિયા ૧.૧૫ કરોડનું રોકાણ કર્યું હતું.

સમયમર્યાદા પૂરી થયા બાદ નફો કે મૂળ રકમ ન મળતા રવિભાઈએ નાણાંની ઉઘરાણી કરી હતી, પરંતુ આરોપી બહાના બતાવવા લાગ્યો હતો. કડક ઉઘરાણી બાદ જાન્યુઆરી ૨૦૨૬માં આરોપી દિવ્યાંગે નોટરી સમક્ષ સોગંદનામું કરી બે મહિનામાં તમામ નાણાં ચૂકવી આપવાનો સમજૂતી કરાર કરી આપ્યો હતો. તેમાં પણ મુદત પૂરી થઈ ગઈ પરંતુ રૂપિયા પરત ન મળતા આખરે કંટાળીને બિલ્ડરે પોલીસનો સહારો લીધો હતો. શાહપુર પોલીસે દિવ્યાંગ શુક્લ સામે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. ■

# હવે અમદાવાદમાં આગ ઓલવવા રસ્તા પર ફરતું વાહન તાત્કાલિક આવી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : આગ લાગવાની ઘટના બને ત્યારે ફાયર બ્રિગેડ રિસ્પોન્સ ફક્ત ફાયર સ્ટેશનમાંથી વાહન બહાર નીકળે ત્યારે જ શરૂ થાય છે, પણ હવે આમ ન થતાં અમદાવાદની ફાયર રિસ્પોન્સ સિસ્ટમ એક એવા મોડેલ તરફ આગળ વધી રહી છે જેમાં ફાયર બ્રિગેડનું એક વાહન રસ્તા પર ફરતું હશે તે ફર્સ્ટ રિસ્પોન્સ સિસ્ટમ તરીકે કામ કરશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ના લગભગ ૧૦૦ ફાયર વિભાગના વાહનોને ૧૧૨ ઇમરજન્સી હેલ્પલાઇન સાથે જોડવામાં આવ્યા છે અને જીપીએસ ટ્રેકર, ડિજિટલ ટેબલેટ અને ૩૬૦-ડિગ્રી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ સિસ્ટમ સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર અને ગાંધીનગરમાં પણ શરૂ કરવામાં આવી છે.

સૌથી મોટો ફેરફાર જીપીએસમાં નથી, પરંતુ ફાયર કોલ કેવી રીતે હેન્ડલ કરવામાં આવશે તે છે. જ્યારે કોઈ વ્યક્તિ ૧૧૨ ડાયલ કરે છે, ત્યારે કંટ્રોલ રૂમ આસપાસના વિસ્તારમાં ફાયર વાહનોના લાઇવ લોકેશન જોશે. ફાયર સ્ટેશન છોડવા માટે ટેન્ડરની રાહ જોવાને બદલે, નજીકના ઉપલબ્ધ વાહનને સ્થળ પર ડાયવર્ટ કરવામાં આવશે.

વાહનની અંદરના ટેબ્લેટ પર ડ્રાઇવરને ઘટનાની વિગતો, સ્થાન અને શોર્ટ કટ મળી જશે.

ત્યારબાદ લાઇવ નેવિગેશન ટેન્ડરને ઘટનાસ્થળે લઈ જશે. અગાઉ વાહન મોકલતા પહેલા ૧૦૧ અથવા ૧૧૨ પર આવતા કોલને ફાયર કંટ્રોલ રૂમમાં ટ્રાન્સફર કરવા પડતા હતા. જૂનો ૧૦૧ નંબર હવે સંપૂર્ણપણે ૧૧૨ પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

જ્યારે ટેન્ડર ઘટનાસ્થળે પહોંચશે ત્યારે વાહનમાં આગળ અને પાછળના ભાગને આવરી લેતા કેમેરા હોય છે, સાથે ૩૬૦-ડિગ્રી કેમેરા હોય છે જે પાલડી કંટ્રોલ રૂમમાં દ્રશ્યો સ્ટ્રીમ કરી શકે છે. તેથી અધિકારીઓ કોલર અથવા ફર્સ્ટ રિસ્પોન્સ ટીમના મૌખિક મૂલ્યાંકન પર સંપૂર્ણપણે આધાર રાખવાને બદલે પરિસ્થિતિનું નિરીક્ષણ કરી શકે છે, જેથી તેમને આગની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવે અને તેઓ વધારાની ટીમ કે ટેન્ડર અથવા અન્ય સંસાધનો મોકલી શકે.

આ જ મોડેલ હવે અમદાવાદ સહિત ગુજરાતના છ મુખ્ય શહેરોમાં લાગુ કરવામાં આવ્યું છે, જે પોલીસ એક્શનની સાથે ફાયર સર્વિસિઝ માટે ૧૧૨-આધારિત ઇમરજન્સી રિસ્પોન્સ નેટવર્ક બનાવી આગ ઓલવવાની પ્રક્રિયાને ઝડપી બનાવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ગોલ્ડી બ્રાર ગેંગનો શૂટર આરિફ 'પિસ્તોલ' અમદાવાદમાંથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : પોલીસે જણાવ્યું હતું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ રૂરલ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે મોડી રાત્રે કરેલા ઓપરેશનમાં ગોલ્ડી બ્રાર ગેંગના કથિત ઓપરેટિવ આરિફ ઉર્ફે 'પિસ્તોલ'ની વેજલપુરથી ધરપકડ કરી હતી. આરિફ હત્યાના પ્રયાસ, ગોળીબાર અને ખંડણી સહિતના ૧૧ થી વધુ ગંભીર ગુનાહિત કેસમાં વોન્ટેડ હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તેને ટ્રેક કરવા માટે અનેક સ્થળોએ કરવામાં આવેલા ઓપરેશન બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરિફે કથિત રીતે સિન્ડિકેટ માટે એક ખાસ ઓપરેશનલ લિંક તરીકે કામ કર્યું હતું અને તે બ્રાર વતી દુબઈ દ્વારા સંચાલિત ધમકીભર્યા કોલ અને ખંડણી પ્રવૃત્તિઓમાં સામેલ હતો. પોલીસે જણાવ્યું હતું કે આરિફ વારંવાર પોતાના ઠેકાણા બદલીને અને પોતાની ઓળખ છુપાવીને કાયદાના અમલથી બચી રહ્યો હતો. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ પણ કથિત ખંડણી નેટવર્કના સંબંધમાં તેની શોધ કરી રહ્યું હતું. તેની ધરપકડથી પોલીસે ગેંગના સ્થાનિક સહયોગીઓ અને નાણાકીય લીંક શોધવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. પોલીસે જણાવ્યું હતું કે હાલમાં આરોપીની સંયુક્ત પૂછપરછ ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં ₹ ૫૮૩ કરોડના કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને કુલ રૂ. ૫૮૩.૮૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તની ભેટ આપી હતી. મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નવનિર્મિત આવાસોના ડ્રો અને ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઇઝર તથા ૫૦ જેટલાં જુનિયર ક્લાર્કને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

ભૂપેન્દ્ર પટેલે સૌ નવનિયુક્ત કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના વિવિધ વિભાગોમાં મહત્ત્વનાં તમામ પદો પર સમયસર નિમણૂક થાય તે માટે સરકાર સતત કાર્યરત છે. અમદાવાદ મહાનગરપાલિકાના ઇતિહાસમાં સર્વાધિક ૪૫૦થી વધુ કર્મચારીઓને એક જ દિવસે નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે તમામ નવનિયુક્ત કર્મચારીઓને પ્રામાણિકતાની શીખ આપી હતી. સાથે જ, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેક્નોલોજીના ઉત્તમ ઉપયોગથી પ્રજાજનોની સેવાના સંકલ્પ સાથે સંપૂર્ણ નિષ્ઠા અને ગુણવત્તાયુક્ત કામગીરીનું આહવાન કર્યુ હતું.

શહેરમાં મુખ્ય પ્રધાને રૂ.૨૭૯.૮૦ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં વિવિધ ૬ કામોનાં લોકાર્પણ કર્યા હતા, જેમા વાડજ જંક્શન ફોર લેન ફ્લાયઓવર બ્રિજ, . વેજલપુર - ફોર લેન રેલવે ઓવરબ્રિજ, થલતેજમાં ૩૨૯ ઈડબલ્યુએસ આવાસો, અમદાવાદમાં ૧૫ ફર્સ્ટ રિસ્પોન્સ વ્હીકલ,

અમદાવાદમાં ૧૦ બોટ વિથ એન્જિન, શાહીબાગમાં ૧૦૮ આવાસો અને ૪૬ દુકાનોનું પુનર્વસન, રૂ. ૩૦૪.૦૫ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં ૬ કામોનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. રામાપીર ટેકરા પર રોડ નેટવર્ક, અમરાઈવાડીમાં ૧૮૦૦ મીમી ડ્રેનેજ લાઈનનું રિહેબિલિટેશન, વટવામાં નવું ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન અને રાઈઝિંગ લાઈન, નિકોલમાં એએમટીએસ અને બીઆરટીએસ બસ ચાર્જિંગ સ્ટેશન અને પાર્કિંગ, ત્રાગડમાં બસ ડેપો અને ટર્મિનસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાબરમતી નદી પૂર્વ કિનારાને ટુરિઝમ ટેમ્પલ સર્કિટ તરીકે વિકસાવવાના કામનો સમાવેશ થાય છે. ■

# સુરતમાં સફાઈ કર્મચારીઓ અર્ધનગ્ન હાલતમાં રસ્તા પર ઊતર્યા, જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ગ-૪ ના સફાઈ કર્મચારીઓની કાયમી ભરતી રદ કરી આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પદ્ધતિ અમલમાં મૂકવાના નિર્ણય સામે આજે સફાઈ કામદારો તેમજ સમાજના આગેવાનોએ ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. પ્રાચીન સમયના અત્યાચારો અને અસ્પૃશ્યતાની યાદ અપાવતા આગેવાનો અર્ધનગ્ન હાલતમાં ગળામાં માટીની કુલડી અને પીઠ પાછળ સાવરણો બાંધીને કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવા પહોંચ્યા હતા. તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતા કર્મચારીઓએ જણાવ્યું હતું કે, સરકારે તેમના તમામ હક્કો છીનવીને તેમને રસ્તા પર લાવી દીધા છે, જેથી મજબૂર બનીને તેમણે આ અનોખો વેશ ધારણ કરીને વિરોધ નોંધાવવો પડ્યો છે.

સુરત શહેરને રાત-દિવસ એક કરીને સ્વચ્છ રાખતા સફાઈ કામદારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આ નિર્ણયથી ભારે નારાજગી વ્યાપી ગઈ છે. ખાનગી એજન્સીઓ મારફતે કોન્ટ્રાક્ટ પ્રથા લાદવામાં આવતા સમાજના યુવાનોનું ભવિષ્ય અંધકારમય બનવાની ભીતિ સેવાઈ રહી છે. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે, જે કર્મચારીઓએ પોતાની જાત ઘસીને શહેરને સ્વચ્છ બનાવ્યું છે, આજે તેમને યોગ્ય વળતર આપવાને બદલે કોન્ટ્રાક્ટ પદ્ધતિ થોપી દેવામાં આવી છે. આ પ્રતીકાત્મક વિરોધ મારફતે તેમણે સરકારનું ધ્યાન દોરીને કોન્ટ્રાક્ટ પ્રથા તાત્કાલિક રદ કરી કાયમી ભરતી પુન શરૂ કરવાની માગ કરી હતી.

આ દરમિયાન અર્ધનગ્ન હાલતમાં કલેક્ટર કચેરીમાં પ્રવેશતી વખતે પોલીસે પ્રદર્શનકારીઓને અટકાવતા ભારે બોલાચાલી અને ઘર્ષણ સર્જાયું હતું. પોલીસે જાહેર સ્થળની મર્યાદા જાળવવા જણાવ્યું ત્યારે પ્રદર્શનકારીઓએ આક્રોશભેર કહ્યું હતું કે, આ હકની લડાઈ છે અને સરકારે જ તેમને રસ્તા પર લાવી દીધા છે.

માહોલ ગરમાતા પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અર્ધનગ્ન હાલતમાં રહેલા આગેવાનોની તાત્કાલિક અટકાયત કરી હતી, જ્યારે સાદા વસ્ત્રોમાં સજ્જ અન્ય પ્રતિનિધિઓને આવેદનપત્ર પાઠવવાની મંજૂરી આપી હતી. સફાઈ કામદારોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો કાયમી ભરતીનો નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# સુરત નવી સિવિલ હૉસ્પિટલમાં દોઢ મહિનાના ગાળામાં બીજા ડોક્ટરે આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સુરત નવી સિવિલ હોસ્પિટલની મેડિકલ કોલેજમાં દોઢ મહિનાના ટૂંકા ગાળામાં જ બીજા યુવાન ડોક્ટરે આપઘાત કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

એનાટોમી ડિપાર્ટમેન્ટમાં થર્ડ યરના રેસિડેન્ટ ડોક્ટર તરીકે અભ્યાસ કરતા યોગેન્દ્ર દિલીપ પ્રજાપતિએ બપોરના સમયે ડિસેક્શન હોલમાં જ ધારદાર વસ્તુ વડે ડાબા હાથે અને પગની નસો કાપીને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. આ પહેલા પણ તારીખ ૯ ઓગસ્ટે પણ રેસિડન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી, ત્યાં જ વધુ એક તબીબના આપઘાતથી સમગ્ર સિવિલ કેમ્પસ શોકમય બની ગયું હતું.

મૃતક ડોક્ટર યોગેન્દ્ર પ્રજાપતિ પરિણીત હતા અને તેમની પત્ની જે પોતે પણ હોમિયોપેથી ડોક્ટર છે. તેમની સાથે સિવિલ કેમ્પસ સ્થિત હોસ્ટેલમાં જ રહેતા હતા. એમબીબીએસ પછીની તેમની ત્રણ વર્ષની રેસિડેન્સી પૂર્ણ થવા આવી હતી. મેડિકલ કોલેજના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગત ૧૮ સપ્ટેમ્બરે યોગેન્દ્રની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું, જેમાં તેઓ નાપાસ થતાં ભારે તણાવમાં હતા. જેના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી કોઈ સુસાઇડ નોટ મળી આવી હતી કે કેમ તેમજ આત્મહત્યા પાછળ પરીક્ષામાં નિષ્ફળતા સિવાય અન્ય કોઈ કારણ જવાબદાર છે કે નહીં તે અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. ઉજ્જ્વળ ભવિષ્ય ધરાવતા પરિણીત યુવાન ડોક્ટરે આ રીતે ભયાનક રીતે જીવ ટૂંકાવી લેતાં તબીબી આલમ અને સિવિલ હોસ્પિટલ પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. ■

# કેનેડામાં નોકરી અપાવવાના નામે મહેસાણાના એક પરિવાર સાથે ૪.૯૯ લાખની ઠગાઈ, ત્રણ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મહેસાણાના રાધનપુર રોડ પર રહેતા અને ચતુર્થ સ્ટેજના કેન્સરથી પીડાતા દર્દીના પરિવાર સાથે કેનેડામાં નોકરીએ મોકલવાના બહાને રૂપિયા ૪.૯૯ લાખની સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો બહાર આવ્યો હતો. પીડિત મહિલા સીમાબેન યાદવે આ અંગે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આયોજનબદ્ધ રીતે ઠગાઈ આચરનારા ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી દીધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ફરિયાદની વિગતો મુજબ સીમાબેનના પતિ અજીતસિંહને કેનેડા નોકરી અર્થે જવું હોવાથી પરિચિત રાજુભાઈ પંચાલ અને સચિન પંચાલે બેંક ખાતામાં બેલેન્સ દર્શાવવાના બહાને ઊંઝાની એક્સિસ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. સચિને એટીએમ કાર્ડ, કસ્ટમર આઈડી અને સીમકાર્ડ પોતાની પાસે રાખી લીધા હતા. બાદમાં જાન્યુઆરીમાં મહેસાણાની બેંકના જોઈન્ટ ખાતામાં સીમાબેને રૂપિયા ૪.૯૯ લાખ જમા કરાવ્યા હતા. આરોપીઓએ કસ્ટમર આઈડીનો દુરુપયોગ કરી રજિસ્ટર્ડ નંબર બદલી નાખ્યો હતો અને નેટ બેંકિંગ મારફતે તમામ રકમ વલસાડના પિયુષકુમાર પટેલના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. પોતાના ખાતામાંથી નાણાં ઉપડી ગયાનો મેસેજ આવતા જ પરિવારે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ખાતું બ્લોક કરાવ્યું હતું. સાયબર ક્રાઈમની તપાસ દરમિયાન પિયુષકુમારના ખાતામાંથી રૂપિયા ૧.૭૪ લાખ હોલ્ડ થતાં પીડિત પરિવારે કોર્ટ મારફતે આ રકમ પરત મેળવી લીધી હતી, પરંતુ બાકીના રૂપિયા ૩.૨૫ લાખ હજુ સુધી પરત મળ્યા નથી. વિશ્વાસમાં લઈ છેતરપિંડી આચરવા બદલ સીમાબેને રાજુ પંચાલ, સચિન પંચાલ અને પિયુષ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. ■

# એલઆરડી ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશનની તારીખ નક્કી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રાજ્યમાં ખાખી વર્દી પહેરીને પોલીસ દળમાં જોડાવાના સ્વપ્ન સાથે અથાક પરિશ્રમ કરી રહેલા હજારો યુવાનો માટે હવે સફળતાની આખરી ઘડી આવી પહોંચી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડર (૨૦૨૫-૨૬) ની કુલ ૧૨,૭૩૩ જગ્યાઓ માટે પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણીનો ધમધમાટ શરૂ કરવાની તૈયારીઓ આખરી ઓપમાં છે. આગામી ૩૦ સપ્ટેમ્બરથી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર જેવા પાંચ મુખ્ય શહેરોમાં યોજાનારી આ પ્રક્રિયા ઉમેદવારોના વર્ષોના પરિશ્રમ અને ભવિષ્યની દિશા નક્કી કરશે.

ચકાસણી દરમિયાન ઉમેદવારોએ ઓજસ પોર્ટલ પરથી કૉલ લેટર મેળવવાની સાથે જ પ્રેફરન્સ ફોર્મમાં પોતાની પસંદગીનો ક્રમ સમજી-વિચારીને નોંધાવવો પડશે. બિનહથિયારી, હથિયારી કોન્સ્ટેબલ, જેલ સિપાઈ અને પુરુષ ઉમેદવારો માટે કેડર વચ્ચેની આ પસંદગી જ નક્કી કરશે કે તેમની આગામી સેવાઓ કયા ક્ષેત્રમાં રહેશે. ચકાસણીની આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોએ ભરેલા પ્રેફરન્સ ફોર્મ અને મેરિટના આધારે સંવર્ગ પસંદગીની આખરી યાદી જાહેર કરવામાં આવશે. ■

# દુષ્કાળ અને પાણીની અછતનો ઉકેલ લાવવા રાજ્ય સરકારે નવ પ્રધાનની સ્પેશ્યલ સમિતિ બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં દુષ્કાળજન્ય સ્થિતિ, પાણી અને ઘાસચારાની અછતનો ઉકેલ લાવવા માટે મહારાષ્ટ્ર સરકારે ખાસ પ્રધાન મંડળો ધરાવતી પેટા સમિતિની રચના કરી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશ બાદ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેની અધ્યક્ષતામાં આ સમિતિ બનાવવામાં આવી છે, તેમાં નવ કેબિનેટ પ્રધાનો ઉપરાંત રાજ્યના મુખ્ય સચિવનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૨૨ સપ્ટેમ્બરે મળેલી રાજ્ય પ્રધાનમંડળની બેઠક બાદ આપત્તિ વ્યવસ્થાપન, મદદ અને પુનર્વસન વિભાગે ૨૩ સપ્ટેમ્બરે આ અંગેનો શાસન નિર્ણય જાહેર કર્યો હતો. આ ઉપસમિતિને રાજ્યમાં દુષ્કાળ, પાણીની ટંચાઈ અને ઘાસચારાના સંકટ પર સતત નજર રાખી જરૂરી નિર્ણયો લેવાની જવાબદારી સોંપવામાં આવી છે. સમિતિ અછતગ્રસ્ત વિસ્તારોની જાત મુલાકાત લઈને ખેડૂતો અને ગ્રામજનોને તાત્કાલિક મદદ અંગે જરૂરી કાર્યવાહી કરશે.

સમિતિમાં જળસંપદા અને આપત્તિ વ્યવસ્થાપન પ્રધાન ગિરીશ મહાજન, પાણી પુરવઠા અને સ્વચ્છતા ખાતાના પ્રધાન ગુલાબરાવ પાટીલ, જમીન અને જળ સંવર્ધન ખાતાના પ્રધાન સંજય રાઠોડ, પશુસંવર્ધન તથા પર્યાવરણ ખાતાના પ્રધાન પંકજા મુંડે, કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રામ વિકાસ પ્રધાન જયકુમાર ગોરે, પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક, મદદ અને પુનર્વસન પ્રધાન મકરંદ પાટીલ તથા સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલ પણ આ સમિતિમાં સામેલ છે.

આ સમગ્ર પ્રધાન મંડળની ઉપસમિતિ દર અઠવાડિયે સમીક્ષા બેઠક યોજશે અને અધિકારીઓ પાસેથી રાજ્યની સ્થિતિનો અહેવાલ મેળવશે. પ્રધાનો જરૂરિયાત મુજબ અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને જમીની પરિસ્થિતિની પણ સમીક્ષા કરશે. ખેતરોમાં પાકને થયેલા નુકસાનના પંચનામાની સ્થિતિની તપાસ કરીને ખેડૂતોને વળતર અને અન્ય મદદ અંગે મુખ્ય પ્રધાન તથા બંને નાયબ મુખ્ય પ્રધાનોને પણ ભલામણ કરવામાં આવશે.આ ઉપરાંત દરેક જિલ્લામાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને પીવાના પાણીનું આયોજન કરવામાં આવશે. પશુઓની સંખ્યા પ્રમાણે ચારા ઉપલબ્ધ કરાવવા માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે. જ્યાં તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત હશે ત્યાં ઉપસમિતિ સરકારને ભલામણ કરશે. સમિતિની બેઠકોનું આયોજન અને સમગ્ર કામગીરીનું સંકલન મદદ અને પુનર્વસન વિભાગ દ્વારા કરવામાં આવશે.

## મહારાષ્ટ્ર યુસીસી પેનલ વિવાદઃ જસ્ટિસ ચવ્હાણના રાજીનામા બાદ શત્રુઘ્ન સિંહ બન્યા સિનિયર એડવાઈઝર

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સમાન નાગરિક સંહિતા (UCC) ના ડ્રાફટને લઈને રચાયેલી સાત સભ્યોની ઉચ્ચસ્તરીય પેનલમાં આંતરિક મતભેદો હવે સપાટી પર આવ્યા છે. બોમ્બે હાઈ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ આર. સી. ચવ્હાણે અચાનક રાજીનામું આપ્યાના માત્ર બે દિવસ બાદ મહારાષ્ટ્ર સરકારે નિવૃત્ત આઈએએસ અધિકારી શત્રુઘ્ન સિંહને કમિટીના 'સભ્ય અને વરિષ્ઠ સલાહકાર' તરીકે નિમણૂક કરી છે. શત્રુઘ્ન સિંહ એ જ પૂર્વ અમલદાર છે, જેમની ૧૯ સપ્ટેમ્બરની કમિટી બેઠકમાં બિનસત્તાવાર હાજરી સામે જસ્ટિસ ચવ્હાણે વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દા બાદ તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

જસ્ટિસ ચવ્હાણે પોતાના રાજીનામામાં સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે શત્રુઘ્ન સિંહ કમિટીના સત્તાવાર સભ્ય નહોતા, ત્યારે તેઓ કયા અધિકારને લઈ બેઠકમાં હાજર રહ્યા અને કમિટીને દિશા-નિર્દેશ આપવા લાગ્યા? માહિતી અનુસાર કમિટીના અધ્યક્ષ અને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના દેસાઈએ સિંહને સલાહકાર તરીકે બેઠકમાં આમંત્રિત કર્યા હતા. જોકે, જસ્ટિસ ચવ્હાણનું કહેવું હતું કે બેઠકના એજન્ડા અથવા ઈ-મેલમાં કોઈ બહારની વ્યક્તિની હાજરી અંગે અગાઉથી જાણ કરવામાં આવી નહોતી. મહારાષ્ટ્ર યુસીસી પેનલની બીજી બેઠક દરમિયાન શત્રુઘ્ન સિંહ અચાનક હાજર થયા હતા. બેઠકમાં તેમનો સભ્યો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો અને તેઓ પોતાના સૂચનો આપશે તેમ જણાવાયું હતું. જસ્ટિસ ચવ્હાણે સત્તાવાર પદ વિના કોઈ વ્યક્તિની કમિટી બેઠકમાં ભાગીદારી સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમના મતે આ રીતે કોઈ ત્રીજી વ્યક્તિના હસ્તક્ષેપ નિયમોની દૃષ્ટિએ યોગ્ય નહોતું. વિવાદ ઊભો થયા બાદ રાજ્ય સરકારે સિંહની ભૂમિકાને સત્તાવાર સ્વરૂપ આપ્યું. મીડિયાના અહેવાલ મુજબ, ૨૧ સપ્ટેમ્બરે મહારાષ્ટ્ર સરકારે શત્રુઘ્ન સિંહને કમિટીના 'મેમ્બર-કમ-સિનિયર એડવાઈઝર' તરીકે નિયુક્ત કર્યા હતા.■

## 'વેલકમ' ફેમ એક્ટર મુશ્તાક ખાનનું નિધન, ફિલ્મજગતમાં શોક

મુંબઈઃ બોલિવુડના જાણીતા અભિનેતા મુશ્તાક ખાનનું ૫૬ વર્ષની વયે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી લિવર કેન્સરની બીમારીથી પીડાતા હતા અને મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના તેમણે અંતિમશ્વાસ લીધા હતા. તેમના નિધનના સમાચારથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને તેમના ચાહકોમાં શોકની લાગણી ફેલાઈ છે.

મુશ્તાક ખાન છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. અહેવાલો અનુસાર, તેઓ મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને છેલ્લા ૧૫ દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી. આજે તેમની તબિયત વધુ ગંભીર બનતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ આઈસીયુમાં લઈ જવાયા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પરિવાર તરફથી સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ અભિનેતાની અચાનક એક્ઝિટને લઈ ઈન્ડસ્ટ્રીના લોકોએ શોક વ્યક્ત કર્યો હતો.

મુશ્તાક ખાનને ખાસ કરીને અક્ષય કુમાર અને નાના પાટેકરની ફિલ્મ 'વેલકમ'માં બાલુના પાત્ર માટે યાદ કરવામાં આવે છે. ફિલ્મમાં તેમનું પાત્ર અને કોમિક ટાઈમિંગ દર્શકોને ખૂબ પસંદ આવ્યું હતું. ફિલ્મમાં તેમનો એક યાદગાર સંવાદ પણ લોકપ્રિય થયો હતો. 'વેલકમ' ઉપરાંત તેમણે 'હમ હૈં રાહી પ્યાર કે', 'જોડી નંબર ૧', 'મુઝસે શાદી કરોગી', 'હેરા ફેરી' સહિત અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું.

મુશ્તાક ખાને હિન્દી ફિલ્મો ઉપરાંત ટેલિવિઝન અને અન્ય મનોરંજન પ્રોજેક્ટ્સમાં પણ કામ કર્યું હતું. તેમની કારકિર્દી દરમિયાન તેમણે મુખ્યત્વે સહાયક અને કોમિક ભૂમિકાઓ ભજવી હતી, પરંતુ દરેક પાત્રમાં તેમની અલગ છાપ જોવા મળતી હતી. ફિલ્મોમાં તેમની સરળ અને કુદરતી કોમિક ટાઈમિંગને કારણે તેઓ દર્શકોમાં પરિચિત ચહેરો બની ગયા હતા. તેમની ફિલ્મોગ્રાફીમાં 'સ્ત્રી ૨', 'જાટ', 'ગદર ૨', 'બાલા', 'બધાઈ દો' અને અન્ય ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે.

મુશ્તાક ખાને પોતાની લાંબી કારકિર્દીમાં અનેક યાદગાર પાત્રો ભજવીને દર્શકોનું મનોરંજન કર્યું હતું. ખાસ કરીને કૉમેડી અને સહાયક ભૂમિકાઓમાં તેમની અલગ ઓળખ હતી. તેમના નિધનના સમાચાર સામે આવ્યા બાદ ફિલ્મ જગત અને ચાહકોમાં શોકની લાગણી જોવા મળી રહી છે. તેમના પરિવાર તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી હોવાનું પણ કેટલાક અહેવાલોમાં જણાવાયું છે. ■

## રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના જન્મોત્સવ નિમિત્તે શનિવારે વિશેષ ગુરુભક્તિનું આયોજન

મુંબઈઃ જેમનું જીવન અનેક માટે કલ્યાણનું કારણ બન્યું છે અને જેમની કરુણાએ અનેક જીવનમાં પરિવર્તનનો પ્રકાશ પાથર્યો છે, એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ૫૬મા જન્મોત્સવ નિમિત્તે ઘાટકોપર ખાતે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦થી ૯:૦૦ વાગ્યા સુધી વિશેષ ગુરુભક્તિ ઘણું જીવો- પરમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ ગુરુભક્તિમાં ઈઅ દેવાંશભાઈ દોશી, જૈનમભાઈ વારિયા અને હર્ષિતભાઈ શાહ દ્વારા ગુરુભક્તિ કરાવવાંમાં આવશે. સંગીત, ભાવ અને ભક્તિના સુંદર સમન્વય સાથે યોજાનાર આ કાર્યક્રમમાં ભાવિકો ગુરુદેવના ચરણોમાં ગુરુભક્તિ અર્પણ કરશે.

આરાધ્ય ભક્તિ પાર્ક, હોકી ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન એક્સ્ટેન્શન, ઘાટકોપર (પૂર્વ) ખાતે આ ગુરુભક્તિનો અવસર યોજાશે. આગામી રવિવારે ૨૭ સપ્ટેમ્બરના સવારે ૯ કલાકે માનવતા મહોત્સવ અંતર્ગત અનેક માનવતા સેવા - જીવદયાના કાર્યો સાથે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના યોજાશે. ■

## પશ્ચિમ, સેન્ટ્રલ અને હાર્બર લાઈન પર મિડનાઈટ સ્પેશ્યલ લોકલ અને મેટ્રો-૩

મુંબઈઃ અનંત ચતુર્દશીના દિવસે ગણપતિ બાપ્પાના વિસર્જન માટે ગિરગાંવ ચોપાટી, દાદર, જુહુ, મરીન ડ્રાઈવ અને નરીમન પોઈન્ટ સહિતના દરિયાકિનારે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. મોડી રાત સુધી ચાલતા વિસર્જન બાદ ઘરે પરત ફરતા ભક્તોની સુવિધા માટે રેલવે પ્રશાસને વિશેષ આયોજન કર્યું છે.

પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે અને હાર્બર લાઈન પર ૨૫મી અને ૨૬મી સપ્ટેમ્બરના મધરાતે વધારાની સ્પેશ્યલ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. આ સાથે જ ભીડ નિયંત્રણ અને મુસાફરોની સુરક્ષા માટે ચર્નીરોડ સ્ટેશન પર મહત્વના નિયમો લાગુ કરાયા છે.

**પશ્ચિમ રેલવે દોડાવશે ૧૨ સ્પેશ્યલ સ્લો લોકલ ટ્રેનઃ** ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ ચર્ચગેટ અને વિરાર વચ્ચે કુલ ૧૨ સ્પેશ્યલ સ્લો લોકલ દોડશે જેમાં ચર્ચગેટથી વિરાર માટે રાત્રે ૧:૧૫ વાગ્યે, રાત્રે ૧:૪૫ વાગ્યે, રાત્રે ૨:૧૫ વાગ્યે, રાત્રે ૨:૫૫ વાગ્યે, રાત્રે ૩:૧૫ વાગ્યે, મોડી રાત્રે ૩:૪૫ વાગ્યે રવાના થશે. જ્યારે વિરારથી ચર્ચગેટ માટે રાત્રે ૧૨:૧૫ વાગ્યે, રાત્રે ૧૨:૩૦ વાગ્યે, રાત્રે ૧:૧૦ વાગ્યે, રાત્રે ૧:૩૦ વાગ્યે, રાત્રે ૨:૦૦ વાગ્યે અને મોડી રાત્રે ૩:૦૦ વાગ્યે રવાના થશે.

**મધ્ય રેલવેઃ સીએસએમટીથી થાણે-કલ્યાણ મિડનાઇટ સ્પેશ્યલઃ** સીએસએમટીથી કલ્યાણ/થાણે (ડાઉન ટ્રેન):

રાત્રે ૧:૪૦ વાગ્યે સીએસએમટીથી ઉપડશે અને રાતે ૩.૧૦ કલાકે કલ્યાણ પહોંચશે.

રાત્રે ૨:૩૦ વાગ્યે સીએસએમટીથી ઉપડશે વહેલી સવારે ૩.૩૦ કલાકે થાણે પહોંચશે.

વહેલી સવારે ૩:૨૪ વાગ્યે સીએસએમટીથી ઉપડશે અને સવારે ૫ વાગ્યે કલ્યાણ પહોંચશે.

**કલ્યાણ/થાણેથી સીએસએમટી (અપ ટ્રેન):**

કલ્યાણથી રાત્રે ૧૨:૦૫ વાગ્યે ઉપડશે રાતે ૧.૩૦ કલાકે સીએસએમટી પહોંચશે.

થાણે રાત્રે ૧:૦૦ વાગ્યે ઉપડશે રાતે ૨ વાગ્યે સીએસએમટી પહોંચશે.

થાણેથી રાત્રે ૨:૦૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૩ વાગ્યે સીએસએમટી પહોંચશે.

**હાર્બર લાઈનઃ સીએસએમટી - પનવેલ સ્પેશ્યલ સર્વિસઃ**

**સીએસએમટીથી પનવેલ (ડાઉન ટ્રેન):** રાત્રે ૧:૩૦ વાગ્યે સીએસએમટીથી ઉપડશે અને પનવેલ રાત્રે ૨:૪૫ પહોંચશે.

રાત્રે ૨:૩૫ વાગ્યે સીએસએમટીથી ઉપડશે અન ૨.૫૦ કલાકે પનવેલ પહોંચશે.

**પનવેલથી સીએસએમટી (અપ ટ્રેન):** રાત્રે ૧:૦૦ વાગ્યે પનવેલથી ઉપડશે રાત્રે ૨:૧૦ સીએસએમટી પહોંચશે.

રાત્રે ૧:૪૫ વાગ્યે પનવેલથી ઉપડશે અને રાત્રે ૩:૦૫ વાગ્યે સીએસએમટી પહોંચશે.

**મુંબઈ મેટ્રો લાઈન ૩ પણ આખી રાત દોડશેઃ** ગણેશ વિસર્જનમાં સામેલ થવા અને બાપ્પાને વિદાય આપવા નીકળેલા શ્રદ્ધાળુઓ કોઈપણ મુશ્કેલી વિના સલામત રીતે અવરજવર કરી શકે તે માટે મેટ્રો લાઇન ૩ પર ૨૪ કલાક નોન-સ્ટોપ સેવાઓ ઉપલબ્ધ રહેશે. ■

## બાળકો સહિત તાબામાં લેવાયેલાઓની જાહેરમાં પરેડઃ ૧૮ પોલીસ વિરુદ્ધ ગુનો

પુણેઃ બાળકો સહિત અટકાયતમાં લેવાયેલા અમુક લોકોની કસ્ટડીમાં મારઝૂડ, ગેરકાયદે અટકાયત અને જાહેરમાં અમાનિત કરવાના પ્રકરણની રાજ્ય માનવાધિકાર પંચ દ્વારા નોંધ લેવાયા પછી પુણેના ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૮ પોલીસ અધિકારી વિરુદ્ધ ગુરુવારે બે એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ સંકેત સતીશ ગોસાવીની ફરિયાદને આધારે આ ગુના નોંધવામાં આવ્યા હતા. નવમી સપ્ટેમ્બરે પંચે આપેલા આદેશ અને રાજ્યના પોલીસ વડાના નિર્દેશને પગલે આ કાર્યવાહી કરાઈ હતી.

૨૧ જુલાઈએ બાળકો સહિત અમુક લોકોની કસ્ટડીમાં મારપીટ, ગેરકાયદે અટકાયત, જાહેરમાં પરેડ કાઢવા વાહનના બોનેટ પર બાંધવા બદલ પુણેના ટોચના પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની ભલામણ નવમી સપ્ટેમ્બરે પંચે કરી હતી.

પોલીસ વાહનના બોનેટ પર ત્રણ બાળકને બાંધવામાં આવ્યા પછી આંબેગાંવ પાથર પોલીસ આઉટપોસ્ટ તરફ જતા રસ્તા પર તેમની પરેડ કાઢવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## ૨૦૧૬ના મુંબઈ યુનિવર્સિટી લાઈબ્રેરી કોન્ટ્રેક્ટ કેસમાં મહારાષ્ટ્રના પ્રધાન છગન ભુજબળ નિર્દોષ

મુંબઈઃ મુંબઈ યુનિવર્સિટીની સેન્ટ્રલ લાઈબ્રેરીનો કોન્ટ્રેક્ટ આપવાની અવેજીમાં કથિત રીતે લાંચ લેવામાં આવી હોવાના આરોપમાંથી વિશેષ અદાલતે મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપીના નેતા છગન ભુજબળને નિર્દોષ જાહેર કર્યા હતા.

કલિનાના જમીન કૌભાંડ કેસમાં મહારાષ્ટ્રના પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા છગન ભુજબળને મોટી રાહત મળી છે. ગુરુવારે વિશેષ અદાલતે ભુજબળ સહિત અન્ય લોકોને કેસમાંથી ક્લિન ચિટ આપી દીધી હતી. ભુજબળ સામે વિશેષ અદાલતમાં પેન્ડિંગ હોય તેવો આ છેલ્લો કેસ હતો.

આ અગાઉ પણ ભુજબળને મહારાષ્ટ્ર સદન, દિલ્હી અને નવી મુંબઈના એક હાઉસિંગ પ્રોજેક્ટના બાંધકામ સાથે જોડાયેલા કથિત કમિશન અને નાણાકીય ગેરરીતિના કેસોમાં રાહત મળી હતી. કલિના જમીન કેસમાંથી ક્લિન ચિટ મળ્યા બાદ હવે વિશેષ અદાલતમાં તેમની સામેનો આ છેલ્લો પેન્ડિંગ કેસ પણ સમાપ્ત થયો છે.

અત્રે ઉલ્લાખનીય છે કે જમીન કૌભાંડનો આ મામલો ૨૦૧૬નો છે. એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ કલિનામાં આવેલી એક કિંમતી જમીનની ફાળવણીમાં કથિત ગેરરીતિને લઈને છગન ભુજબળ અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો. આ જમીન એક જાણીતા ડેવલપરને લાઇબ્રેરીના બાંધકામ માટે ફાળવવામાં આવી હોવાનો આરોપ હતો.

તે સમયે ભુજબળ મહારાષ્ટ્રના જાહેર બાંધકામ ખાતા (પીડબ્લ્યુડી)ના પ્રધાન હતા. આરોપ હતો કે તેમણે અન્ય આરોપીઓ સાથે મળીને પોતાના સરકારી હોદ્દાનો દુરુપયોગ કરીને વ્યક્તિગત લાભ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તેમની સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા ઉપરાંત ભારતીય દંડ સંહિતાની છેતરપિંડી અને બનાવટ સંબંધિત કલમો હેઠળ પણ કેસ નોંધવામાં આવ્યો હતો.

એસીબીની ચાર્જશીટમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આરોપીઓએ અગાઉથી નક્કી કરેલી યોજના મુજબ રાજ્ય સરકારને ગેરમાર્ગે દોરી હતી અને કલિનાની કિંમતી જમીનની ફાળવણીમાં ગેરરીતિ કરી હતી. આ પ્રક્રિયાના કારણે સરકારને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો પણ આરોપ ચાર્જશીટમાં કરવામાં આવ્યો હતો. જાહેર બાંધકામ ખાતાએ કથિત રીતે ૨૦૦૯માં બહાર પાડેલા ટેન્ડરમાં પ્લોટના એક હિસ્સામાં લાઈબ્રેરી બાંધવાની હતી અને પ્લોટનો બાકીનો મોટો ભાગ જાણીતા ડેવલપરને એક રૂપિયો પ્રતિ ચોરસ મીટરના દરે ૯૯ વર્ષ માટે લીઝ પર આપવામાં આવ્યો હતો. એસીબીનો દાવો હતો કે આ કૃત્ય ગેરકાયદે હતું.

જોકે, હવે વિશેષ અદાલતે છગન ભુજબળ અને અન્ય આરોપીઓને આ કેસમાંથી ક્લિન ચિટ આપી દીધી છે. આ સાથે ભુજબળ સામે વિશેષ અદાલતમાં ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિ સંબંધિત કેસોમાં તેમને વધુ એક મોટી કાનૂની રાહત મળી છે. ■

## દીવાલ તૂટી પડતાં ત્રણ કર્મચારીનાં મોત

પાલઘરઃ રબરનું ઉત્પાદન કરતા કારખાનાની દીવાલ તૂટી પડતાં ત્રણ કર્મચારીએ જીવ ગુમાવ્યા હોવાની ઘટના પાલઘર જિલ્લાના વાડા ખાતે બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ પાલી પોશેરી ગામમાં વિક્રમગડ-વાડા રોડને અડીને આવેલી ટીના રબર ફેક્ટરીની દીવાલ ગુરુવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ તૂટી પડી હતી. કારખાનાની અંદરની દીવાલ તૂટી પડવાને કારણે કાટમાળ નીચે કેશવ ગુનગુના (૫૫), રંજના કોમ્બ (૩૫) અને મીરા ગવળી (૬૦) દટાઈ ગયાં હતાં. ■

## સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર ચૂંટણીમાં એઆઇએમઆઇએમના ધારાસભ્યની પસંદગીને પડકારતી અરજીઓ ફગાવી દીધી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં માલેગાંવ સેન્ટ્રલ મતવિસ્તારમાંથી એઆઇએમઆઇએમના મુફતી મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ ખાલિકની ધારાસભ્ય તરીકેની ચૂંટણીને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ અને સંદીપ મહેતાની ખંડપીઠે બૉમ્બે હાઈ કોર્ટના ૮ જૂનના ચુકાદાને પડકારતી બે અલગ-અલગ અરજીઓની સુનાવણી દરમિયાન આ આદેશ પસાર કર્યો હતો. હાઈ કોર્ટે ખાલિકની ચૂંટણીને પડકારતી અરજી ફગાવી દીધી હતી.

નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં માલેગાંવ સેન્ટ્રલ મતવિસ્તારમાંથી ખાલિક ૧૬૨ મતોના અંતરથી વિજયી થયા હતા.

હાઈ કોર્ટ સમક્ષ આ વિસ્તારમાંથી ચૂંટણી હારી ગયેલા ઉમેદવારો પૈકીના એક દ્વારા ચૂંટણી અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારે ખાલિકની ચૂંટણીને એવો આક્ષેપ કરીને પડકારી હતી કે તેઓ 'રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ્સ એક્ટ, ૧૯૫૧' હેઠળ વ્યાખ્યાયિત 'ભ્રષ્ટ આચરણ' માટે દોષિત હતા. ચૂંટણી અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ખાલિક એક ધાર્મિક નેતા છે અને ધર્મના આધારે અને મતદારોની ધાર્મિક લાગણીઓને અપીલ કરીને મત માગવામાં આવ્યા હતા. ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. કલ્યાણભાઇ ગોવિંદજી તન્નાના પુત્ર લક્ષ્મીદાસ (ઉં. વ. ૮૫) ગામ લોરિયા હાલ મુલુંડ સ્વ. મહાલક્ષ્મીના પતિ. રક્ષા રાજેન ઠક્કર, ચેતના દેવેન્દ્ર ઠક્કર, જયેશના પિતા. એકતાના સસરા. રણછોડદાસ પ્રેમજી માંડલવિઝારના જમાઇ. સ્વ. મંજુલા, ભાગીરથી, સ્વ. વિજયા, જયાના ભાઇ. ક્રિશ અને ઝાયનાના દાદા. સ્વીટી સિદ્ધાર્થ, ખ્યાતિ ચેતન, ધ્વની દિશાંક, કશ્યપ અને અવનીના નાના. પ્રાર્થનાસભા તા.૨૬-૯-૨૬ શનિવારે સાંજે ૪.૩૦થી ૬. ઠે. પરમેશ્વરી સેન્ટર, આશા નગર, મુલુંડ (વેસ્ટ).

**શ્રીમાળી બ્રાહ્મણ**

માંડવી કચ્છ હાલ થાણા જયશ્રી (ઉં. વ. ૬૭) તા. ૨૦-૯-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. રોહિતના પત્ની. સ્વ. લલિતા અનંતરાય ત્રિવેદીના પુત્રવધૂ. કવિતા, વૈશાલી, ભાર્ગવના માતા. આમોદ, તેજસ, હર્ષાના સાસુ. નિરંજના, બિંદેશ, વંદના, વર્ષાના ભાભી. સ્વ. કાંતાબેન પોપટલાલ ત્રિવેદી (ફરાદી)ના પુત્રી. રૂદ્રના કાકી. લૌકિક પ્રથા અને પ્રાર્થના રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ.સુશીલાબેન કરમશી શામજી સોતા (ચાવલા) ગામ-જરુ હાલ મુલુંડના પુત્રવધુ તે કિર્તીભાઇ સોતાના ધર્મપત્ની અ.સૌ.જ્યોત્સનાબેન (ઉં.વર્ષ ૬૭) ગુરુવાર તાઃ ૨૪/૦૯/૨૬ના રામશરણ પામેલ છે.તે સ્વ.પાર્વતીબેન ભગવાનજી રામજી વાઘાણી ગામ (દુધઇ વાળા) ના સુપુત્રી, અં.સૌ. પુનમ પુર્વેશ અડુઆના માતુશ્રી. તે સ્વ. મધુબેનને રમેશભાઈ, ગં.સ્વ.રમાબેન કિશોરભાઈ, સ્વ.ગૌરીબેન વિનોદભાઇ, સ્વ. ગીતાબેન વિજયભાઈ, સૌ.પુજાબેન જીતેન્દ્રભાઈ, સ્વ મીનાક્ષીબેન મહેન્દ્રભાઈ, ગં. સ્વ. નયનાબેન દિલીપભાઇના ભાભી.બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તાઃ ૨૬/૦૯/૨૬ ના સાંજે :૫ થી ૭ મહાજન વાડી, પવાણી હોલ, પહેલે માળે આર.આર.ટી રોડ,મુલુંડ (વેસ્ટ)માં રાખેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

દામનગરવાળા હાલ નાલાસોપારા સ્વ. વિજયાબેન કુંવરજી લાવજી મહેતાના પુત્ર ચિમનભાઇ (ઉં. વ. ૯૨) તે નિરંજનાના પતિ. વિપુલ, હીના સંજીવ શાહ તથા અલ્પા પ્રકાશ ગોગરીના પિતાશ્રી. રેખાના સસરા. સ્વ. કનુભાઇ, સ્વ. બીપીનભાઇ, સ્વ. મંજુલા ચંદુલાલ પારેખ, સ્વ. કુંદન ઉદય વોરા, ચંદ્રિકા નિરંજન સંઘવી તથા સ્વ. મીનાક્ષી દિલીપભાઇ સંઘવીના ભાઇ. સ્વ. ધનજીભાઇ લક્ષ્મીચંદ ભુવાના જમાઇ બુધવાર, તા. ૨૩-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૯-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ગુરુકૃપા હોલ, ટિકિટ બારીની પાછળ, નાલાસોપારા (ઇસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

અનસુયાબેન હિંમતભાઈ દવાવાલા (પંજવાણી) (ઉં.વ. ૯૧) તે અવની અતુલ તન્ના તથા અમિષી નિખિલ શેઠના માતુશ્રી. અંકિત, અન્સુલ, વિવા તથા સિયાના નાની. તે સ્વ. ચત્રભુજભાઈ, સ્વ. ચંપકભાઈ તથા કૃષ્ણકુમાર કોટેચા અને સ્વ. ચંપાબેન વલ્લભદાસ લાલ, સ્વ. જયાબેન જયંતકુમાર મજિઠિયા, સ્વ. મનોરમાબેન નરોત્તમદાસ કક્કડ, સ્વ. હીરાબેન સુર્યકાંત રાજા તથા જયશ્રીબેન રમેશભાઈ પંચમતીયાના બેન તા. ૨૩-૯-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સ્નેહ મિલન તા. ૨૮-૯-૨૬ને સોમવારે સાંજે ૫.૦૦થી ૭.૦૦. સેવા સદન હોલ, નાનાચોક, મુંબઈ ખાતે.

**હાલાઈ લોહાણા**

મુળગામ થાનીયાણા હાલ બોરીવલી, રાજેન્દ્ર નાનાલાલ પારપાણી (ઉં.વ. ૭૩) તે સ્વ. સુશીલાબેન નાનાલાલ રામજી પારપાણીના સુપુત્ર. આશાબેનના પતિ. સ્વ. રમેશભાઈ, સ્વ. મહેશભાઈ, સ્વ. પુનમબેન, કીરીટભાઈના મોટાભાઈ. વિનીત, રીતી ઉમંગ વ્યાસ, હીમીલ તથા સ્વ. પલાશના મોટાબાપા. સ્વ. પ્રેમકુવરબેન જમનાદાસ પાબારીના જમાઈ. તા. ૨૩-૯-૨૬ના બુધવારના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળ ગામ જામખંભાળિયા હાલમાં મુંબઈ, તે સ્વ. શશીકાંત અમૃતલાલ રાવલના ધર્મપત્ની ગં.સ્વ. જયશ્રીબેન રાવલ (ઉં.વ. ૮૯) તા. ૨૦/૯/૨૬ના શ્રીજીચરણ પામેલા છે. તે કીર્તિબેન, મીનાબેન, મેઘાબેનના માતુશ્રી. સ્વ. રાજેન્દ્ર દીક્ષિત, રાજેશ પંડ્યા, મેહુલ વોરાના સાસુ. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. દિલીપભાઈ અને દીપકભાઈના ભાભી. સ્વ. કાંતિલાલ ભટ્ટના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૬/૯/૨૬ શનિવારે સાંજે ૫ થી ૭. વિશ્વેશ્વર ભવન, ૧ માળે, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે પશ્ચિમ.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ બ્રાહ્મણ જ્ઞાતિ**

ગામ ઝીંઝવા નિવાસી, કાંતાબેન (ઉં.વ. ૯૪) ૧૬/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયંતીલાલ જેઠાલાલ જાનીના ધર્મપત્ની. સ્વ. કમળાબેન શંકરલાલ ત્રિવેદી, સ્વ. કાંતાબેન વિશ્વનાથ જાનીના ભાભી. સ્વ. ચંચળબેન શિવશંકર ખેમરામ ત્રિવેદીના દીકરી. સ્વ. નારાયણભાઈ, સ્વ. ભાલચંદ્ર, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. સુખીબેન જાની સ્વ. આનંદીબેન દવેના બહેન. તેમનું બેસણું ૨૫/૯/૨૬ના રોજ ૧૦ થી ૫. ઝીંઝવા મુકામે રાખેલ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

અશોક દિનકરલાલ શાહ (ઉં.વ. ૭૫) તે સ્વ. મંજુલાબેન દિનકરલાલ શાહના પુત્ર. સ્વ. કોકીલાબેન પૂનમચંદ શાહના જમાઈ. મીનાબેનના પતિ. ડીમ્પી અને સ્મિતના પિતાશ્રી. શ્રુતિબેનના સસરા. ત્રિશય, કવીરના દાદા. જયપ્રકાશભાઈ, સ્વ. મુકેશભાઈ, શકુંતલાબેન, સ્વ. નિશાબેનના ભાઈ. તા. ૨૨-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૬ના શનિવારે સાંજે ૫ થી ૭. સ્થળઃ વનિતા વિશ્રામ હોલ, રિલાયંસ હોસ્પિટલના બાજુમાં, નાનુભાઈ રોડ, ગિરગાંવ, મું. ૪. લૌકિક પ્રથા બંધ છે.

**વિસા સોરઠીયા વણિક જ્ઞાતિવાળા**

શ્રી વલ્લભદાસ જમનાદાસ મલકાણ ભડવાળા, હાલ જામનગર, (ઉં.વ. ૯૩) તે ઈન્દુમતીબેનના પતિ. કલ્પેશ, શોભના, ઝરણા તથા રશ્મિના પિતાશ્રી. કિરીટભાઈ, રાજુભાઈ, હરેશભાઈ તથા અનિતાબેનના સસરાજી, બુધવાર, તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર,

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાંગનેશ નિવાસી હાલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ કોબા સ્વ. અંજવાળીબેન ચુનીલાલ જોબાલીયા (શાહ) ના સુપુત્ર. જયંતીભાઇના પત્ની અ. સૌ. બાળાબેન (ઉં. વ. ૭૯) તા. ૨૧-૯-૨૬ના અરિહંતશરણ થયા છે. તે અજયભાઇ -શીલ્પા, મોનીકા-અનીષભાઇ શાહના માતુશ્રી. જિનેશ તથા યસના દાદી. ભોગીલાલભાઇ, નગીનદાસ, ચીનુભાઇ, વિક્રમભાઇ, જયોતિ જયંતભાઇ વોરા, મીનાબેન અતુલભાઇ વોરાના ભાઇના પત્ની તથા સ્વ. ડો. ચીમનલાલ પ્રેમચંદ કામદારના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મધુકાંત મોહનલાલ કોઠારીના ધર્મપત્ની ગં.સ્વ. નિલમબેન (ઉં.વ. ૮૦) તા. ૨૩-૯-૨૬, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુધાબેન સ્વ. હરેશભાઈ કોઠારીના ભાભી. સોનલ વિકેશકુમાર વધાણી, નિશા મેહુલકુમાર શાહ, જીજ્ઞા કૌશિકકુમાર મહેતા, અમી પીયુષકુમાર મહેતા, રચના કોઠારી, ભૂમિકા દિવ્યેશકુમાર કામદાર, સ્વ. દર્શના હાર્દિકકુમાર શાહના માતુશ્રી. પિયરપક્ષે મોટી પાનેલી નિવાસી સ્વ. કુલચંદ રાયચંદ શાહની દીકરી. સ્વ. મંજુલાબેન, સ્વ. ધીરજલાલભાઈ, સ્વ. વનીતાબેન સ્વ. હસમુખભાઈના બેન. સ્વેતા કૃણાલકુમાર, ભૂમિકા ઉમંગ, પ્રીતિતિ, પ્રેક્ષા, કેનીષા, કિયા, યશ, હેતાંશુ, જૈનમ, હેતવીના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના વિશનજી (બાબુભાઈ) હીરજી રાંભીયા (ઉં.વ. ૮૫) તા. ૨૩-૯-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઈ હીરજીના પુત્ર. મંજુલાના પતિ. વિજય, ભાવેશના પિતા. ભોગીલાલ, દામજી, કસ્તુર, મંજુલા, હંસાના ભાઈ. હાંસબાઈ મેઘજી ગોગરીના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. વિશનજી રાંભીયા, ૧૧૦૧, એ વિંગ, સ્કાય વ્યૂ સોસાયટી, નેહરુ નગર, કુર્લા (ઈ).

નાના ભાડીયાના માતુશ્રી હીરબાઈ કેશવજી નંદુ (ઉં.વ. ૯૪) તા. ૨૩/૯ના સંથારો સીઝેલ છે. કેશવજી નાગશીના ધર્મપત્ની. પાનબાઈ નાગશી વેલજીના પુત્રવધૂ. ધીરજ, ઉપેન, ભરતના માતુશ્રી. નાના ભાડીયા કમળાબેન નાનજી ખીંશીના સુપુત્રી. તલકશી, જયંતિલાલ, દિનેશ, કસ્તુર, પ્રભાના બેન. ગુણાનુવાદ સભા : નકાલેથ શનિવાર, તા. ૨૬-૯-૨૬, શ્રી સુમતિનાથ જિનાલય, ગુજરાતી ક્લબની બાજુમાં, માટુંગા-સે.રે., ટા. ૩ થી ૪.૩૦.

**જામનગર વિશા ઓશવાલ જૈન**

પરેશ પ્રવિણચંદ્ર પારેખ (ઉં.વ. ૬૫) ૨૩/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન પ્રવિણચંદ્ર પારેખના પુત્ર. રીટાબેન, સલોની તથા જીનલના પિતા. મીના તથા બીનાના ભાઈ. ચારુબેન બાબુલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વસઈ નિવાસી, હાલ દહિસર, સ્વ. પુષ્પાબેન દૌલતરાય ખોખાણીના સુપુત્ર. સ્વ. શીલા ખોખાણીના પતિ. શ્રી હેમંત દૌલતરાય ખોખાણી (ઉં.વ. ૭૭) મંગળવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. પુત્રવધૂ / પુત્રઃ ડિમ્પલ કેવલ ખોખાણી, સેજલ હેમાંગ ખોખાણી, પુત્રીઃ સ્વ. ખુશ્બુ ખોખાણી, પૌત્ર / પૌત્રીઃ ધીર અને ક્રીશા, ભાઈઃ ભાવના ઉમેશ ખોખાણી, ભાઈઃ સ્વ. બિપિન ખોખાણી, તારાબેન કાંતિલાલ કપાસીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ ડોમ્બીવલી, દોશી ઇન્દુમતી વિનોદરાયના સુપુત્ર દોશી મિલન (ઉં.વ. ૬૦) તા. ૨૪-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દક્ષાબેનના પતિ. પરેશ, નિલેશ, સ્વ. સંજયના મોટાભાઈ. રૂપા, ગીતા, રીનાના જેઠ. ઋષભ અને સ્વ. સોમિલના પિતા. ચંદુલાલ પ્રભુદાસ શાહ ભાવનગરવાળાના જમાઈ. રૂમ નં ૨/૫ , ઉદય વાડી, પાંડુરંગ વાડી, સર્વોદય ગાર્ડનની બાજુમાં, ડોમ્બીવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

---

તા. ૨૫ સપ્ટેમ્બરના સાંજે ૫.૦૦ થી ૬.૦૦. સ્થળઃ કેશવ સ્પોર્ટ્સ સેન્ટર, ઓસવાલ સેન્ટર, કામદાર કોલોની, જામનગર.

**વાયડા વણિક**

શ્રી વિનોદભાઈ પરીખ (ઉં.વ. ૮૩) ગામ પાટણ હાલ મુંબઈ, ગં.સ્વ. નીલાબેન વિનોદચંદ્ર પરીખના પતિ તા. ૨૨/૯/૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. સુભદ્રાબેન દ્વારકાદાસ ગોવર્ધનદાસના પુત્ર. અ.સૌ. સેજલબેન અક્ષયભાઈ તલાટી, ચિ. કલ્પેશભાઈ, નિલેશભાઈ, અ.સૌ. નિયતીબેન રિષિતભાઈ પરીખના પિતા. અ.સૌ. ફાલ્ગુનીબેન, અ.સૌ. ધરતીબેનના સસરા. ખુશી, પાર્થ, હર્ષિની તથા જિવન, હર્ષીલ અને વિરાજના દાદા-નાના. સ્વ. કલાવતીબેન છગનલાલ લાલસોદાગરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૬/૯/૨૬, શનિવારના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સનરાઇઝ પાર્ટી હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, એ વિંગ, શ્રી જી મહલ, આનંદીબાઈ કાલે કોલેજ સામે, સાઈબાબા નગર, સત્યનગર, બોરીવલી પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

ગામ ગોંડલ, હાલ મુંબઈ, શ્રી જિતેન્દ્ર મશરૂ (મામા) (ઉં.વ. ૮૧) તે સ્વ. વસનજી અંબરામના સુપુત્ર. મધુરીબેનના પતિ. દેવાંગ, હેમા અને હર્ષાના પિતાશ્રી. નેહા મશરૂ, અનિલ કોઠારી તથા પરીન બાથિયાના સસરાજી. સ્વ. દેવકુંવરબેન વલ્લભદાસ મોરજરીયાના જમાઈ. પાર્થ, હનિશા, મોહિત અગ્રવાલ, સ્તુતિ, બીજોય, આરુષી, પ્રિયાંશી, સાર્થ સાઠે, જેનીલ તથા અનાયાના દાદા-નાના. બુધવાર, તા. ૨૩-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થના સભા શનિવાર, તા. ૨૬-૯-૨૬ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સોફિયા ઓડિટોરિયમ, સોફિયા કોલેજ લેન, બ્રિચ કેન્ડી, કુંબલ્લા હિલ, મું. ૨૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વિસર્જન માટે પાલિકાની જડબેસલાક તૈયારી

### ૨૨૮ કન્ટ્રોલ રૂમમાંથી સમગ્ર વિસર્જન પર રહેશે નજર ▶ દુર્ઘટના ટાળવા રસ્તા પરના ૨,૪૭૯ ખાડા પૂરી દેવાયા અને ચેમ્બરનાં ઢાંકણાં લગાવાયાં ▶ શહેરમાં ૬૭ નૈસર્ગિક અને ૩૮૩ કૃત્રિમ જળાશયો ▶ પાલિકાના પચીસ હજાર અધિકારી-કર્મચારી ફરજ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અનંતચતુર્દશીએ શુક્રવારે ગણેશ વિસર્જન માટે મુંબઈ પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાની વ્યવસ્થા કરી તેની સાથે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પણ જડબેસલાક તૈયારી કરવામાં આવી છે. શહેરમાં ૬૭ નૈસર્ગિક અને ૩૮૩ કૃત્રિમ જળાશયોમાં થનારા વિસર્જન પર બારીક નજર રાખવા માટે પાલિકાએ ૨૨૮ કન્ટ્રોલ રૂમ ઊભા કર્યા છે તો વિસર્જનના માર્ગ પર કોઈ વિઘ્ન ઊભું ન થાય તે માટે રસ્તા પનાર ખાડા પૂરવાની સાથે ચૅમ્બરનાં ઢાકણાંનું પણ સમારકાર કરાયું હતું.




મુંબઈ મહાપાલિકાના જણાવ્યા મુજબ શુક્રવારે શહેરના ૬૭ નૈસર્ગિક જળાશયો અને ૨૭૮ સ્થળે તૈયાર કરાયેલાં કૃત્રિમ તળાવોમાં ગણપતિની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે. હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર છ ફૂટ ઊંચાઈ સુધીની ગણેશ મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવું બંધનકારક હોવાથી તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

ગણેશ વિસર્જન નિર્વિદન અને સુરક્ષિત રીતે પાર પડે તે માટે વિસર્જન સ્થળોએ ૧,૧૯૪ સ્ટીલ પ્લૅટ ગોઠવી દેવાઈ છે તો ૨૩ જર્મન તરાપા, ૩૪ ક્રેન, ૮૫ એમ્બ્યુલન્સ અને ૧૦ મોટરબોટ સજ્જ રાખવામાં આવી છે. આ દિવસે મહાપાલિકાના પચીસ હજારથી વધુ અધિકારી-કર્મચારી તહેનાત રહેશે.

દરિયાકિનારે અને તળાવો ફરતે ભક્તોની સુરક્ષાને ધ્યાનમાં રાખી ૧,૧૩૨ લાઈફગાર્ડ તહેનાત રહેશે. છ હજારથી વધુ ફ્લડલાઈટ/સર્ચલાઈટની વ્યવસ્થા પણ કરાઈ છે.

વિસર્જનના સ્થળે ૪૯૮ નિર્માલ્ય કળશ અને ૩૨૬ નિર્માલ્ય ડમ્પર ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. ભક્તોની ભીડ પર નજર રાખવા માટે ૨૬૧ સ્વાગત રૂમ, ૨૨૮ કન્ટ્રોલ રૂમ અને નિરીક્ષણ માટે ૭૭ ટાવર ઊભા કરાયા છે. વધુમાં વિસર્જન વખતે ચોપાટી પર આવનારા લોકો માટે કામચલાઉ પ્રસાધનગૃહોની સગવડ કરવામાં આવી હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

આ વર્ષે ગણેશ આગમન વખતે ઊંચી મૂર્તિઓ ઊંધી વળી જવાની તેમ જ ખંડિત થવાની ઘણી ઘટના બની હતી. આમાં સ્પીડબ્રેકરથી માંડીને રસ્તા પરના ખાડાને પણ જવાબદાર ગણવામાં આવ્યા હતા. હવે બાપ્પાના વિસર્જન વખતે કોઈ વિઘ્ન ઊભું ન થાય તે માટે ૫૦૬ રસ્તા પરના ૪,૨૭૯ ખાડા પૂરી દેવામાં આવ્યા છે તો ૧૭૧ ડ્રેનેજ ચેમ્પરનાં ઢાંકણાં બદલી નાખવામાં આવ્યાં છે. તેમ જ વિઘ્નરૂપ બનનારા કેબલ્સ ૨૮૧ સ્થળેથી દૂર કરાયા છે અને ૫૧૫ વૃક્ષની છટણી કરવામાં આવી છે.

### ગિરગામ ચોપાટી પર વિશેષ વ્યવસ્થા

દુંદાળા દેવની મોટા ભાગની ઊંચી મૂર્તિઓને વિસર્જન માટે દક્ષિણ મુંબઈની ગિરગામ ચોપાટી પર લાવવામાં આવે છે, જેને પગલે આ પરિસરમાં લોકોની ભીડ પણ વધુ હોય છે. સૌથી વધુ મૂર્તિઓનું વિસર્જન પણ અહીં જ થતું હોવાથી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પાલિકાનું કહેવું છે. માત્ર ગિરગામ ચોપાટી ખાતે જ ૧૨ કૃત્રિણ તળાવનું નિર્માણ કરાયું છે. વિસર્જન અને શ્રદ્ધાળુઓની ભીડ પર નજર રાખવા ૨૦ ટાવર ઊભા કરાયા છે અને બાવીસ તરાપા તૈયાર રખાયા છે. બે હજારથી વધુ માનવબળ અને ૯૦ પ્રસાધનગૃહની વ્યવસ્થા કરાઈ છે. એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ત્રણ એમ્બ્યુલન્સ, ૫૪૮ ફ્લડલાઈટ અને ૧૧ સર્ચલાઈટની સગવડ સાથે કન્ટ્રોલ રૂમ અને પાર્કિંગની વ્યવસ્થા પણ કરાઈ છે. ચોપાટી પર તૈયાર કરાયેલા કન્ટ્રોલ રૂમમાં ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારીઓ, બેસ્ટ (વીજપુરવઠો), પોલીસ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ, એનડીઆરએફની ટુકડી હાજર રહેશે.

### જૅલીફિશથી સાવધાન!

મુંબઈ મહાનગરપાલિકાનું કહેવું છે કે વિસર્જન સમયે નાગરિકોએ દરિયામાં ઊતરતી વખતે બ્લ્યુ બટન જૅલીફિશ અને સ્ટિંગ રે પર ખાસ ધ્યાન આપવું.

જૂહુ ચોપાટીને કિનારે જૅલીફિશ તણાઈ આવી હોવાનું અનેક વાર જોવા મળતું હોય છે.

પરિણામે પાલિકા અને પોલીસની સૂચનાનું પાલન કરીને ભક્તોએ દરિયાકિનારે ખાસ તકેદારી રાખવી.

# દશેરા-દિવાળી પૂર્વે આઈઆરસીટીસીની નવી વેબસાઈટમાં ધાંધિયા

### વહેલી સવારે પણ બુકિંગમાં કન્ફર્મને બદલે વેઈટિંગ ટિકિટ મળતી હોવાથી પ્રવાસીઓ પરેશાન ▶ ટિકિટના બુકિંગમાં વધુ સમય લાગવા અંગે ટ્રાફિક વધુ હોવાનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દશેરા અને દિવાળીની રજાઓમાં ફરવા જવાનો પ્લાન બનાવી રહેલા પ્રવાસીઓની મુશ્કેલીઓમાં આઈઆરસીટીસીની વેબસાઈટના ધાંધિયાને કારણે વધારો થયો છે. મુંબઈથી ગુજરાત, ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ ફરવા જવા માટે ટ્રેનની ટિકિટ બુક કરાવનારા પ્રવાસીઓ માટે આઈઆરસીટીસીની નવી વેબસાઈટ પર ટિકિટ બુકિંગ શરૂ થતાં જ વેબસાઈટ પર વધુ લોડ આવી રહ્યો છે અને 'વેબસાઈટ પર અત્યારે વધુ લોડ છે, થોડા સમય બાદ પ્રયાસ કરો' એવો મેસેજ પણ જોવા મળી રહ્યા છે.

હાલ ૬૦ દિવસના એડવાન્સ રિઝર્વેશન નિયમ મુજબ દશેરા અને દિવાળીની રજાઓ માટે ટ્રેનની ટિકિટ બુક થઈ રહી છે. જોકે, રજાઓ દરમિયાન ફરવા જવા માગતા પ્રવાસીઓમાં ટિકિટ માટે ભારે પડાપડીનો માહોલ છે. સવારે ૮ વાગ્યે બુકિંગ શરૂ થતાની સાથે જ અનેક ટ્રેનોની સીટો ઝડપથી ભરાઈ જતી હોય છે. કન્ફર્મ ટિકિટ ન મળતા ઘણા પ્રવાસીઓને ૧૦૦થી ૨૦૦ કે તેથી વધુની વેઈટિંગ સાથે ટિકિટ મળી રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોમાં થોડા જ સમયમાં 'રિગ્રેટ' જોવા મળી રહ્યું છે.

પ્રવાસીઓની સૌથી મોટી ફરિયાદ આઈઆરસીટીસીની નવી વેબસાઈટ અને એપને લઈને છે. સવારે આઠ વાગ્યે ટિકિટ બુકિંગ શરૂ થતાં હજારો લોકો એકસાથે વેબસાઇટ પર લોગિન કરે છે. આ સમયે ૪થી ૫ મિનિટ સુધી સતત 'વેબસાઈટ પર વધુ લોડ છે' એવું પોપ-અપ દેખાતું હોવાનો પ્રવાસીઓનો અનુભવ છે. આટલા સમયમાં ઘણી ટ્રેનોની સીટો ભરાઈ જાય છે અને વહેલી સવારે ટિકિટ બુક કરવા બેઠેલા પ્રવાસીઓને પણ વેઈટિંગ ટિકિટથી સંતોષ માનવો પડે છે.

આ પ્રકરણે માહિતી આપતા ક્રિસના એમડી જી.વી.એલ. સત્ય કુમારે જણાવ્યું હતું કે દશેરા અને દિવાળી જેવા તહેવારો દરમિયાન એડવાન્સ રિઝર્વેશનના સમયે સિસ્ટમ પર ટ્રાફિક ઘણો વધી જાય છે. એકસાથે મોટી સંખ્યામાં લોકો રિઝર્વેશનની ટિકિટ બુક કરવાનો પ્રયાસ કરતા હોવાથી સિસ્ટમ પર લોડ વધે છે અને બુકિંગ દરમિયાન સમસ્યા ઊભી થાય છે. આ સમસ્યા માત્ર ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનો પૂરતી મર્યાદિત નથી. વડોદરા-ટાટાનગર, દાદર-જોધપુર, સીએસએમટી-સિંધુદુર્ગ અને ચેન્નઈ-તંજાવુર જેવા અન્ય રૂટ પર પણ સવારે ટિકિટ બુકિંગ દરમિયાન આવી સમસ્યાઓ જોવા મળી રહી છે.

આ વર્ષે દિવાળી આઠ નવેમ્બરે છે અને તેના એક દિવસ અગાઉ સાત નવેમ્બરે નાની દિવાળી અને નરક ચતુર્દશી મનાવવામાં આવશે. આ લાંબી રજાઓ દરમિયાન પ્રવાસીઓએ ફરવા જવા માટે ૬થી ૧૫ નવેમ્બર વચ્ચેની મુસાફરી માટે મોટી સંખ્યામાં ટિકિટ બુક કરવાનો પ્રયાસ કર્યો છે. પરિણામે કેટલીક ટ્રેનોમાં સીટો ગણતરીની મિનિટોમાં ભરાઈ ગઈ છે અને વેઈટિંગ પણ ૨૦૦ને પાર પહોંચી રહી છે.

પ્રવાસીઓની વધતી માગને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે દ્વારા ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેનો દોડાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે ગણપતિ બાદ દિવાળી માટે સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત કરવામાં આવશે. તેમાં આરક્ષિત અને અનારક્ષિત બંને પ્રકારની ટ્રેનોનો સમાવેશ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પણ મધ્ય રેલવેએ ૨,૫૦૦થી વધુ સ્પેશ્યલ ટ્રેનો દોડાવી હતી.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે જણાવ્યું હતું કે પ્રવાસીઓને સુખદ અને સુરક્ષિત મુસાફરી મળી રહે તે માટે ટૂંક સમયમાં ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેનોનું નોટિફિકેશન જાહેર કરવામાં આવશે.

પશ્ચિમ રેલવેના તમામ ડિવિઝનમાં ટ્રેનો ઉપરાંત અન્ય જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જોકે, હાલ નવી આઈઆરસીટીસીની વેબસાઈટ પર બુકિંગ દરમિયાન આવતી સમસ્યાને કારણે દશેરા-દિવાળીમાં ફરવા જવાનો પ્લાન બનાવી રહેલા પ્રવાસીઓની ચિંતા વધી છે.

રેલવે મોટી જાહેરાતો કરે છે, પરંતુ તહેવારોમાં તો પ્રવાસીઓને કન્ફર્મ ટિકિટ મેળવવા માટે મુશ્કેલીઓ પડી રહે છે એ હકીકત છે.









**આઈઆઈટીમાં આત્મહત્યાના પડઘા:** આઈઆઈટી મુંબઈમાં જે વિદ્યાર્થી દ્વારા આત્મહત્યા કરવામાં આવી તે સાહિલ વાકોડેના માતા-પિતા એસસી-એસટી કમિશનના અધિકારીઓને મળવા માટે રાજ્યસરકારના અતિથિગૃહ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ પહોંચ્યા હતા અને પોતાની વ્યથા જણાવી હતી. સાહિલ વાકોડેના માતા-પિતા સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં બેઠક પૂરી કરીને આવ્યા બાદ આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર બેઠા હતા. બીજી તરફ કોંગ્રેસ, યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા પવઈમાં આઈઆઈટી વિરુદ્ધ આંદોલન કરવામાં આવ્યું હતું અને મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડની અટકાયત કરવામાં આવી હતી. (અમય ખરાડે)

# ગણેશ મંડળોએ હાઇ કોર્ટના ધ્વનિ પ્રદૂષણ અંગેના નિર્દેશ પર સ્પષ્ટતા માગી

મુંબઈ : મુંબઈનાં ગણેશ મંડળોની સંકલન સમિતિ, 'બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ'એ મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરી છે કે તેઓ ધાર્મિક સરઘસો દરમિયાન અવાજના પ્રદૂષણ અંગે બોમ્બે હાઈ કોર્ટના તાજેતરના આદેશના અમલીકરણ વિશે તાત્કાલિક સ્પષ્ટતા કરે.

૧૧ દિવસીય ગણેશ ઉત્સવનું શુક્રવારે સમાપન થશે તે દરમિયાન શહેરનાં મુખ્ય મંડળો દ્વારા ભવ્ય વિસર્જન સરઘસો કાઢવામાં આવશે.

બુધવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને લખેલા પત્રમાં સમિતિએ જણાવ્યું હતું કે, હાઈ કોર્ટે ૨૨ સપ્ટેમ્બરના પોતાના આદેશમાં વિસર્જન સરઘસો દરમિયાન થતા ધ્વનિ પ્રદૂષણ અંગે અનેક નિર્દેશો આપ્યા હતા.

આ આદેશમાં નિયમોના ઉલ્લંઘન બદલ કાયદેસરની કાર્યવાહી કરવાની જોગવાઈ અને ગણેશ મંડળો પાસેથી ઓછામાં ઓછી ૧ લાખ રૂપિયાની સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવાની આવશ્યકતા પર ભાર મુકવામાં આવ્યો હતો. પત્રમાં જણાવ્યા મુજબ, રૂ. ૧ લાખની રકમ દંડ છે કે સિક્યોરિટી ડિપોઝિટ, તે કયા સંજોગોમાં વસૂલવામાં આવશે અને કઈ સત્તાધારી સંસ્થા તેની વસૂલાત કરશે, તે અંગે મૂંઝવણ ઊભી થઈ છે. તેમાં અવાજની મર્યાદાના ઉલ્લંઘન બદલ ડિપોઝિટ જપ્ત કરવાની પ્રક્રિયા તેમજ અન્ય કોઈ કાયદાકીય કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે કે કેમ, તે અંગે સ્પષ્ટતા માગી હતી. સમિતિએ સરકારને એ સ્પષ્ટ કરવા પણ કહ્યું હતું કે, જે ગણેશ મંડળોએ તેમના સરઘસો માટે પહેલેથી જ મંજૂરી મેળવી લીધી છે, તેમને આ સૂચનાઓ કેવી રીતે લાગુ પડશે.

આ ઉપરાંત, અદાલતના નિર્દેશોના અમલીકરણમાં મુંબઈ પોલીસ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને અન્ય એજન્સીઓની જવાબદારીઓ અંગે સ્પષ્ટ માર્ગદર્શિકાની પણ માંગ કરવામાં આવી હતી.

સમિતિએ જણાવ્યું હતું કે મૂંઝવણ નિવારવા માટે સ્પષ્ટ અને એકસમાન લેખિત માર્ગદર્શિકા જરૂરી હતી. (પીટીઆઈ)

# આઈઆઈટી બૉમ્બેના મૃત વિદ્યાર્થીનાં માતા-પિતા એસસી/એસટીની સમિતિના વડાને મળ્યા, ઉપવાસ શરૂ કર્યા

મુંબઈ: આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેનાં માતા-પિતાએ, જેનાં મૃત્યુને કારણે સંસ્થાના કેમ્પસમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે, ગુરુવારે મુંબઈના આઝાદ મેદાન ખાતે ભૂખ હડતાળ શરૂ કરી છે. તેઓ તેમના પુત્રને 'હેરાન કરનારાઓ' સામે કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

''જેમણે મારા પુત્રને ત્રાસ આપ્યો તેમને જેલમાં નાખવા જોઈએ. તેણે અમને કહ્યું હતું કે સંસ્થામાં તેને વારંવાર જાતિગત ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો,'' સાહિલના પિતા રવિન્દ્રએ કહ્યું હતું.

રવીન્દ્ર અને તેમની પત્ની સોનાલીએ મુંબઈમાં 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ'ના અધ્યક્ષ સાથે મુલાકાત કરી અને તેમના પુત્રના મૃત્યુની ઝડપી તપાસની માંગ કરતું આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બૉમ્બેમાં બી.ટેક.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા બાવીસ વર્ષીય સાહિલનો મૃતદેહ ૧૮ સપ્ટેમ્બરની સાંજે તેના હૉસ્ટેલના રૂમમાં ફાંસી ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો; આ ઘટના પરીક્ષા ખંડમાં કથિત રીતે 'ચેટજીપીટી'નો ઉપયોગ કરતા પકડાયાના થોડા કલાકો બાદ બની હતી.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આઈઆઈટી બોમ્બેના મૃત્યુ પામેલા વિદ્યાર્થી સાહિલ વાકોડેનાં માતા-પિતા સાથે વાત કરી હતી અને તેમના પુત્ર માટે ન્યાય મેળવવાની લડાઈમાં તમામ મદદની ખાતરી આપી હોવાનું પક્ષનાં સૂત્રોએ પીટીઆઈને ગુરુવારે જણાવી ઉમેર્યું હતું કે વાશિમ જિલ્લામાંથી મુંબઈ જઈ રહેલા રવીન્દ્ર અને સોનાલી વાકોડેને રાહુલ ગાંધીએ વીડિયો કોલ કર્યો હતો.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે લગભગ ૧૭ મિનિટના ફોન કોલમાં ગાંધીએ સાહિલના માતાપિતાને ખાતરી આપી હતી કે તેઓ તેમની પડખે છે અને તેમને તમામ મદદનું વચન આપ્યું હતું.

ફોન આવ્યો ત્યારે ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ અને મહારાષ્ટ્ર એકમના વડા શિવરાજ મોરે સાહિલના માતાપિતા સાથે હતા. (પીટીઆઈ)

### કોંગ્રેસ સંસદ સભ્ય વર્ષા ગાયકવાડ, એનએસયુઆઈ કાર્યકરોની અટક

મુંબઈ: કથિત રીતે આત્મહત્યા કરી મૃત્યુ પામેલા પોલીસે આઈઆઈટી બૉમ્બેની બહાર વિદ્યાર્થી સાહિલ વાકોડેના પરિવાર સાથે એકતા વ્યક્ત કરવા હાજર રહેલાં કોંગ્રેસનાં સંસદ સભ્ય વર્ષા ગાયકવાડ, અન્ય પક્ષના ડઝનબંધ કાર્યકરો અને નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ) કાર્યકરોની પોલીસે ગુરુવારે અટકાયત કરી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ગાયકવાડે શાસક સંસ્થા પર શિક્ષણ પ્રણાલીને નુકસાન પહોંચાડવાનો આરોપ કરી અને આ ઘટનાને સંસ્થાકીય હત્યા ગણાવી હતી. સંસદ સભ્યે વાકોડેનાં મૃત્યુની આસપાસના સંજોગોમાં વ્યાપક તપાસની માગ પણ કરી હતી.

મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષએ જણાવ્યું હતું કે 'ચોક્કસ જાતિના કે ધર્મના વિદ્યાર્થીઓને અપમાન અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આઈઆઈટીમાં આ પહેલી ઘટના નથી. આનો ખુલાસો થવો જ જોઈએ.' આરએસએસ પર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઘૂસણખોરી કરવાનો કરી ગાયકવાડે કહ્યું હતું કે ભાજપ અને આરએસએસએ શિક્ષણ વ્યવસ્થાને નુકસાન પહોંચાડ્યું છે અને આવી ઘટનાઓ વારંવાર બની રહી છે.

ગાયકવાડ, અન્ય કોંગ્રેસ કાર્યકરો અને પક્ષની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ ના સભ્યો ગુરુવારે સંસ્થાના પવઈ કેમ્પસની બહાર વિરોધ કરવા માટે ભેગા થયા હતા. કોંગ્રેસ કાર્યકરોનો વિરોધ સંસ્થાના પવઈ કેમ્પસની બહાર શરૂ થાય તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી અને બાદમાં ગાયકવાડ જ્યારે ઘટના સ્થળે પહોંચ્યાં ત્યારે તેમને પણ કસ્ટડીમાં લઈ લીધાં હતાં.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે સંસદ સભ્ય અને મહિલા કાર્યકરો સહિત અન્ય ઘણાં કાર્યકરો અટક કરી વધુ કાનૂની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યાં હતાં.

વિરોધ પ્રદર્શન દરમિયાન, ગાયકવાડે વાકોડેના પરિવારને ટેકો આપ્યો અને તેમના મૃત્યુની સંપૂર્ણ તપાસની માગ કરી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વાકોડેના માતા-પિતા સાથે વાત કરી છે અને ન્યાય માટેની તેમની લડાઈમાં સમર્થન આપવાની ખાતરી આપી છે એમ તેમણે જણાવ્યું હતું.

પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ડેપ્યુટી પોલીસ કમિશનર દત્તા નલાવડે અને સ્થાનિક સહાયક પોલીસ કમિશનર સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે હાજર રહ્યા હતા. (પીટીઆઈ)

### મુંબઈમાં મલેરિયાનો ફફડાટ

# ત્રણ વર્ષ બાદ બેનાં મોત, આ વર્ષે અત્યાર સુધીમાં ૯,૨૯૮ કેસ નોંધાયા

મુંબઈ: મુંબઈમાં અચાનક મલેરિયાના કેસમાં વધારો થતાં ચિંતા વધી છે. આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં શહેરમાં મેલેરિયાના ૯,૨૯૮ કેસ નોંધાયા છે અને બે લોકોનાં મોત થયા છે. ખાસ વાત એ છે કે છેલ્લાં સતત ત્રણ વર્ષ સુધી મલેરિયાથી એકપણ મૃત્યુ નોંધાયું નહોતું, પરંતુ ૨૦૨૬માં ફરી બે મૃત્યુ નોંધાયા છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા મુજબ આ વર્ષના કેસ ગયા સમગ્ર વર્ષમાં નોંધાયેલા ૧૦,૧૬૩ કેસના ૯૧.૫ ટકા સુધી પહોંચી ગયા છે.

નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલના આંકડા મુજબ મુંબઈમાં ૨૦૨૨માં મેલેરિયાના ૩,૯૮૫ કેસ નોંધાયા હતા, જે વધીને ૨૦૨૫માં ૧૦,૧૬૩ થયા હતા. એટલે કે ત્રણ વર્ષમાં કેસમાં ૧૫૫ ટકાનો વધારો થયો છે. જોકે, હાલનો આંકડો ૨૦૦૪ના ૧૪,૭૫૬ કેસના રેકોર્ડથી ઓછો છે. ૨૦૦૪માં મલેરિયાથી ૨૩ લોકોનાં મોત થયાં હતાં. વર્ષવાર આંકડા જોઈએ તો ૨૦૨૦માં ૫,૦૧૫ કેસ અને શૂન્ય મૃત્યુ, ૨૦૨૧માં ૫,૧૬૨ કેસ અને શૂન્ય મૃત્યુ, ૨૦૨૨માં ૩,૯૮૫ કેસ અને ૨ મૃત્યુ, ૨૦૨૩માં ૭,૩૧૯ કેસ અને શૂન્ય મૃત્યુ, ૨૦૨૪માં ૭,૯૩૯ કેસ અને શૂન્ય મૃત્યુ, ૨૦૨૫માં ૧૦,૧૬૩ કેસ અને શૂન્ય મૃત્યુ, જ્યારે ૨૦૨૬માં સપ્ટેમ્બર સુધી ૯,૨૯૮ કેસ અને ૨ મૃત્યુ નોંધાયાં છે.

મલેરિયાના વધતા કેસ પાછળના કારણો અંગે પાલિકા અધિકારીઓએ વધુ સારી સર્વેલન્સના કારણે પણ કેસોની નોંધણી વધી હોવાની શક્યતા વ્યક્ત કરી છે. બીજી તરફ કેટલાક નગરસેવકો અને કાર્યકર્તાઓએ શહેરમાં ચાલી રહેલા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, બાંધકામ સ્થળોએ ભરાયેલું પાણી અને નબળી ડ્રેનેજને સંભવિત મચ્છર ઉત્પત્તિનાં સ્થળો ગણાવ્યા છે. બીએમસી હેલ્થ કમિટી ચેરમેન હરીશ ભાંડગીરના જણાવ્યા મુજબ ડોંગરી, સાયન અને પરેલ જેવા કેટલાક વિસ્તારોમાં કેસ વધુ જોવા મળી રહ્યા છે. બીએમસીની હેલ્થ, પેસ્ટ કંટ્રોલ અને મેઈન્ટેનન્સ ટીમો મચ્છરોના પ્રજનન સ્થળો શોધીને દૂર કરવાની કામગીરી કરી રહી છે.

ડોક્ટરોના જણાવ્યા મુજબ આ વર્ષે કેટલાક મલેરિયાના દર્દીઓમાં લાંબા ગાળા સુધી તાવ જોવા મળી રહ્યો છે. ડોક્ટરના જણાવ્યા મુજબ દર્દીઓમાં લગભગ પાંચ દિવસ સુધી ઊંચો તાવ રહે છે, જ્યારે અગાઉ મલેરિયાની દવા શરૂ કર્યા બાદ સામાન્ય રીતે બે દિવસમાં તાવ ઓછો થઈ જતો હતો. લાંબા સમય સુધી તાવ રહેવાને કારણે ઘણા દર્દીઓને હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી રહી છે. સપ્ટેમ્બરના પ્રથમ ૧૫ દિવસમાં જ મુંબઈમાં ૧,૪૯૯ મલેરિયાના કેસ નોંધાયા હતા, જ્યારે ઓગસ્ટના સમગ્ર મહિનામાં ૨,૪૫૦ કેસ નોંધાયા હતા. આ જ સમયગાળામાં ડેન્ગ્યૂના ૫૯૮ અને ચિકનગુનિયાના ૧૩ કેસ પણ નોંધાયા હતા.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ખાનગી બસ ભડકે બળી

### સમયસર ઊતરી ગયેલા પ્રવાસીઓ બચી ગયા: એસી સિસ્ટમમાં ખામીને કારણે આગ લાગ્યાની શક્યતા

મુંબઈ: રાજસ્થાનથી પુણે જઈ રહેલી ખાનગી બસમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અચાનક આગ લાગતાં આખી બસ ભડકે બળી ઊઠી હતી. સદ્નસીબે સમયસર પ્રવાસીઓ બસમાંથી ઊતરી જતાં કોઈ જાનહાનિ થઈ નહોતી. બસની ઍરકન્ડિશનિંગ (એસી) સિસ્ટમમાં ખામી સર્જાવાને કારણે આગ લાગી હોવાની શક્યતા પ્રથમદર્શી વ્યક્ત કરાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સવારે ૭.૨૦ વાગ્યાની આસપાસ પનવેલ નજીક ખાલાપુર ટોલનાકા પાસે બની હતી. રાજસ્થાનના ઉદયપુરથી નીકળેલી ખાનગી સ્લીપર કોચ બસ પુણે જઈ રહી હતી.

કહેવાય છે કે બસના એન્જિનના ભાગમાંથી ધુમાડો નીકળવા લાગતાં પ્રવાસીઓને સતર્ક કરી દેવાયા હતા. પ્રવાસીઓ બસમાંથી ઊતર્યા ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતાંમાં આખી બસ ભડકે બળવા લાગી હતી.

આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. બસમાં લાગેલી આગ રસ્તા પર પણ ફેલાઈ હોવાનું વીડિયોમાં નજરે પડે છે.

પોલીસના જણાવ્યા મુજબ બસની એસી સિસ્ટમમાં ટેક્નિકલ ખામીને કારણે આગ લાગી હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. ઘટના એક્સપ્રેસવે પર પુણેની લેન પર બની હતી, જેને કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી.

# પ્રૅક્ટિસ ફરજિયાત નહોતી, પણ સૅમસન-સૂર્યવંશી મંડી પડ્યા બૅટિંગ કરવા

નિશિન (જાપાન): એશિયન ગેમ્સમાં પુરુષોની ટી-૨૦ ટૂર્નામેન્ટ શરૂ થઈ ચૂકી છે અને ભારતનો પ્રથમ મુકાબલો સોમવાર, ૨૮મી સપ્ટેમ્બરે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) છે અને એ પહેલાં ભારતીય ખેલાડીઓએ પ્રૅક્ટિસ કરવાની શરૂઆત કરી દીધી છે જેમાં ખાસ કરીને સંજુ સૅમસન અને વૈભવ સૂર્યવંશીએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

આ ટૂર્નામેન્ટ માટે વીવીએસ લક્ષ્મણ ભારતીય ટીમનો હેડ-કોચ છે. તેણે ગુરુવારે જાપાનના આઇચી-નાગોયામાં ટીમ ઇન્ડિયા માટે ઇન્ડોર સ્ટેડિયમમાં પ્રૅક્ટિસ સેશન રાખ્યું હતું. ખેલાડીઓ માટે આ સત્ર ફરજિયાત નહોતું. તેમને વિકલ્પ અપાયો હતો કે જેમને પ્રૅક્ટિસ કરવી હોય તેઓ આવી શકે છે, પણ જેમને ન કરવી હોય તેઓ હૉટેલના રૂમમાં આરામ કરી શકે છે. ખેલાડીઓને જાપાનના હવામાન સહિતની પરિસ્થિતિઓથી અનુકૂળ થવા વિશે તેમ જ બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગના કૌશલ્યને વધુ અસરદાર બનાવવા લક્ષ્મણ પાસેથી માર્ગદર્શન મળ્યું હતું.

કેટલાક ખેલાડીઓ લક્ષ્મણના કોચિંગમાં પ્રૅક્ટિસ માટે આવ્યા હતા જેમાં અનુભવી વિકેટકીપર-બૅટ્સમૅન સૅમસન અને ૧૫ વર્ષીય સૂર્યવંશી કેન્દ્રસ્થાને હતા. તેમણે લક્ષ્મણની દેખરેખમાં ખૂબ બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી. ઉલ્લેખનીય છે કે લક્ષ્મણ બેંગ્લૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)નો ચીફ છે. રવિવારે ઘરઆંગણે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે વન-ડે સિરીઝ શરૂ થઈ રહી છે અને ગૌતમ ગંભીર આ શ્રેણીમાં શુભમન ગિલ ઍન્ડ કંપનીને કોચિંગ આપવામાં વ્યસ્ત રહેશે એટલે લક્ષ્મણને એશિયન ગેમ્સમાં ભારતની ટી-૨૦ ટીમના કોચિંગની જવાબદારી સોંપાઈ છે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતને સીધી ક્વૉર્ટર ફાઇનલમાં એન્ટ્રી અપાઈ છે અને એ મુકાબલો સોમવારે થશે. એ જ દિવસે પહેલાં પાકિસ્તાનની અન્ય હરીફ સામે મૅચ રમાશે અને ત્યાર બાદ ભારતની મૅચ માટે સવારે ૧૦.૦૦ વાગ્યે ટૉસ થશે. ■

# પાકિસ્તાની પ્રેક્ષકે સૅમસન સાથે વાતચીત શરૂ કર્યા પછી કહ્યું, 'અભિષેકને બોલાવો'

સૅનો: વિશ્વમાં ક્યાંય પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચ ચાલતી હોય ત્યાં પ્રેક્ષકગણમાં ઓછામાં ઓછો એક ભારત-તરફી કે પાકિસ્તાન-તરફી પ્રેક્ષક હોય જ અને એવું મંગળવારે અહીં જાપાનની એશિયન ગેમ્સમાં જોવા મળ્યું હતું.

એ મૅચ ભારત અને જાપાન વચ્ચેની હતી, પરંતુ સ્ટેડિયમમાં એક પ્રેક્ષક એવો હતો જે પાકિસ્તાની હતો અને ભારતીય ટીમનો તથા ખાસ કરીને સંજુ સૅમસન અને અભિષેક શર્માનો ચાહક હતો.

ટી-૨૦ની વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર વન ભારતીય ટીમ જાપાન સામેની એ મૅચ મહામહેનતે બે રનથી જીતી લીધી ત્યાર પછી ભારતીય ખેલાડીઓ બાઉન્ડરી લાઇનની બહાર પ્રેક્ષકોનું મનોરંજન કરી રહ્યા હતા ત્યારે એક પ્રેક્ષક સૅમસન પાસે આવ્યો અને બોલ્યો 'હું પાકિસ્તાનથી આવું છું. આઇ લવ યુ, સંજુ.'

એ પાકિસ્તાની પ્રેક્ષક આટલું બોલીને અટકી નહોતો ગયો. તેણે સૅમસનને એવું પણ કહ્યું હતું કે 'અભિષેકને બોલાવો.'

પાકિસ્તાની પ્રેક્ષક સંજુ સૅમસનના પર્ફોર્મન્સ અને શાંત સ્વભાવથી પ્રભાવિત હતો. સૅમસને પેલા પ્રેક્ષકને જવાબ આપ્યો કે અભિષેક નાસ્તો કરી રહ્યો છે. નાસ્તો પૂરો કરશે એટલે અહીં આવશે. મૅચ હજી હમણાં જ પૂરી થઈ છે. પ્લીઝ, અમને થોડો સમય આપો.'

વાત અહીં સુધી જ નહોતી અટકી. પેલા પ્રેક્ષકો સૅમસનને કહ્યું, 'ભલે હું રાહ જોઈશ. હું પાકિસ્તાનથી ખાસ આ મૅચ જોવા આવ્યો છું.'

જોકે પછીથી ભારતીય ખેલાડીઓ મેદાન પર પાછા આવ્યા નહોતા અને પ્રેક્ષકો પણ વિખેરાઈને જતા રહ્યા હતા. ■

# ઇંગ્લૅન્ડના બાંગ્લાદેશી મૂળના ક્રિકેટર રૉબિન દાસ સામે બળાત્કારના બે આરોપ



લંડન: ઇંગ્લૅન્ડમાં ક્રિકેટરો નશો કર્યા પછી પબમાં ઝઘડો કે મારામારી કરે એ ઘટનાથી હવે કોઈ નવાઈ નથી લાગતી, પણ કોઈ બ્રિટિશ ક્રિકેટર પર બળાત્કારનો આરોપ હોય એ જાણીને ચોંકી જ જવાય. વધુ શૉકિંગ વાત એ છે કે તેના પર રેપના બે આરોપ છે અને અદાલતમાં તેનો કેસ આગળ વધવાનો છે જેની તારીખ આવી ગઈ છે. આ આરોપ કાઉન્ટી ક્રિકેટના ખેલાડી રૉબિન દાસ પર થયા છે.

ઇંગ્લૅન્ડની કાઉન્ટી ટીમ એસેક્સ વતી રમી ચૂકેલો ૨૪ વર્ષનો રૉબિન જેમ્સ દાસ મૂળ બાંગ્લાદેશનો છે. તેના પિતા મૂળ બાંગ્લાદેશના સિલ્હટ શહેરના છે. રૉબિન દાસ ઇંગ્લૅન્ડમાં ઇતિહાસના વિષયમાં વિશેષ ભણ્યો છે. ૨૦૨૩માં તેને બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)માં ઢાકા ડૉમિનેટર્સના ફ્રૅન્ચાઇઝીએ ખરીદ્યો હતો.

રૉબિન દાસ ઇંગ્લૅન્ડની ડોમેસ્ટિક ક્રિકેટનો ખેલાડી છે. ૨૦૨૪ની સાલમાં તેણે બ્રિક્સ્ટનમાં એક મહિલા પર બળાત્કાર કર્યો હોવાનો આરોપ છે. ગયા વર્ષે ૨૭મી ઑગસ્ટે રૉબિનની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર પછી તેને જામીન મળ્યા હતા. તે આ વખતની કાઉન્ટી સીઝનમાં મિડલસેક્સ વિરુદ્ધ વન-ડે કપ મુકાબલામાં રમ્યો હતો. સમાચાર સંસ્થા આઇએએનએસના અહેવાલ અનુસાર બળાત્કારના મામલે ઇનર લંડન ક્રાઉન કોર્ટે નવમી ઑક્ટોબરે હાજર થવા કહ્યું છે.

૨૩મી જુલાઈએ રૉબિન વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો એને પગલે તેને એસેક્સ ક્રિકેટે સસ્પેન્ડ કર્યો હતો. રૉબિને જે મહિલા પર બળાત્કાર કર્યો હોવાનો આરોપ છે એ મહિલાને આ કેસમાં ખાસ અધિકારીઓ દ્વારા મદદ મળી રહી છે.■

# છ દિવસ વીતી ગયા... શૂટર્સ ગોલ્ડ મેડલને નિશાન નથી બનાવી શક્યા

નાગોયા: વિશ્વ સ્તરના મોટા રમતોત્સવમાં નિશાનબાજી ભારતીયોની એક સૌથી મોટી તાકાત ગણાય છે, પરંતુ જાપાનની એશિયન ગેમ્સ શરૂ થયાને છ દિવસ થઈ જવા છતાં ભારતીય શૂટર્સના ગોલ્ડ મેડલ તરફના નિશાન સતત નિષ્ફળ જઈ રહ્યા છે. ભારતીય નિશાનબાજો ચાર સિલ્વર મેડલ અને ચાર બ્રૉન્ઝ મેડલ જીત્યા છે, પરંતુ હજી સુધી એકેય ગોલ્ડ નથી મળી શક્યો. એશિયન સ્પર્ધામાં તો ભારતીય શૂટર્સ પાવરહાઉસ તરીકે જાણીતા છે, પણ આ વખતે જે સ્થિતિ છે એવું ભારત માટે અગાઉ ભાગ્યે જ બન્યું છે.

મોટી સ્પર્ધાઓમાં ભારતીય શૂટર્સ ગોલ્ડ મેડલ જીતવામાં કાબેલ ગણાતા હોય છે. હરીફ દેશોના શૂટર્સને ભારતીય નિશાનબાજોનો સૌથી વધુ ડર રહેતો હોય છે, પણ એશિયન ગેમ્સમાં ભારતીય નિશાનબાજોના પાસાં ઊલટાં પડી રહ્યાં છે. ગુરુવારે મેન્સ ૧૦ મીટર ઍર પિસ્તોલ ટીમ હરીફાઈમાં ભારતીયો સુવર્ણચંદ્રક જીતવા માટે જાણીતા છે, પરંતુ એમાં પણ નિરાશા મળી હતી. કમલજીત, આકાશ ભારદ્વાજ અને કેદારલિંગ ઉચાગનવે આઠ નિશાનબાજોવાળી ફાઇનલમાં જ નહોતા પહોંચી શક્યા.

કમલજીત ફાઇનલના પ્રવેશથી એક પૉઇન્ટ દૂર રહી ગયો હતો. તે ૫૮૦ના સ્કોર સાથે નવમા સ્થાને રહ્યો હતો, જ્યારે ભારદ્વાજ ૫૭૯ના સ્કોર સાથે ૧૧મા નંબરે અને કેદારલિંગ ૫૬૮ના સ્કોર સાથે છેક ૩૫મા સ્થાને રહ્યો હતો. ભારતીયોનો ૧,૭૨૭નો કુલ ચોથા સ્થાન માટે પૂરતો હતો, પરંતુ જાપાન તક ઝડપીને ૧,૭૩૦ના સ્કોર સાથે બ્રૉન્ઝ મેડલ માટેની સ્થિતિમાં આવી ગયું હતું. બુધવારે ઑલિમ્પિક મેડલિસ્ટ મનુ ભાકર તેમ જ એશા સિંહ અને સુરુચિ ૧૦ મીટર ઍર પિસ્તોલની ફાઇનલમાં નહોતી પહોંચી શકી.

૨૦૨૨માં ચીનમાં આયોજિત એશિયન ગેમ્સમાં ભારતીયો કુલ ૨૮ ગોલ્ડ મેડલ જીત્યા હતા, પરંતુ આ વખતે પાંચ કરતાં વધુ દિવસ થઈ જવા છતાં ભારતીયોના ફાળે (ગુરુવારે બપોર સુધીમાં) એક જ ગોલ્ડ મેડલ આવ્યો અને એ પણ મહિલા ક્રિકેટરોએ અપાવ્યો. ૨૦૨૨માં ભારતે કુલ ૧૦૬ ચંદ્રક જીતી લીધા હતા અને ચોથા નંબર પર હતું, જ્યારે આ વખતે હજી સુધી માંડ ૧૫ મેડલ આવ્યા છે જેમાં એક ગોલ્ડ, છ સિલ્વર તથા આઠ બ્રૉન્ઝ સામેલ છે અને ભારત છેક ૧૫મા નંબરે હતું. ■

## ગુરુવારે શેમાં મેડલ મળ્યો? શેમાં મુકાબલા જીત્યા?

(૧) માર્શલ આર્ટ્સની રમત વુશુમાં રોશિબીના દેવી સતત બીજી એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ અને એકંદરે ત્રીજો મેડલ જીતી.

(૨) ઍથ્લેટિક્સમાં મિક્સ્ડ ૪ બાય ૪૦૦ રિલે ટીમ રેસ ટી. એસ. મનુ, એમ. આર. પૂવમ્મા અને વિશાલ ટી. કે. તથા વિથ્યા રામરાજે ત્રણ મિનિટ ૧૪.૪૬ સેકન્ડમાં પૂરી કરીને સિલ્વર મેડલ જીતી લીધો. મહિલાઓમાં સીમા ૧૦,૦૦૦ મીટર રેસમાં બ્રૉન્ઝ જીતી હતી.

(૩) રૉવિંગ (નૌકા હરીફાઈ)માં ટીમ કૉમ્બિનેશનની ફરિયાદ બાદ ભારતે સતનામ સિંહ અને સલમાન ખાનની જોડી મારફત ડબલ સ્કલ્સ સ્પર્ધામાં બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો.

(૪) પુરુષોની કબડ્ડીમાં ભારતે તાઇપેઇને ૩૭-૨૧થી અને મહિલાઓમાં ભારતે જાપાનને ૫૦-૨૫થી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો અને ઓછામાં ઓછો બ્રૉન્ઝ મેડલ પાક્કો કરી લીધો હતો.

(૫) મેન્સ હૉકીમાં ભારતે સાઉથ કોરિયાને ૮-૨થી હરાવ્યું અને સેમિ ફાઇનલમાં સ્થાન લગભગ પાક્કું કરી લીધું. ■

# ભારતે હૉકીમાં કોરિયાને ૮-૨થી હરાવ્યું

કકામિગાહારા (જાપાન): એશિયન ગેમ્સ હૉકીમાં ભારતની મહિલાઓની જેમ પુરુષોની ટીમ પણ એક પછી એક મૅચ જીતી રહી છે અને એ પણ ગોલના મોટા તફાવતથી. ગુરુવારે હરમનપ્રીત સિંહની કૅપ્ટન્સીમાં ભારતે વધુ એક મોટી જીત હાંસલ કરીને સેમિ ફાઇનલમાં સ્થાન લગભગ પાક્કું કરી લીધું હતું.

ભારતની મેન્સ ટીમે સાઉથ કોરિયાને ૮-૨થી હરાવીને આ વખતની ટૂર્નામેન્ટમાં સતત ત્રીજી જીત હાંસલ કરી હતી. દિલપ્રીત સિંહ ફરી એક વખત સુપરસ્ટાર ખેલાડી સાબિત થયો હતો. તેણે ગોલની હૅટ-ટ્રિક કરી હતી. તેણે ૧૦મી, ૨૬મી અને ૩૨મી મિનિટમાં ગોલ કર્યો હતો.

ભારતે ગ્રૂપ-એમાં મોખરાનું સ્થાન મેળવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી લગભગ કરી જ લીધી છે. આ મૅચ પહેલાં ભારતે ઇન્ડોનેશિયાને ૧૩-૧થી અને શ્રીલંકાને ૧૬-૧થી માત આપી હતી.

ગુરુવારે ભારત વતી અભિષેકે ૧૫મી તથા ૩૮મી મિનિટમાં ગોલ કર્યો હતો. એક-એક ગોલ હરમનપ્રીત સિંહ, શિલાનંદ લાકરા અને રાજિન્દર સિંહે કર્યો હતો. કોરિયન ટીમ વતી ૪૨મી અને બાવનમી મિનિટમાં અનુક્રમે કિમ જે હૉ અને કિમ યૉન્ગ બૉકે ગોલ કર્યો હતો. હવે શનિવારે ભારતનો મુકાબલો યજમાન જાપાન સામે થશે. ભારતની મહિલા હૉકી ટીમ પણ થોકબંધ ગોલ સાથે જીતીને ગોલ્ડ મેડલની દિશામાં આગળ વધી રહી છે.

# બીસીસીઆઇનો ફાઇનૅન્સ કંપની સાથે ટાઇટલ સ્પૉન્સરશિપનો કરાર

મુંબઈ: બીસીસીઆઇએ આવતા બે વર્ષ માટે ટીમ ઇન્ડિયાના ટાઇટલ સ્પૉન્સર તરીકે મુથૂટ ફિન્કોર્પ સાથે કરાર કર્યા છે. આ કરાર ૨૦૨૮ની ૩૧મી માર્ચ સુધીનો છે. આ કરાર ભારતમાં રમાનારી આંતરરાષ્ટ્રીય તથા ડોમેસ્ટિક મૅચોને જ લાગુ પડશે. એક અહેવાલ મુજબ આ ટાઇટલ સ્પૉન્સરશિપ 'બ્લુ મુથૂટ' તરીકે ઓળખાશે અને બીસીસીઆઇને આ કરાર હેઠળ પ્રતિ મૅચ ૪.૮૫ કરોડ રૂપિયા મળશે. ■

## એશિયન ગેમ્સમાં કોના કેટલા મેડલ?

(૧) ચીન: ૮૦ ગોલ્ડ સહિત કુલ ૧૩૦ મેડલ
(૨) જાપાન: ૨૦ ગોલ્ડ સહિત કુલ ૯૧ મેડલ
(૩) સાઉથ કોરિયા: ૧૦ ગોલ્ડ સહિત કુલ ૫૦ મેડલ
(૪) કઝાખસ્તાન: આઠ ગોલ્ડ સહિત કુલ પચીસ મેડલ
(૫) ઉઝબેકિસ્તાન: છ ગોલ્ડ સહિત કુલ ૨૬ મેડલ
(નોંધ: ભારત એક ગોલ્ડ સહિત કુલ ૧૭ મેડલ સાથે ૧૫મા ક્રમે હતું) ■

# સેહવાગનું પત્ની આરતી સાથે સમાધાન થઈ ગયું કે પછી સંબંધોમાં તિરાડ હતી જ નહીં?



નવી દિલ્હી: ક્રિકેટ જગતના સૌથી વિસ્ફોટક બૅટ્સમેનોમાં વિવ રિચર્ડ્સ પછી બીજા નંબરે ગણાતા વીરેન્દર સેહવાગ વિશે વર્ષોથી મોટા ભાગે ક્રિકેટલક્ષી વિગતો જ જાણવા મળી છે, પરંતુ પત્ની આરતી સાથેના તેના સંબંધોમાં કથિત તિરાડ પડી હોવાની અગાઉની અટકળ બાબતમાં ફરી એક વખત એક અહેવાલમાં ઉલ્લેખ થયો છે. જોકે વીરુદાદાએ તેના એક રિયાલિટી શૉના અવસરે ઇન્ટરવ્યૂમાં જે વાતો કરી છે એના પરથી તો સ્પષ્ટ થાય છે કે પત્ની આરતી સાથેના સંબંધોમાં કોઈ તિરાડ હતી જ નહીં.

સંબંધોની આ કહેવાતી તિરાડ વિશે સ્વાભાવિક છે કે સેહવાગ કે આરતી તરફથી સત્તાવાર રીતે કોઈ જ નિવેદન અપાયું નહોતું, પરંતુ જો સંબંધો બગડ્યા હશે તો પણ ખાનગીમાં જ સમાધાન થઈ ગયું હશે એવી ચર્ચા પણ એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ પરથી થવા લાગી છે. અગાઉ એવી અટકળો થઈ હતી કે જાન્યુઆરી, ૨૦૨૫થી સેહવાગ અને આરતી અલગ રહે છે.

૨૬મી સપ્ટેમ્બરે 'રાઇઝ ઍન્ડ ફૉલ ટૂ' નામના આ રિયાલિટી શૉનું પ્રીમિયર યોજાશે અને સેહવાગ આ શૉનો હૉસ્ટ છે. તેણે પત્ની સાથેની કથિત તિરાડની અટકળો પર કંઈ જ બોલવાનું પસંદ નહોતું કર્યું, ઊલટાનું તેણે ઇન્ટરવ્યૂ લેનારને કહ્યું કે જો તેની બાયોપિક બને તો એ બાયોપિક (પત્ની આરતી સાથેની) લવસ્ટોરી પર આધારિત હોવી જોઈએ.

શું તમારી લાઇફ પર બાયોપિક બનવી જોઈએ? એવું ઇન્ટરવ્યૂમાં પુછાતાં સેહવાગે તરત પત્ની આરતી સાથેના લગ્નજીવન તરફ સંકેત કરતા કહ્યું, 'હાસ્તો...મારી લવસ્ટોરી એ ફિલ્મનો મહત્ત્વનો ભાગ હોવી જોઈએ.'

ઉલ્લેખનીય છે કે સેહવાગ ક્રિકેટ ઍકેડમી સહિતની સ્કૂલ ચલાવે છે જેમાં અનેક બાળકો ભણે છે. સેહવાગ-આરતીના બન્ને પુત્રો (૧૮ વર્ષનો આર્યવીર અને ૧૬ વર્ષનો વેદાંત) બહુ સારું ક્રિકેટ રમે છે. આર્યવીર સેહવાગ ઑસ્ટ્રેલિયા-એ સામે રમી રહેલી ઇન્ડિયા-એ ટીમનો મેમ્બર છે. ■

# તમારા ઘરઆંગણે પધારેલા લાડકા બાપ્પાની દિવ્ય છબી હવે શોભશે

## 'મુંબઈ સમાચાર'ના પાને... ચાલો, આ ગણેશોત્સવની ભક્તિ અને ઉલ્લાસ આખા મુંબઈ સાથે વહેંચીએ...


શ્રીનાથ વિપુલ ગાંધી
કાંદિવલી વેસ્ટ



સંતોષ વિનાયક નાગવેકર
દાદર


સિનેમા રોડ
મિત્ર મંડળ


ગોકુલ ગગન સોસાયટી
કાંદિવલી વેસ્ટ


હિતેશ હરિશ સોટા
ચેમ્બુર


કૌસ્તુભ કિશન શિંદે
સાંતાક્રુઝ


નિશા ખડિકર
બોરીવલી વેસ્ટ


નીતા મુકેશ શાહ
કાંદિવલી વેસ્ટ


પિયુષ સૌદાગર
બોરીવલી વેસ્ટ



સચિન સંપટ અને ફેમિલી
કાંદિવલી વેસ્ટ


બેરીવાલ ચા રાજા
ગોરેગાંવ


ધર્મેશ જનાની
મલાડ વેસ્ટ


ધ્રુવ અને મોનાલી દેસાઈ
બોરીવલી વેસ્ટ


ખુશ્બુ અને ઉર્વી પારેખ
કાંદિવલી વેસ્ટ



મિથિલા એપાર્ટમેન્ટ સોસાયટી
કાંદિવલી વેસ્ટ




નયના ગાંધી
અંધેરી વેસ્ટ


નીલેશ શાહ
કાંદિવલી વેસ્ટ


રમેશ ધનવંત
અંધેરી ઈસ્ટ


સાંઈ સાવલી
વિરાર ઈસ્ટ


સમરન અક્ષયકુમાર બોમેરા
પનવેલ


શૌર્ય હિતેશ પારેખ



અનંગ નાગ

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# તગડી ઑફર છતાં એક્ટિંગને અલવિદા...

**‘દાદાસાહેબ ફાળકે અવૉર્ડ’ના તાજા વિજેતા અનંત નાગે હાલની ફિલ્મોના કથળી ગયેલા સ્તરને કારણે ફિલ્મો કરવાનું બંધ કરી દીધું છે**



પહેલી હિન્દી ફિલ્મ ‘અંકુર’માં શબાના આઝમી અને અનંત નાગ



ટીવી સિરિયલ ‘માલગુડી ડેઝ’માં

એકવીસમી સદીના ત્રીજા દાયકામાં સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ડંકા વધુ વાગી રહ્યા છે. આ દાયકાના પહેલા છ વર્ષના હિસાબકિતાબમાં સાઉથની ચાર ભાષા (તમિળ, તેલુગુ, કન્નડ અને મલયાલમ)ની ફિલ્મો અને કલાકારો હિન્દી ફિલ્મો અને ફિલ્મ સ્તરની સરખામણીએ કેટલાક ડગલાં આગળ રહ્યા છે.

તાજેતરમાં ‘દાદાસાહેબ ફાળકે અવૉર્ડ’થી સન્માનિત અભિનેતા અનંત નાગને હિન્દી ફિલ્મ રસિકો શ્યામ બેનેગલની ફિલ્મોના એક્ટર તરીકે વધુ ઓળખતા હશે, પણ એમણે મહત્તમ કામ કન્નડ ચિત્રપટમાં કર્યું છે. પચાસ વર્ષથી અભિનય કરી રહેલા અનંત નાગે ૩૦૦ ફિલ્મો કરી છે, જેમાંથી ૨૫૦ કન્નડ ભાષાની છે. આર.કે. નારાયણની વાર્તાઓ પર આધારિત નાના ભાઈ શંકર નાગ દિગ્દર્શિત દૂરદર્શન ધારાવાહિક ‘માલગુડી ડેઝ’માં મહત્ત્વની ભૂમિકાઓમાં પણ જોવા મળ્યા હતા. આ સિરિયલમાં તેમણે સાકાર કરેલા વિવિધ પાત્રોથી તેમનું નામ કર્ણાટકની બહાર અનેક જગ્યાએ જાણીતું બની ગયું હતું.

કન્નડ ચિત્રપટ સૃષ્ટિમાં દેશનો આ સર્વોચ્ચ અવૉર્ડ મેળવનાર અનંત નાગ બીજી વ્યક્તિ છે. આ પહેલા ૧૯૯૫માં ડૉ. રાજકુમાર (આપણા જાની નહીં)ને આ સન્માન મળ્યું હતું. હા, ૨૦૦૮માં આ સન્માન મેળવનારા સિનેમેટોગ્રાફર વી. કે. મૂર્તિ (ગુરુ દત્તની, ‘પ્યાસા’, ‘કાગઝ કે ફૂલ’ વગેરેમાં કરામત દેખાડનારા કસબી) કન્નડભાષી હતા, પણ તેમને આ અવૉર્ડ હિન્દી સિનેમામાં યોગદાન પેટે મળ્યો હતો. આમ કન્નડ સિનેમા માટે દાદાસાહેબ ફાળકે પારિતોષિક મેળવનાર અનંત નાગ બીજી જ વ્યક્તિ છે.

આટલી બહોળી કારકિર્દી ધરાવતા અભિનેતાને ૭૮ વર્ષની ઉંમરે પણ કામ કરવાના અભરખા છે અને એમને તગડી ઓફરો સુધ્ધાં આવે છે, પણ... પણ અનંત નાગ આજકાલ જે પ્રકારની ફિલ્મો બની રહી છે એનાથી નારાજ છે, વ્યથિત છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું છે કે ‘મને હિન્દી અને કન્નડ ફિલ્મોની ઓફર આવતી રહે છે. સ્ક્રિપ્ટ વાંચી નિર્ણય લઈશ એમ ચોખ્ખું કહી દઉં છું. તમે કદાચ માનશો નહીં, પણ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦થી વધુ સ્ક્રિપ્ટ હું વાંચી ગયો છું, પણ એમાંથી એકપણ મને ગમી નથી. એટલે એક્ટિંગને અલવિદા કરી દીધી છે. હાલની વાર્તાઓનું સ્તર ખૂબ નીચું ગયું છે. નવી પેઢીના દિગ્દર્શકોની વિચારસરણી અલગ છે. સિનેમામાં હિંસાનો અતિરેક અને એક્શન ફિલ્મોની ભરમારને કારણે ખાસ કરીને મહિલા પ્રેક્ષકો સિનેમાથી છેટું રાખી રહ્યા છે. આજકાલ કન્ટેન્ટ કરતાં બોક્સ ઓફિસ કલેક્શન અને કમાણી પર વધુ ધ્યાન આપવામાં આવે છે.’

આમ તો ત્રણ વર્ષમાં ૧૦૦ ફિલ્મની વાત ગળે ઉતરે એવી નથી, પણ અનંત નાગ ખોટું બોલે એવા નથી. કદાચ અભિનેતા એમ કહેવા માગતા હશે કે ઘણી બધી સ્ક્રિપ્ટ વાંચી, પણ એકેય ન ગમી અને ૧૦૦નો આંકડો ઘણી ઑફર માટે એક વિશેષણ હશે. ‘કેજીએફ: ચેપ્ટર વન’માં મહત્ત્વની ભૂમિકા કરનાર અભિનેતાએ ‘કેજીએફ: ચેપ્ટર ટુ’ માટે ના પાડી દીધી. કારણ કે એકસરખા રોલ કરવામાં કોઈ દિલચસ્પી નથી. એક્ટરની આ હૈયાવરાળ સમજવી હોય તો અભિનય ક્ષેત્રમાં એમનો ઉછેર કઈ રીતે થયો એ જાણવું જોઈએ.

૧૯૪૮માં કર્ણાટકમાં જન્મેલા અંનત નાગને શિક્ષણ પલ્લે નહોતું પડતું. શાળા ભણતર દરમિયાન એનસીસી (નેશનલ કેડેટ કોર્પ) અને એસીસી (ઓકઝીલરી કેડેટ કોર્પ) સાથે સક્રિય રહ્યા. કલાસરૂમ કરતાં મેદાનની પ્રવૃત્તિમાં વધુ આનંદ આવતો હતો. કિશોરાવસ્થામાં ૧૯૬૨ અને ૧૯૬૫ના બે યુદ્ધ જોયા અને દેશભક્તિના જુવાળમાં લશ્કરમાં જોડાવાનું નક્કી કર્યું. કમનસીબે આર્મીએ ઓછા વજનને કારણે ના પાડી અને નબળી દૃષ્ટિનું કારણ આપી એર ફોર્સ તરફથી જાકારો મળ્યો. જે દિશામાં આગળ વધવાની ઈચ્છા હતી એના દરવાજા જ બંધ થઈ ગયા. ફિલ્મો તરફ પોતે કઈ રીતે વળ્યા એ વિશે એક ઈન્ટરવ્યૂમાં અભિનેતાએ એક માર્મિક વાત કરતા જણાવ્યું કે ‘એ દિવસોમાં ભણવામાં ઢ હોય એવા વિદ્યાર્થીઓને શિક્ષકો જ કહેતા કે જા ફિલ્મોમાં કામ કર. બીજું કંઈ ન કરી શકે એ ફિલ્મોમાં નસીબ અજમાવે એવું દાઢમાં કહેવાતું હશે.’ ભણવા માટે રીતસર મુંબઈ ધકેલવામાં આવેલા અનંત નાગ મુંબઈ - મહારાષ્ટ્રની આધુનિક રંગભૂમિ ચળવળના સંપર્કમાં આવ્યા. આ સંપર્ક અને સંસર્ગને કારણે અભિનેતાને મરાઠી, હિન્દી, કોંકણી અને કન્નડ નાટકોમાં કામ કરવાની તક મળી. સત્યદેવ દુબે, ગિરીશ કર્નાડ અને અમોલ પાલેકરના સાંનિધ્યમાં અભિનયનો એકડો ઘૂંટાયો.

આ સંગત અનંત નાગને શ્યામ બેનેગલ સુધી દોરી ગઈ. એડવર્ટાઈઝિંગ ક્ષેત્રમાંથી ચલચિત્ર ક્ષેત્રમાં ઝંપલાવવા ઉત્સુક બેનેગલએ તેમની પહેલી ફિલ્મ ‘અંકુર’ માટે માત્ર એક કન્નડ ફિલ્મનો અનુભવ ધરાવતા આ અભિનેતાને સાઈન કરી લીધા. રસપ્રદ વાત એ છે કે બેનેગલએ ‘સિડલિંગ’ એવું અંગ્રેજી નામ રાખ્યું હતું અને યોગ્ય હિન્દી ટાઈટલની શોધમાં હતા. એને માટે એક હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. અનંત નાગને હિન્દીમાં ફાવટ હોવાથી ‘અંકુર’ નામ સૂચવ્યું અને ઈનામ મેળવ્યું. ડિરેક્ટર - એક્ટર વચ્ચે એવો તાલમેલ બેસી ગયો કે બેનેગલની છ ફિલ્મમાં અભિનેતાની હાજરી હતી - ‘અંકુર’, ‘નિશાંત’, ‘મંથન’, ‘ભૂમિકા’, ‘કોન્ડુરા’ અને ‘કલિયુગ’. આ ફિલ્મોમાં અનંત નાગ ટિપિકલ વિલન નહોતા પણ એમણે ભજવેલા પાત્ર નઠારા હતા એટલે તેમણે બેનેગલને એકવાર હસતા હસતા કહ્યું પણ હતું કે ‘તમે મને વિલન બનાવી દીધો.’

સિત્તેરના દાયકામાં કન્નડ ફિલ્મોમાં પણ તે જોવા મળ્યા. કન્નડ ભાષામાં અલગ જ પ્રકારની ‘ન્યુ વેવ’ ફિલ્મો બનતી હતી. ત્યાં એ આર્ટ ફિલ્મો તરીકે ઓળખાતી હતી. શરૂઆતમાં ૩૦ - ૩૫ આર્ટ ફિલ્મોમાં કામ કર્યું હતું. કલાત્મક સંતોષ એક વાત છે અને પૈસાની જરૂરિયાત બીજી વાત છે. આર્ટ ફિલ્મોની સરખામણીમાં કમર્શિયલ ફિલ્મોમાં ઘણા વધારે પૈસા મળતા હોવાથી એવી ફિલ્મો સ્વીકારવાનું શરૂ કર્યું. આર્ટ ફિલ્મોથી પીઠ નહોતી ફેરવી લીધી. જ્યારે તક મળી, આર્ટ ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું. કન્નડ ઉપરાંત તેલુગુ ને મલયાલમ ફિલ્મો પણ કરી. હિન્દી ઉપરાંત અમોલ પાલેકર સાથે એક મરાઠી ચિત્રપટ કરવાનો પણ લ્હાવો લીધો.

આવા માહોલમાં ઉછરેલા અભિનેતાને આજની ફિલ્મો, એની વાર્તા - રજૂઆત માફક ન આવે એ સમજી શકાય એવી વાત છે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# મદદ કરો હે... સિનેમા સાથે શ્રદ્ધાનો સુપરહિટ સંગમ

***પૌરાણિક ફિલ્મો ક્યારેય જૂની નથી થતી, કારણ કે જીવનમાં ભય, આકાંક્ષા અને શ્રદ્ધા ક્યારેય બદલાતાં નથી.***

...........

***જ્યારે જ્યારે અભિનેતા પર ભગવાનનો મુગટ ચડે ત્યારે દર્શકો થિયેટરને મંદિર માની બેસે છે.***

...........




આંધ્રપ્રદેશના થિયેટરમાં અભિનેતા એન.ટી. રામારાવ, સ્ક્રીન પર ભગવાન શ્રીકૃષ્ણ રૂપે પિતાંબર ને મુકુટમાં જેવા પ્રગટ થયા, પ્રેક્ષકોમાંનાં ભક્તો એટલા ભાવવિભોર થઈ ગયા કે એ લોકોએ પડદા પર ભગવાનનાં ચરણોમાં નારિયેળ વધેરવા ફેંક્યા ને પડદો ફાટી ગયો! સાઉથ ઇન્ડિયામાં એનટીઆર અને એમ.જી. રામચંદ્રને એટલી બધી પૌરાણિક ફિલ્મોમાં ભગવાનના રોલ કર્યા કે લોકો ખરેખર તેમને ભગવાન માનવા લાગેલા. પછી તો એક્ટરો પોતે પણ ખુદને ભગવાન માનવા લાગેલા!

પોતાના ‘ફેન ક્લબ’ રચીને દાનધર્મ કરતા ને ‘દરીદ્રનારાયણ’ તરીકે પૂજાતા. ભગવાન જેવા સ્ટાર લોકો પાછા ચૂંટણી પણ લડતા ને એના પ્રચારમાં ભોળા લોકો સ્ટાર્સને દેવતા સમજીને ચરણ સ્પર્શ કરવા ભગદડ મચાવતા, જીવતા કચડાઇ જતા! ત્યારે સાચા કે ખોટા કોઇ ભગવાન, ભક્તોને બચાવી શકતા નહીં.

૧૯૧૩માં દાદાસાહેબ ફાળકેએ બનાવેલી પહેલી મૂંગી ફિલ્મ ‘રાજા હરિશ્ચંદ્ર’ ધર્મ, આસ્થા ને ચમત્કારોથી ભરપૂર હતી. એ જમાનામાં લોકો રાજા હરિશ્ચંદ્ર ને તારામતીના દુઃખ જોઈને રડી પડતાં અને આદર્શ જીવન જીવવા પ્રેરાતા. ખુદ ગાંધીજી, ફિલ્મોને ‘સમયનો વેડફાટ’ ગણતા પણ પોતે લાઇફમાં એક જ વાર ‘બૈજુ બાવરા’ જેવી અનેક હિટ ફિલ્મોના ગુજરાતી ફિલ્મકાર વિજય ભટ્ટની ફિલ્મ ‘રામરાજ્ય’ માટે સમય ફાળવેલો ખરો!

છેક ૧૯૧૩થી આજે ૨૦૨૬માં પણ આવી આસ્થાને કારણે જ નીમ કરોલી બાબાના જીવનથી પ્રેરિત ‘હનુમાન અંશ’ જેવી નાનકડી ફિલ્મ સુપર હિટ થઇ જ છેને? માઇથોલોજીકલ સિનેમાનો જાદૂ માત્ર હિંદી કે સાઉથમાં નહીં, પણ ભારતભરમાં રહ્યો છે. પંજાબી સિનેમામાં ૧૯૬૯ની ‘નાનક નામ જહાજ હૈ’ સૌથી મોટી હિટ ગણાય છે. જેને જોવા થિયેટરની બહાર લોકો ચંપલ ઉતારતા, હોલ ગુરુદ્વારામાં ફેરવાઈ જતો. ગુજરાતી ફિલ્મોમાં ૧૯૭૦-૮૦માં જય દ્વારકાધીશ, ગોરા કુંભાર, મેલડી માતા, જય જલારામ, ખોડિયાર માતા..થી માંડીને જેટલા દેવી, દેવતા સંતો, માતાઓ ખરેખર બ્રહ્માંડમાં નહીં હોય એનાથીયે વધારે ચમત્કારો,પરચાઓવાળી ફિલ્મો બની છે. છેલ્લે હમણાં ‘લાલો’ ફિલ્મ ૧૦૦ કરોડ કમાઇ ચૂકી છે. એ આસ્થાવાન ગુજજુઓનું લેટેસ્ટ ઉદાહરણ છે.

૧૯૭૫માં જ્યારે ‘શોલે’ સુપહિટ થયેલી ત્યારે સામે માંડ ૪૫ લાખના ખર્ચે બનેલી ‘જય સંતોષી મા’ ફિલ્મે ‘શોલે’ને બોક્સઓફિસ પર પછાડી મૂકેલી. જેમાં કવિ પ્રદીપનાં અદ્‌ભુત ગીતો હતાં જેમાં ભક્ત, ઈશ્વરને ખુલ્લી ચેલેંજ આપે છે કે ‘આજ કહીં બદનામ ના હોવે, મેરા તુમ્હારા યહાં નાતા... ઓ માતા! મદદ કરો સંતોષી માતા..!’ વળી એમાં જ ‘મેં તો આરતી ઉતારું રે સંતોષી માતા કી...’ ને ‘યહાં વહાં જહાં તહાં...’ જેવાં ભજનો ગીતો સુપરડુપર હિટ હતાં.. સંતોષી મા ફિલ્મની એવી તે અસર હતી કે દેશભરની કન્યાઓ ને મહિલાઓ સળંગ ૧૬ શુક્રવાર ‘સંતોષી માતાનું વ્રત’ કરતી, જેમાં ખાટી વસ્તુઓ ખાવાની મનાઈ હતી. એ ફિલ્મમાં સૌથી વિચિત્ર વાત એ હતી કે લક્ષ્મી, સરસ્વતી ને પાર્વતી જેવી દેવીઓ એ ફિલ્મમાં ખલનાયિકાઓ હતી! એક સામાન્ય સ્ત્રીની સંતોષી માતા માટેની ભક્તિથી અને સંતોષી માતાનાં પરચાઓથી આ ત્રિદેવીઓ ઇનસિક્યોર થઇ જલી ઊઠે છે અને ભક્તાણી હીરોઇનનાં વ્રતમાં ને જીવનમાં અનેક અડચણો ઊભી કરે છે! વિચારો, આજના હાઇપર ધાર્મિક સમયમાં કોઈ દેવીઓને આવી નકારાત્મક ભૂમિકામાં દેખાડવાની હિમ્મત પણ કરે? મુંબઇમાં મહાલક્ષ્મી સ્ટેશન પાસે પારસીબાવાની ન્યૂ શીરીન ટોકિઝમાં પાંચ વરસ આ ફિલ્મ સતત હાઉસફૂલ ચાલેલી, જ્યાં બ્હાર નાળિયેર, ફૂલહારવાળા અને પ્રસાદવાળાઓની દુકાનો ઊભી થયેલી. પણ કરોડો કમાનાર સંતોષી માતા ફિલ્મનાં ગરીબ નિર્માતાએ સાવ સસ્તામાં ડિસ્ટ્રિબ્યૂટરોને ફિલ્મ વેંચી નાખેલી ને સંતોષી માતા ફિલ્મનાં ખુદ નિર્માતાને જ ફળ્યા નહોતા!

વળી આપણી ધાર્મિક ફિલ્મોમાં એકના એક જ કલાકારો દેખાતા જેમ કે અભિ ભટ્ટાચાર્ય, વિશ્વજીત, નલીની જયવંત, ત્રિલોક કપૂર, મહિપાલ, નિરુપા રોય, નિતા ગુહા, ભારત ભૂષણ, કાનન કૌશલ, દુર્ગા ખોટે, જયશ્રી ગડકર વગેરે વગેરે.. ઇવન નં. ૧ હીરોઇન મીનાકુમારીએ પણ ‘વીર ઘટોત્કચ’ જેવી ફિલ્મોમાં કામ કરેલું! બોલિવૂડના સ્ટાઇલિશ વિલન જીવન સાહેબે તો પૌરાણિક ફિલ્મોમાં કુલ ૪૯ વખત નારદનું પાત્ર ભજવવાનો રેકોર્ડ સર્જેલો ! વીણા વગાડતા ‘નારાયણ... નારાયણ...’ બોલવું આજ સુધી લોકોને યાદ છે. એ જ રીતે દારા સિંહે ‘બજરંગબલી’ સહિત અનેક ફિલ્મોમાં હનુમાનજીના રોલ કરીને અસલી પવનપુત્ર તરીકે ઓળખ મેળવેલી.

૧૯૮૫માં દૂરદર્શન પર ‘રામાયણ’ સિરિયલ આવતી ત્યારે ગામડાના ખેતરની આસપાસ મેળો જામતો.

ખાટલા ગોઠવવાતા ને સો-બસો લોકો હાથ જોડીને ટીવી સામે બેસતા. અરુણ ગોવિલ જ્યારે રામના રૂપે દેખાતા ત્યારે લોકો ટીવી સામે અગરબત્તી પ્રગટાવતા. અરુણ ગોવિલને રામ સમજીને ૮૦-૯૦ વરસના વૃદ્ધોને પગે પડતા મેં સગી આંખે જોયા છે.

૧૯૭૮માં અભિનેતા,નિર્માતા, નિર્દેશક મનોજ કુમારની ‘શીરડીવાલે સાંઇબાબા’ ફિલ્મ પછી જ સાંઇબાબાનું નામ દેશભરમાં ગાજેલું. વળી મનમોહન દેસાઇની મસાલા ફિલ્મ ‘અમર અકબર એંથની’ ફિલ્મમાં આનંદ બક્ષીએ લખેલ ‘શીરડીવાલે સાંઇબાબા’ કવ્વાલી આજેય મુંબઇની લોકલ ટ્રેનમાં ભિક્ષા માગવા માટે અચૂક ગવાય છે. એ ભજનકમ કવ્વાલીમાં ‘લબ પે દુઆએં, આંખોં મેં આંસુ, દિલ મેં ઉમ્મિદે પર ઝોલી ખાલી!’ લખીને બક્ષીજીએ ભક્તની પીડા આબાદ વ્યક્ત કરી છે.

બીજી તરફ, હોલિવુડમાંયે ધાર્મિક ફિલ્મોની ઘેલછા ઓછી નથી. સેસિલ બી. ડિમિલની ફિલ્મ ‘ધ ટેન કમાન્ડમેન્ટ્સ’ અને વિલિયમ વાયલરની મેગા-હિટ ફિલ્મ ‘બેનહર’ એ બાઇબલની ગાથાઓ પરથી જ બનેલી. જોકે સમય બદલાતા ૧૯૮૦ના દાયકા બાદ ધાર્મિક ફિલ્મો ઓછી બનવા લાગી ને ટીવી પર ૪૫ મહાદેવ, ૨૩ દેવીદેવતાઓ અને સાંઇબાબા પર સિરિયલો આવે જ રાખે છે.

ક્યારેક આસ્થા સાથે ચેડાં થવાના ઊલટા પરિણામ પણ આવ્યાં. ૨૦૧૪માં સંતોષી માતા ફિલ્મની રીમેક બની ત્યારે માતાજીનો રોલ કરનાર હીરોઇનનો જ કોઇ અશ્લીલ ફિલ્મનો વીડિયો વાઇરલ થઇ ગયેલો ને ત્યારે પણ નિર્માતાને અસલી માતા પણ બચાવી શકેલા નહીં! તાજેતરની સેંકડો કરોડોમાં બનેલ ફિલ્મ ‘આદિપુરુષ’ પણ ધાર્મિક ભાવના દુખાવાનુ મોટું ઉદાહરણ છે, જે આધુનિક પોશાક ને વાહિયાત સંવાદોને કારણે બોક્સ ઓફિસ પર બૂરી રીતે પછડાઈ ને વખોડાઇ. એવા જ અનેક વિવાદ રણબીર કપૂરને પ્રભુ શ્રીરામ તરીકે ચમકાવતી આગામી ફિલ્મ ‘રામાયણ’ વિશે અત્યારથી થઇ રહ્યા છે, પણ આસ્થા ને સિનેમાનું મિશ્રણ વચ્ચે વચ્ચે બોક્સઓફિસ પર પરચો દેખાડે છે. ■

હેન્રી શાસ્ત્રી

# ફ્લેશ બેક

# ફિલ્મનાં મુહૂર્તઃ મહત્ત્વાકાંક્ષાથી મોંકાણ સુધીની દાસ્તાન...

### હિન્દી ફિલ્મઉદ્યોગમાં સિનેમાનું શૂટિંગ શરૂ કરતા પહેલાં જોવાતું મુહૂર્ત અને મુહૂર્ત શોટનો ઇતિહાસ મજેદાર છે







સુભાષ દેસાઈ નિર્મિત 'સમ્રાટ ચંદ્રગુપ્ત' અને મુહૂર્ત માટે મનહરલાલ રાંદેરિયાનો ઉલ્લેખ

**ખ્યાતનામ** સંગીત્કાર કલ્યાણજીભાઈની પુણ્યતિથિ (૨૪ ઓગસ્ટ) નિમિત્તે એમની સંગીતયાત્રાની મોજ માણતી વખતે અનેકવાર સાંભળેલું ફિલ્મ 'નાગિન'નું લતાદીદીનાં સ્વરમાં 'મન ડોલે મેરા તન ડોલે' ફરી એકવાર એના બીન સંગીતને કારણે સાંભળવાની લાલચ રોકી ન શકાઈ. એ સાંભળ્યા પછી સંગીત દિગ્દર્શક તરીકેની તેમની પ્રથમ સ્વતંત્ર ફિલ્મ 'સમ્રાટ ચંદ્રગુપ્ત'ના ગીતો સાંભળવાની પણ ઈચ્છા થઈ. ફિલ્મના ટાઈટલ્સ જોતી વખતે બે અસાધારણ વાત જાણવા મળી. એક વાત એ છે કે ટાઈટલ દરમિયાન નક્કી કરેલું સંગીત વાગતું હતું, પણ જેવું ટાઈટલમાં સંગીત કલ્યાણજી વીરજી (Music KALYANJI VIRJI) આવ્યું એટલે મૂળ સંગીતની જગ્યાએ 'નાગિન'માં કલ્યાણજીભાઈએ કલેવાયોલિનની મદદથી વગાડેલી યાદગાર ધૂન વાગવા લાગી. 'નાગિન'માં વગાડેલી આ ધૂનથી જ કલ્યાણજીભાઈની નામનાની શરૂઆત થઈ હતી. જાણે કે દર્શકોને જણાવવું હોય કે 'પેલા બીનવાળા કલ્યાણજીભાઈનું આમાં સંગીત છે.'

ટાઈટલ્સમાં બીજો રસપ્રદ અને સુખદ આશ્ચર્ય આપનારો ઉલ્લેખ હતો Mahurat Time By Manharlal Randeria – ફિલ્મના મુહૂર્તનો સમય મનહરલાલ રાંદેરિયાએ નક્કી કર્યો હતો.

ફિલ્મ નિર્માણ સાથે સંકળાયેલા લોકો અને વિશેષ કરીને ગુજરાતીઓ મુહૂર્ત (કોઈ સારું કામ આરંભવાનો અનુકૂળ ને શુભ દિવસ કે વખત)માં બહુ માનતા હતા. હજી પણ માને છે. કદાચ ટકાવારીમાં અને શૈલીમાં બદલાવ આવ્યો હશે. જ્યોતિષ પાસે યોગ્ય દિવસ, ચોઘડિયું અને સમય કઢાવી એ જ સમયે શ્રીફળ વધેરી કે બીજી કોઈ રીતે ફિલ્મનું મુહૂર્ત થતું હતું. આ ફિલ્મના નિર્માતા (સુભાષ દેસાઈ), દિગ્દર્શક (બાબુભાઈ મિસ્ત્રી) અને સંગીતકાર (કલ્યાણજી વીરજી) ગુજરાતી હતા. મનહરલાલ રાંદેરિયા સુભાષ દેસાઈના પારિવારિક જ્યોતિષ હતા. નિર્માતાઓ જ્યોતિષી મનહરલાલ રાંદેરિયાના જ્યોતિષ અને મુહૂર્તના સમય પર ગાઢ વિશ્વાસ રાખતા હતા. જોકે, સ્ક્રીન પર સત્તાવાર રીતે તેમનો આભાર માનવામાં આવ્યો હોય એવું અન્ય ઉદાહરણ હોય તો પણ જાણમાં નથી.

હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં મુહૂર્ત શોટ એ માત્ર એક શૂટિંગની શરૂઆત નથી, પરંતુ એક પવિત્ર અને સાંસ્કૃતિક પરંપરા છે. અગાઉ ફિલ્મનું શૂટિંગ શરૂ કરતા પહેલાં ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ જોઈને એક શુભ સમય (મુહૂર્ત) નક્કી કરવામાં આવતો હતો. આ શુભ ક્ષણે લેવામાં આવતા ફિલ્મના સૌથી પહેલા શોટને 'મુહૂર્ત શોટ' કહેવામાં આવે છે. એનો મુખ્ય ઉદ્દેશ શુભ ઘડીએ કામ શરૂ થાય એ રહ્યો છે.

મુહૂર્ત શોટ દરમિયાન સામાન્ય રીતે મુખ્ય ત્રણ વિધિ કરવામાં આવતી. પ્રથમ સેટ પર ગણપતિ પૂજા કરી વિઘ્નો દૂર કરવા માટે નાળિયેર વધેરવામાં આવે. ત્યારબાદ સામાન્ય રીતે ફિલ્મના હીરો-હીરોઈન કે ડાયરેક્ટર નહીં, પણ ઇન્ડસ્ટ્રીના ખૂબ જ વરિષ્ઠ કલાકાર, સગા-સંબંધી અથવા ચીફ ગેસ્ટ આવીને ક્લેપ બોર્ડ વગાડે છે. કોઈ અન્ય દિગ્ગજ ડાયરેક્ટર કે કેમેરામેન આવીને એ પવિત્ર શોટ વખતે 'એક્શન' બોલે અને કેમેરો રોલ થાય છે.

૧૯૭૦ના દાયકામાં મુહૂર્ત શોટનું ચલણ ખાસ્સું વધી ગયું. એ શોટ માત્ર શૂટિંગની શરૂઆત નહોતી, પણ ફિલ્મની સત્તાવાર જાહેરાત અને પીઆર ઇવેન્ટ બની ગઈ હતી. પત્રકારો અને ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર્સને ખાસ આમંત્રણ આપવામાં આવતું. કલાકારો બનીઠનીને આવતા અને ઘણીવાર મુહૂર્ત શોટ માટે ભજવાયેલો સીન મુખ્ય ફિલ્મમાં જોવા ન મળતો. માત્ર પ્રતીકાત્મક ટેક હોય જે કેમેરામાં રેકોર્ડ કરવામાં આવતો. રાષ્ટ્રીય ઉત્સવ હોય એ રીતે મુહૂર્ત પાર પડતું હતું. દિલીપ કુમાર, ધર્મેન્દ્ર, અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્નાને સૌથી વધુ આમંત્રણ મુહૂર્ત માટે મળતાં હતાં. રાજીવ રાયની 'વિશ્વાત્મા'(૧૯૯૨) ફિલ્મનું મુહૂર્ત ખાસ્સું ગાજ્યું હતું. મુહૂર્ત સમારોહમાં એ સમયે મુંબઈમાં જેમની હાક વાગતી હતી એ શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ ક્લેપબોર્ડથી મુહૂર્ત શોટ કરાવ્યો હતો. એને ભરપૂર પબ્લિસિટી મળી હતી. આજે ડિજિટલ યુગમાં મુહૂર્તની ઝાકઝમાળની ઘણેઅંશે બાદબાકી થઈ ગઈ છે. જોકે, નામાંકિત ફિલ્મમેકરો શૂટિંગના પહેલા દિવસે 'મુહૂર્ત પૂજા' કરી સોશ્યલ મીડિયા પર ક્લેપ બોર્ડનો ફોટો શેર કરીને ફિલ્મની સત્તાવાર જાહેરાત કરે છે.

**મુહૂર્ત પછી ઉઠમણુંઃ**

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મુહૂર્તની રોચક કહાણી જાણ્યા પછી હવે એક અણગમતી વાત પણ જાણી લો. વાજતેગાજતે ફિલ્મનું મુહૂર્ત અને મુહૂર્ત શોટ લીધા પછી એ પ્રથમ શોટ જ ક્યારેક અંતિમ શોટ બની ગયો હોય એવી ઘણી ફિલ્મો ઈતિહાસના ચોપડે જમા છે. મુહૂર્ત બહુ ધામધૂમથી થાય, મોટી સ્ટારકાસ્ટ સાઇન થાય, પણ એ મુહૂર્ત શોટ પછી ફિલ્મ ક્યારેય આગળ વધી જ ન શકે. નાણાંની અછત અથવા આંતરિક વિવાદોને કારણે આવી ફિલ્મો કાયમ માટે ડબ્બામાં બંધ થઈ જતી. સૌથી ખ્યાતનામ ઉદાહરણ છે સુભાષ ઘઈની ફિલ્મ 'દેવા'નું. ફિલ્મમાં અમિતાભ બચ્ચનની ભૂમિકા એક ડાકુની હતી. એના ગેટઅપમાં અમિતજીની કેટલીક તસવીરોએ આકર્ષણ જન્માવ્યું હતું. આ અતિ મહત્ત્વાકાંક્ષી ફિલ્મના મુહૂર્તની ખાસ્સી ચર્ચા થઈ હતી. જોકે. વૈચારિક મતભેદોને કારણે મુહૂર્ત શોટ પછી આગળ શૂટિંગ નહોતું થઈ શક્યું. જે. પી. દત્તાની 'બંધુઆ' (અમિતાભ – માધુરી), નીરજ પાંડેની 'ચાણક્ય' (અજય દેવગન) જેવાં ઘણાં ઉદાહરણ છે જે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવા સાબિત થયા હતા. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ગોલમાલ'નું ગુજરાત કનેક્શન



રોહિત શેટ્ટી

બોલિવૂડના 'એક્શન વત્તા કોમેડી કિંગ' રોહિત શેટ્ટી પોતાની સુપરહિટ ફ્રેન્ચાઈઝી 'ગોલમાલ'નો પાંચમો ભાગ લઈને આવી રહ્યા છે. જોકે, આ વખતે તેમણે દિવાળીના ફટાકડા ફોડવાને બદલે ૮ જાન્યુઆરી ૨૦૨૭ની તારીખ પસંદ કરી છે. સામાન્ય રીતે દિવાળી પર હાસ્યના ફટાકડા ફોડતી આપણી આ ગોલમાલ ગેંગ જાન્યુઆરીના ઠંડા વાતાવરણમાં કેમ આવી રહી છે, તેનું રસપ્રદ કારણ જાણીને તમે પણ કહેશો વાહ રોહિતભાઈ, દિમાગ તો જોરદાર દોડાવ્યું હોં!

અંદરની ખબર એવી છે કે આ આખીય રમત પાછળ 'ગુજરાત ફેક્ટર' કામ કરી ગયું છે. રોહિતભાઈ સારી રીતે જાણે છે કે ગુજરાતી દર્શકો તેમની ફિલ્મો પર હંમેશાં ઓળઘોળ રહ્યા છે. ૮ જાન્યુઆરીએ ફિલ્મ રજૂ થાય એટલે પહેલાં વીકઍન્ડમાં તો દર્શકો થિયેટર ગજવશે જ. ત્યારબાદ બીજા અઠવાડિયે ૧૪ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ અને વાસી ઉત્તરાયણની જબરદસ્ત રજાઓ આવશે. ગુજરાતીઓ ધાબે પતંગ ચગાવી, તલસાંકળી અને ઊંધિયું-જલેબી ઝાપટીને સીધા સિનેમાઘરો તરફ દોટ મૂકશે!

બોક્સ ઑફિસ પર કમાણીની પતંગ આકાશે ચડાવવાનો આનાથી શ્રેષ્ઠ પ્લાન બીજો કયો હોઈ શકે?

ડિસેમ્બરની મોટી ફિલ્મોનો ક્રેઝ પણ ત્યાં સુધીમાં પૂરો થઈ ગયો હશે. વળી, ૨૧ જાન્યુઆરીએ સંજય લીલા ભણસાલીની 'લવ ઍન્ડ વોર' આવે તે પહેલાં 'ગોલમાલ ૫'ને પૂરા બે અઠવાડિયાનું મોકળું મેદાન મળી જશે. ટૂંકમાં કહીએ તો, ગુજરાતના વેપારી જેવી પાકી ગણતરી કરીને રોહિત શેટ્ટીએ આ તારીખ નક્કી કરી છે. હવે જોવાનું એ રહેશે કે ઉત્તરાયણના આ મહાપર્વ પર અજય દેવગનની ટોળકી બોક્સ ઑફિસ પર કેટલી સંખ્યામાં 'કાપ્યો છે!'ના પોકારો પડાવે છે!

### બિપાશાના ઘેર ભજવાયો હોરર-શો ...

બોલિવૂડની 'ડસ્કી બ્યુટી' અને અલ્ટીમેટ ફિટનેસ ક્વીન બિપાશા બસુ પોતાની પડદા પરની કેટલીક હોરર ફિલ્મો માટે જાણીતી છે, પણ તાજેતરમાં તેના પોતાના રસોડામાં જ એક રિયલ ટાઈમ હોરર સીન ભજવાઈ ગયો!. વાત જાણે એમ બની કે, બિપાશાએ ભારે હોંશથી એક જાણીતી બ્રાન્ડનો પ્રોટીન પાઉડરનો નવોનક્કોર સીલપેક ડબ્બો ખોલ્યો. તેને આશા હતી કે રોજિંદા વર્કઆઉટ પછી મસ્ત હેલ્ધી પ્રોટીન શેક પીવા મળશે. પણ અરે રે, ડબ્બો ખોલતાં જ અંદરથી પાઉડરની સાથે નાના-નાના જીવતા કીડાઓનું આખું સરઘસ બહાર નીકળી આવ્યું!

આ દૃશ્ય જોઈને બિપાશાનો પિત્તો ગયો. તેણે તરત જ આંગળી પર સળવળતો કીડો બતાવીને વીડિયો બનાવ્યો અને સોશ્યલ મીડિયા પર શેર કરી દીધો. એટલું જ નહીં, તેણે આજકાલ સમાચારમાં સ્થાન જમાવી ચુકેલા 'મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)' કમિશનર તુકારામ મુંઢે સાહેબને ટેગ કરીને ગુહાર લગાવી કે, સાહેબ, હવે તમે જ અમારો એકમાત્ર આશરો છો, જેથી ખરીદેલી વસ્તુઓમાં આવું ખરાબ કે ભેળસેળિયું ખાવાનું ન મળે.

બિપાશાના આ ધડાકા પછી કંપની પણ એકદમ હરકતમાં આવી ગઈ. કંપનીએ તાબડતોબ ખુલાસો કરતાં કહ્યું કે, અમે સેલિબ્રિટી કન્ઝ્યુમરનો સંપર્ક કર્યો છે અને અમારી ક્વૉલિટી ટીમ આ પેકેટની તપાસ કરી રહી છે. બોલિવૂડ સ્ટાર્સ બોડી બનાવવા હજારો રૂપિયાના ડબ્બા ખરીદે, પણ બદલામાં જો આવું 'લાઈવ પ્રોટીન' મળે તો બિચારી બિપાશા તો શું, કોઈ પણ ફિટનેસ પ્રેમી રાડ પાડી ઊઠે ને!

### એ પોતાનું વચન ન ચૂક્યો



વિવેક ઓબેરોય

બોલિવૂડની ઝાકઝમાળ ભરેલી દુનિયામાં માત્ર ગ્લેમર જ નહીં, ક્યારેક અત્યંત હૃદયસ્પર્શી સંવેદના પણ જોવા મળે છે.

અભિનેતા વિવેક ઓબેરોયે પોતાના ૫૦મા જન્મદિવસે અને કૅન્સર રોઝ ડે નિમિત્તે એક એવો ઉમદા નિર્ણય લીધો છે, જે સાચે જ પ્રશંસાને પાત્ર છે. વિવેકે નીતિશ તિવારીની બહુચર્ચિત મેગા ફિલ્મ 'રામાયણ'માંથી મળેલી પોતાની સમગ્ર ફી કૅન્સર સામે ઝઝૂમી રહેલાં ૫૦ નિર્દોષ બાળકોની સારવાર માટે દાનમાં આપી દીધી છે.

વાસ્તવમાં, વિવેકે ગયા વર્ષે જ આ ઉમદા વિચાર વ્યક્ત કરતાં પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાને સ્પષ્ટ કહી દીધું હતું કે તે આ ઐતિહાસિક પ્રોજેક્ટમાંથી એક પણ રૂપિયો પોતાના ઘરે નહીં લઈ જાય. તેમણે ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે લઈ જતા આ ભવ્ય સપનાનો ભાગ બનવાની સાથે પોતાની બધી કમાણી કૅન્સર પીડિત બાળકોના જીવનરક્ષણ માટે વાપરવાનો પાકો કોલ આપ્યો હતો. હવે પોતાના આ મહત્ત્વપૂર્ણ જીવનપડાવ પર તેમણે આપેલું વચન પૂરું કરીને ખરા અર્થમાં સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આમ તો વિવેક ઓબેરોય વર્ષોથી કૅન્સરગ્રસ્ત દર્દીઓની સેવા અને સહાય સાથે સક્રિયપણે સંકળાયેલા રહ્યો છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જન્મદિવસના સેલિબ્રેશનની અનેક રીતો જોવા મળે છે, પરંતુ પોતાની સોનેરી પચાસમી વર્ષગાંઠે ૫૦ માસૂમ બાળકોને નવજીવન અને આશાનું કિરણ આપવું, એ સંવેદનશીલતાનું એક અનોખું શિખર છે. પડદા પર ભૂમિકાઓ ગમે તેવી ભજવી હોય, વાસ્તવિક જીવનમાં વિવેકે પોતાનું વચન પાળીને અને ખરેખર 'રિયલ હીરો' બનીને લોકોનાં દિલ જીતી લીધાં છે. ■

### કટ એન્ડ ઓકે...

*'મિર્ઝાપુર ધ મૂવી'ની અસામાન્ય સફળતાનો સ્વાદ મમળાવ્યા બાદ પંકજ ત્રિપાઠીને ૨૦૨૭ના 'આઈફા ડિજીટલ અવૉર્ડ્સ' જે ઇત્તિહાદ એરીના, અબુધાબીમાં આયોજિત થશે તેની યજમાની કરવાનું સન્માન મળ્યું છે.*

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# પદ્મશ્રી - પદ્મભૂષણ વત્તા ચોથીવાર નેશનલ અવૉર્ડ મેળવનારો ઉત્કૃષ્ટ કલાકાર...

# મામૂટી



**મુહમ્મદ** કુટ્ટી પાનપરાંબિલ ઇસ્માઇલનો જન્મ કેરળના ત્રાવણકોર જિલ્લાના ચાંદીરુર ગામમાં સાત સપ્ટેમ્બર ૧૯૫૧નાં થયો હતો. આટલું લાંબું નામ વાંચીને કદાચ તમને ખ્યાલ નહીં આવે કે એ કોણ છે, પણ એ છે મલયાલમ ફિલ્મોનો સુપરસ્ટાર મામૂટી.

૭૫ વર્ષના આ અભિનેતાએ પોતાની ૫૫ વર્ષની કારકિર્દીમાં કુલ ૪૪૦ ફિલ્મોમાં અભિનય કર્યો છે અને એકાદ-બે અપવાદને છોડીને તેણે બધી જ ફિલ્મોમાં કેન્દ્રિય ભૂમિકા ભજવી છે.

મલયાલમ ઉપરાંત તમિળ, તેલુગુ, કન્નડ, હિન્દી અને અંગ્રેજી ભાષાની ફિલ્મોમાં તેણે અભિનય કર્યો છે. ૧૯૭૧માં આવેલી એક મલયાલમ ફિલ્મમાં તેણે એક્સ્ટ્રા તરીકે કામ કર્યું હતું. પણ ત્યાર પછી તરત જ એને હીરોની ભૂમિકા મળવા લાગી. તણે ૪૦૦ જેટલી મલયાલમ , ૧૭ તમિળ ઉપરાંત , કન્નડ , તેલુગુ, હિન્દી અને અંગ્રેજી એમ કુલ ૧૩ ફિલ્મો અને કોઇ ફિલ્મમાં નેરેટર કે વોઇસ ઓવર કલાકાર તરીકે ૧૦ ફિલ્મો સાથે કુલ ૪૪૦ ફિલ્મો કરી છે.

આ વર્ષે તેને 'બ્રહ્માયુગમ' નામની ફિલ્મ માટે 'સર્વોત્કૃષ્ટ અભિનેતા'નો અવોર્ડ મળ્યો છે. આ વખતે શ્રેષ્ઠ અભિનેતા તરીકે કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન) સાથે તેની પસંદગી થઇ છે. કાર્તિક આર્યનનો આ પહેલો જ નેશનલ અવોર્ડ છે, જયારે મામૂટીનો આ ચોથો નેશનલ અવોર્ડ છે.!

મામૂટીને પહેલો નેશનલ અવોર્ડ ૧૯૯૦માં મળ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે ૧૯૯૦માં તેને બે ફિલ્મના અભિનય માટે સર્વોત્કૃષ્ટ અભિનેતાનો નેશનલ અવોર્ડ મળ્યો હતો.૧૯૯૪માં પણ તેને બે ફિલ્મના અભિનય માટે બીજો નેશનલ અવોર્ડ મળ્યો હતો અને ત્રીજો નેશનલ અવોર્ડ તેને 'ડો. બાબા સાહેબ આંબેડકર' નામની અંગ્રેજી ફિલ્મ માટે મળ્યો હતો. એમાં તેણે ડો. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા ભજવી હતી.

આ બધા ઉપરાંત ૧૯૮૧થી ૨૦૨૪ સુધીમાં મામૂટીને ૧૦ વાર કેરળ રાજ્ય તરફથી ફિલ્મ અવોર્ડસ મળ્યા છે. ૧૯૮૨થી ૨૦૨૦ સુધીમાં કેરળ ફિલ્મ ક્રિટીક્સ એસોસિયેશન દ્વારા તેને ૧૧ વાર અવોર્ડસ મળ્યા છે. દક્ષિણમાં તેને ૧૯૮૪થી ૨૦૨૪ સુધીમાં ૧૫ વાર ફિલ્મફેર અવોર્ડસથી નવાજવામાં આવ્યો છે.

આજ સુધીની કારકિર્દી દરમિયાન મામૂટીને ૧૯૯૮માં 'પદ્મશ્રી' અને ૨૦૨૬માં 'પદ્મભૂષણ'થી પણ નવાજવામાં આવ્યો છે. આ સિવાય કેરળ યુનિવર્સિટી, કાલીકટ યુનિવર્સિટી દ્વારા તેને ડોકટરેટની ડિગ્રી, કેરળ રાજ્યના સર્વોચ્ચ સન્માન 'કેરળ પ્રભા'થી તેને ૨૦૨૨માં સન્માનિત કરવામાં આવ્યો છે.

મામૂટી ફિલ્મ અભિનેતા ઉપરાંત ફિલ્મ નિર્માતા પણ છે. 'કેસિનો ફિલ્મ્સ' નામની તેની નિર્માણ સંસ્થા છે. આ ઉપરાંત તેણે ટેલિવિઝન માટે નિર્માણ સંસ્થાની રચના કરી છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પચાસ વર્ષ કરતાં વધુ કારકિર્દી ધરાવનારા અભિનેતાઓમાં તેનો સમાવેશ થાય છે.

અભિનેતા-નિર્માતા ઉપરાંત મામૂટીને માનદ ડોકટરેટની ડિગ્રી બે વાર મળી છે. તેણે એર્નાકુલમની ગવર્નમેન્ટ લો કોલેજમાંથી એલ.એલ.બી. ડિગ્રી પણ મેળવી છે અને બે વર્ષ તેણે વકીલાત પણ કરી છે.

૧૯૭૯માં તેણે સુલ્સત કુટ્ટી સાથે અરેન્જડ મેરેજ કર્યા છે. ૧૯૮૨માં તેમને ત્યાં પ્રથમ પુત્રી સુરુમીનો જન્મ થયો હતો અને ૧૯૮૩માં પુત્ર દુલકર સલમાનનો જન્મ થયો હતો. દુલકર સલમાન દક્ષિણની ફિલ્મોમાં અને હિન્દી ફિલ્મોમાં જાણીતું નામ છે. મામૂટી પોતાના કુટુંબ સાથે કોચ્ચીમાં રહે છે. તેને નાનો ભાઇ ઇબ્રાહીમ કુટ્ટી પણ મલયાલમ ફિલ્મોનો જાણીતો અભિનેતા છે.

આટલી બધી ફિલ્મો કરનારા મામૂટીએ હિન્દીમાં ગણીગાંઠી જ ફિલ્મો કરી છે. તેમાં ૧૯૯૦માં આવેલી 'ત્રિયાત્રી', ૧૯૯૩માં આવેલી 'ધરતીપુત્ર', ૧૯૯૮માં આવેલી 'સ્વામી વિવેકાનંદ', ૨૦૦૦માં આવેલી 'ડો. બાબાસાહેબ આંબેડકર', ૨૦૦૫માં આવેલી 'સૌ જૂઠ એક સચ' અને ૨૦૦૮માં આવેલી 'હલ્લા બોલ'નો સમાવેશ થાય છે.

આવા આ ઉત્કૃષ્ટ અભિનેતાએ એક એક્સ્ટ્રા તરીકે મલયાલમ ફિલ્મોમાં ૧૯૭૧માં શરૂઆત કરી હતી અને લગભગ ૧૦ વર્ષ સુધી તેને એવી જ ભૂમિકાઓ મળ્યા કરતી હતી. ૧૯૮૦માં પહેલી જ વાર તેને સારી કહી શકાય એવી ભૂમિકા મળી એ ફિલ્મ એમ. ટી. વાસુદેવન નાયરની ફિલ્મ 'વિકકાનંદુ સ્વનાંગલ' હતી. ત્યાર પછી ૧૯૮૧માં તેને દક્ષિણના ખૂબ જ જાણીતા દિગ્દર્શક આઇ. વી. શશીની રોમાન્ટિક ફિલ્મ 'તૃષ્ણા'માં હીરોની ભૂમિકા મળી. આ ફિલ્મમાં રાજ્યલક્ષ્મી અને સ્વપ્નાની પણ મુખ્ય ભૂમિકા હતી. આ ફિલ્મ પછી મામૂટીને પાછળ ફરીને જોવાની ન તો તક મળી છે અને ન તો સમય!

૧૯૮૦નાં દાયકાના મધ્યભાગમાં એટલે કે ૧૯૮૪ અને ૧૯૮૫માં તેણે પોતાના બળે અનેક સુપરડુપર હીટ ફિલ્મો આપી અને ત્યારથી જ તેની ગણના એક સફળ કલાકાર તરીકે થવા લાગી. એટલું જ નહીં, તેની ફિલ્મો સફળતાની ગેરન્ટી પણ ગણાવા લાગી.

કલાકાર તરીકેની મામૂટીની જિંદગીમાં ૧૯૮૨, ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫ અને ૧૯૮૬ એ પાંચ વર્ષ ખૂબ જ મહત્ત્વના સાબિત થયા છે. ૧૯૮૨ના વર્ષમાં તેની ૨૩ ફિલ્મો રજૂ થઇ હતી. ૧૯૮૩માં તેની ૩૬ ફિલ્મો રિલીઝ થઇ હતી. ૧૯૮૪માં ૩૫, ૧૯૮૫માં ૩૪ અને ૧૯૮૬માં ફરી ૩૫ ફિલ્મો રિલીઝ થઇ હતી. આમાંની મોટાભાગની ફિલ્મો મલયાલમ હતી અને લગભગ બધી જ ફિલ્મ્સ સુપરડુપર હીટ ફિલ્મો હતી.

બોલિવૂડમાં રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચનનો સિતારો બુલંદ હતો ત્યારે પણ તેણે વર્ષમાં ૧૫થી ૨૦ ફિલ્મો આપી છે. જયારે આ એક પ્રાદેશિક ભાષાની ફિલ્મનાં અભિનેતાએ વર્ષમાં ૩૫-૩૬ ફિલ્મો આપી છે. એ જ તેને મુઠ્ઠી ઊંચેરો કલાકાર સાબિત કરે છે.

૧૯૯૦ પછી મામૂટીની કારકિર્દીમાં થોડો ઠહરાવ આવ્યો હતો. ત્યારપછી પણ દર વર્ષે તેની ૧૨થી ૧૫ ફિલ્મ્સ રિલીઝ થઇ જ છે. મામૂટીએ ભલે મલયાલમ ફિલ્મો વધારે કરી હોય. પણ એક અભિનેતા તરીકે, એક કલાકાર તરીકે તેણે ફિલ્મ દુનિયામાં આગવું સ્થાન મેળવ્યું છે. ■

## OTTનું હોટસ્પોટ

### ૨૬ સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર સુધી શું જોશો?

જાપાનમાં અત્યારે એશિયન ગેમ્સ ચાલી રહી છે. એશિયન ગેમ્સમાં પહેલી જ વાર ક્રિકેટનો સમાવેશ કરવામાં આવ્યો છે અને વિજેતા ટીમને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવશે. ભારતની મહિલાઓએ તો ટી-૨૦માં સારું પ્રદર્શન કરીને પ્રથમ ગોલ્ડ મેડલ તો મેળવી લીધો છે અને હવે વારો છે ભારતની પુરુષ ટીમનો. આગામી શનિ-રવિના એશિયન ગેમ્સમાં ટી-૨૦ની સેમિ-ફાઈનલ અને ફાઈનલ જોવા મળશે. તો આવો હવે આપણે આવતા અઠવાડિયે ઓટીટી પર રજૂ થનારી સિરીઝ પર એક નજર નાખીએ.

**નેટફ્લિક્સઃ** ખૂબ જ જાણીતી આ ઓટીટી ચેનલ પર ૨૬ સપ્ટેમ્બરથી કપિલ શર્માના 'નાઇટ્સ વિથ કપિલ'ના કોમેડી શોની પાંચમી સિઝન શરૂ થઈ રહી છે. નવજોત સિંહ સિદ્ધુ અને અર્ચના પુરનસિંહ સહિત કપિલની ટીમ અને બોલિવૂડના કલાકારો ફરી એક વખત હસાવવા માટે તૈયાર છે. અહીં બીજી ઓક્ટોબરે 'ધ ગેમઃ યુ નેવર પ્લે અલોન' નામની મિસ્ટ્રી થ્રીલર માણી શકાશે અને બીજી ઓક્ટોબરથી જ 'સ્ટીવ'નું પ્રસારણ પણ શરૂ થશે.

**એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** આ ચેનલ પર પહેલી ઓક્ટોબરે બે ફિલ્મ અને એક સિરીઝનું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે. 'મધરાસી' નામની દક્ષિણ ભારતીય ફિલ્મના લેખક- દિગ્દર્શક એ.આર. મુરુગાદોસ છે અને શિવકાર્તિકેયન, રૂક્ષ્મણી વસંત અને વિદ્યુત જામવાલ જેવાં કલાકારો છે. પહેલી ઓક્ટોબરે જ અંગ્રેજી ફિલ્મ 'પ્લે ડર્ટિ' રજૂ થશે . આ એક સસ્પેન્સ ડ્રામા છે. અહીં પહેલી ઓક્ટોબરે 'દુપહિયા'ની બીજી સિઝન શરૂ થઈ રહી છે. ગજરાજ સિંહ, રેણુકા શહાણે, સ્પર્શ શ્રીવાસ્તવ, ભુવન અરોરા, નિરહુઆ અને યશપાલ શર્મા અભિનિત આ સિરીઝ છે.

**ઝી ફાઇવઃ** અહીં બીજી ઓક્ટોબરે પંજાબી ક્રાઈમ ડ્રામા 'ડાકુઓંકા મુંડા' જોઈ શકાશે.

**જિયો હોટસ્ટારઃ** અહીં દર શનિ-રવિએ 'જંગલ ટેલ્સ વીથ મોગલી'ના નવા એપિસોડ્સ રજૂ થાય છે, જે આ વખતે ૨૬-૨૭ ઓક્ટોબરે જોઈ શકાશે. ■

**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**


# પોસ્ટર્સની વોલથી સ્ક્રોલ સુધીની અવનવી સફર


## સિનેમાના સૌથી શક્તિશાળી માર્કેટિંગ હથિયારની બદલાતી દુનિયા

ટીઝર - મોશન પોસ્ટર- સોશ્યલ મીડિયા કેમ્પેઇન અને ફર્સ્ટ લુક જેવા શબ્દો ફિલ્મના માર્કેટિંગનો હિસ્સો બન્યા એ પહેલાં ફિલ્મના પોસ્ટર આખું માર્કેટિંગ કેમ્પેઇન હતા. આજે બહુ ઓછાં ફિલ્મ પોસ્ટર પોપ કલ્ચરનો હિસ્સો બની શકે છે.

ચાલો, જોઈએ અને માણીએ ભારતીય સિનેમાનાં પોસ્ટર્સની અવ અનવી સફર.

'શોલે'ના પોસ્ટરમાં તો ફક્ત તેના ફોન્ટ્સ જ એવા હતા કે જે દર્શકને થ્રિલ આપે. પોસ્ટરથી ફિલ્મનો સ્કેલ, ખતરો અને ડ્રામા તરત સમજાઈ જતાં. ફિલ્મ રિલીઝ થયાના દાયકાઓ પછી પણ 'શોલે' ન જોયું હોય એવી વ્યક્તિ પણ તેનું પોસ્ટર ઓળખી શકે છે. 'દીવાર' સાથે પણ આવું જ હતું. અમિતાભ બચ્ચનની દમદાર હાજરી અને તેમની આસપાસની દુનિયા ફિલ્મના સંઘર્ષ વિશે એક પણ સીન જોયા વગર ઘણું કહી દેતી હતી. આ પોસ્ટર માત્ર જાહેરાત નહોતાં. એ પોતે જ વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ હતાં પોસ્ટર ખુદ કહાણી બયાન કરતાં હતાં...










હાથથી પેઇન્ટ કરવામાં આવતાં પોસ્ટરના એ જમાનાની ઘણી ફિલ્મ્સ સાથે આવું જ હતું. 'મધર ઇન્ડિયા', 'મુગલ-એ-આઝમ', 'ગાઇડ', 'પાકીઝા', 'બોબી', 'ડોન' અને 'અમર અકબર એન્થની'નાં પોસ્ટર મોટા પડદા જેટલાં જ ભવ્ય લાગતાં. પોસ્ટર બનાવનારા કલાકારો માત્ર ફોટોગ્રાફ્સ ગોઠવતા નહોતા. તેઓ ફિલ્મને પોતાના વિઝ્યુઅલ ઇન્ટરપ્રિટેશનમાં ફેરવતા હતા અને એક અલગ આર્ટવર્ક બનાવતા હતા. એટલે દરેક પોસ્ટરની પોતાની પર્સનાલિટી હતી.

હકીકતમાં ૧૯૪૦થી ૧૯૮૦ના દાયકા સુધી હાથથી બનાવવામાં આવતા પોસ્ટર મનોરંજન દેવની કૃપાથી ભારતીય સિનેમાની મોટી વિઝ્યુઅલ ઓળખ હતાં.

રસપ્રદ વાત એ છે કે જૂનાં પોસ્ટર હંમેશાં સિમ્પલ કે ઓછાં ભરચક હતાં એવું પણ નથી. એ ડ્રામેટિક હતાં, ભવ્ય હતાં અને ઘણીવાર ખૂબ જ ભરચક પણ હતાં. એક જ પોસ્ટરમાં હીરો, હીરોઇન, વિલન, વિસ્ફોટ, ફાઇટ, રોમાન્સ અને ગનફાઇટ બધું જોવા મળતું, છતાં એ યાદ રહી જતાં, કારણ કે પોસ્ટરના દરેક ભાગનો હેતુ માત્ર સ્ટાર બતાવવાનો નહોતો, પરંતુ વાર્તા વેચવાનો હતો. દર્શક થિયેટરમાં જાય એ પહેલાં જ તેના મનમાં ફિલ્મની એક દુનિયા ઊભી કરવી પોસ્ટરનું કામ હતું.

૧૯૯૦નો દાયકો આવ્યો અને પોસ્ટરની ભાષા બદલાઈ. હાથથી પેઇન્ટ કરવામાં આવતી આર્ટ ધીમે ધીમે ફોટોગ્રાફી તરફ ફંટાઈ ગઈ, છતાં પોસ્ટરમાં ફિલ્મની પોતાની ઓળખ હતી. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'નું પોસ્ટર જુઓ અને એક આખી પેઢીને શાહરુખ ખાન અને કાજોલની એ તસવીર તરત યાદ આવી જાય. 'હમ આપકે હૈં કૌન', 'કરણ અર્જુન', 'કુછ કુછ હોતા હૈ' અને 'દિલ તો પાગલ હૈ'નાં પોસ્ટર સાથે પણ એવું જ હતું.

૨૦૦૦ના દાયકામાં પણ યાદગાર પોસ્ટર બનતાં રહ્યાં, જોકે તેની ભાષા બદલાવા લાગી હતી. 'લગાન'ના પોસ્ટરમાં ફિલ્મનો અન્ડરડોગ સ્પિરિટ અને ઐતિહાસિક માહોલ બંને દેખાતા હતા. 'દિલ ચાહતા હૈ'એ ત્રણ મિત્રોની એક સરળ ઇમેજ દ્વારા આખી પેઢીની માનસિકતા વ્યક્ત કરી દીધી હતી. 'ગજિની'એ આમિર ખાનના શરીર પર લખાયેલા નોટ્સ અને યાદોથી ભરેલી એક એવી ઇમેજ આપી, જેને જોઈને તરત પ્રશ્ન ઊભો થયો કે આ માણસ સાથે આખરે થયું શું છે?

૨૦૦૦ના દાયકાના અંત અને ૨૦૧૦ના શરૂઆતનાં વર્ષોમાં પણ 'વોન્ટેડ', 'દબંગ', 'રાઉડી રાઠોડ', 'સિંઘમ' અને 'ક્રિશ' જેવી કમર્શિયલ ફિલ્મ્સે પણ પોતાની એકદમ ઓળખાય એવી વિઝ્યુઅલ સ્ટાઇલ બનાવી હતી.

આજે ફિલ્મની જાહેરાત થાય છે, પછી મોશન પોસ્ટર આવે છે, પછી કેરેક્ટર પોસ્ટર, પછી ફર્સ્ટ લુક વીડિયો, પછી ટીઝર, પછી ટ્રેલર અને પછી સોશ્યલ મીડિયા માટે ડઝન જેટલી અલગ અલગ ક્રિએટિવ્સ. હવે પોસ્ટર પાસેથી આખી ફિલ્મ વેચવાની અપેક્ષા નથી. તે એક વિશાળ માર્કેટિંગ મશીનનો માત્ર એક ભાગ બની ગયું છે.

ટેક્નોલોજીએ પણ પોસ્ટરની ડિઝાઇનને સંપૂર્ણપણે બદલી નાખી. પેન્ટબ્રશની જગ્યાએ ડિજિટલ ટૂલ્સ આવ્યા અને કામ ઝડપી તથા વધુ ફ્લેક્સિબલ બન્યું, પરંતુ તેની સાથે એક સમસ્યા પણ આવી. અનેક પોસ્ટર એકસરખાં દેખાવા લાગ્યાં. 'ફ્લોટિંગ હેડ્સ' જાણે પોસ્ટરની સૌથી લોકપ્રિય ડિઝાઇન બની ગઈ. વચ્ચે હીરોનો મોટો ચહેરો, આસપાસ બીજા કલાકારોના ચહેરા, પાછળ વિસ્ફોટ કે કોઈ એક્શન સીન, તેના પર ડ્રામેટિક કલર ગ્રેડિંગ અને પછી રિલીઝ ડેટ. ફિલ્મ એક્શન થ્રિલર હોય, સ્પાય ડ્રામા હોય કે ગેંગસ્ટર ફિલ્મ, પોસ્ટર ઘણીવાર એકબીજાથી અલગ ઓળખવા મુશ્કેલ બની જાય છે.

આમ છતાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં પણ અમુક ફિલ્મ્સે સાબિત કર્યું છે કે યાદગાર પોસ્ટર આજે પણ બની શકે છે, જો ફિલ્મમેકર્સ એક સ્ટ્રોંગ સેન્ટ્રલ ઇમેજ પર ધ્યાન આપે. 'પીકે'નું આમિર ખાનનું માત્ર ટ્રાન્ઝિસ્ટર સાથે ઊભેલું પોસ્ટર આખા દાયકાનાં સૌથી ચર્ચિત ફિલ્મ પોસ્ટરમાંથી એક બન્યું હતું. 'બાહુબલી'માં પ્રભાસનું વિશાળ શિવલિંગ ઉપાડેલું પોસ્ટર જોઈને જ ફિલ્મના સ્કેલ વિશે ઉત્સુકતા ઊભી થઈ હતી. 'રોબોટ' એટલે કે 'એન્થિરન'ના ફર્સ્ટ લુક પોસ્ટરે ટેક્નોલોજી, સ્કેલ અને સ્પેક્ટેકલનો અહેસાસ કરાવ્યો હતો.

આજે દર્શકો પોસ્ટર જે રીતે જુએ છે એ પણ બદલાઈ ગયું છે. પહેલાં એક પોસ્ટર મહિનાઓ સુધી સિનેમા હોલની બહાર લાગેલું રહેતું. લોકો રોજ ઓફિસ જતા રસ્તામાં તેને જોતા. પોસ્ટર એક ફિઝિકલ સ્પેસ રોકતું હતું. આજે એ જ પોસ્ટર ઇન્સ્ટાગ્રામ પર આવે છે, દર્શક તેને થોડી સેકન્ડ જુએ છે અને પછી બીજા સેંકડો કન્ટેન્ટની વચ્ચે ગાયબ થઈ જાય છે.

કન્ટેન્ટથી ભરેલી આ દુનિયામાં કદાચ આજનાં ફિલ્મ પોસ્ટર એ જ વાત ભૂલી ગયાં છે. પોસ્ટરનું કામ માત્ર એટલું નથી કે ફિલ્મ આવી રહી છે એ જણાવવું. તેનું કામ તો એવું હોવું જોઈએ કે પોસ્ટર જોયા પછી દર્શકને ફિલ્મ આવવાની રાહ જોવાય નહીં! ■

**લાસ્ટ શોટ**

*'રાઉડી રાઠોડ'ના પોસ્ટરમાં અક્ષય કુમારના મૂછવાળા લુક ઉપરાંત રેટ્રો સ્ટાઇલ આપવાની સફળ કોશિશ થઇ હતી.*

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (૨૦૯)

**આ ફિલ્મોના કયા ગીતમાં ચલી શબ્દ આવે છે?**

૧) પડોસન
૨) પ્રોફેસર
૩) ભાભી
૪) બાગબાન
૫) એક હી રાસ્તા
૬) બ્લફ માસ્ટર
૭) હમ આપકે હૈ કૌન



## ક્વિઝ (૨૧૦)

**આ કલાકારોની કઈ ફિલ્મ કોલકાતામાં ફિલ્માવવામાં આવેલી?**

૧) ઐશ્વર્યા રાય - શાહરુખ ખાન
૨) વિદ્યા બાલન - પરમબ્રાતા ચટ્ટોપાધ્યાય
૩) ઈલિયાના ડિ ક્રુઝ - રણબીર કપૂર
૪) દીપિકા પદુકોણ- અમિતાભ બચ્ચન
૫) રાની મુખરજી- અભિષેક બચ્ચન
૬) મધુબાલા - અશોક કુમાર
૭) સોનાક્ષી સિન્હા - રણવીર સિંહ

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| धाम | કિનારો |
| धार | ખેપિયો |
| धारा | સ્થાન |
| धावक | ભય |
| धाक | ઝરણું |

## જાણવા જેવું

ફોર્મ્યુલા ફિલ્મના દોરને વેગ આપવા માટે જાણીતા જ્ઞાન મુખરજી દિગ્દર્શિત અને અશોક કુમારના ડબલ રોલવાળી 'કિસ્મત' એક કરોડનો વકરો કરનારી પહેલી હિન્દી ફિલ્મ સાબિત થઈ. કેટલાક અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર 'કિસ્મત'ની સફળતા પછી 'ખોવાઈ ગયો - મળી ગયો' (લોસ્ટ એન્ડ ફાઉન્ડ) શૈલીની ફિલ્મોમાં ઉછાળો આવ્યો.

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી સિનેમાના પ્રખ્યાત હાસ્ય કલાકાર અને અભિનેતા રમેશ મહેતાએ કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એ જણાવો.

અ) રાજા રતન
બ) હાલો આપણા મલકમાં
ક) ગંગાસતી
ડ) રાજા રાવણ

## નોંધી રાખો

*નફરતને નફરતથી ખતમ કરવા જશો તો એનો સરવાળો થશે, પણ પ્રેમથી મિટાવવાની કોશિશ કરશો તો કાયમ માટે દૂર થઈ જશે.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | ■ | | ■ | ■ |
| ૧૬ | | ■ | ■ | | ■ | ૧૭ | | ૧૮ | ૧૯ |
| ૨૦ | | ૨૧ | | ■ | ૨૨ | ■ | ■ | ૨૩ | |
| ■ | ■ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ |
| ૨૬ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | | ■ | ૨૯ |
| ૩૦ | | ■ | ૩૧ | | | | ■ | ૩૨ | |
| ૩૩ | | | | ■ | ■ | ૩૪ | | | |

### આડી ચાવી

૧. ગમગીન, ખિન્ન (૪)
૪. મહેમાનગતિ કરનાર (૪)
૭. શરાફની દુકાન, વેપારીની કોઠી (૨)
૮. શુભેચ્છક, હિતચિંતક (૪)
૧૦. ---નું બેસવું ને તાડનું પડવું (૨)
૧૧. ફતેહ, વિજય (૨)
૧૨. બખોલ (૩)
૧૪. રક્ષણ કરનાર (૩)
૧૬. ક્ષુધા (૨)
૧૭. સાવકું (૪)
૨૦. પ્રપંચ, કાવતરું (૪)
૨૩. ગ્રહ (૨)
૨૪. ઋતુ (૩)
૨૬. --- કરવું=સોંપવું (૩)
૨૮. ધૂંસરી (૨)
૩૦. લખત, દસ્તાવેજ (૨)
૩૧. વાંક વિનાનું (૪)
૩૨. દુર્ગા, એક દેવી (૨)
૩૩. દરેક પળે (૪)
૩૪. એકાગ્ર, લીન (૪)

### ઊભી ચાવી

૧. અવગણના (૩)
૨. હડપચી (૨)
૩. નખેદ, અશુભ (૪)
૪. માગ્યા --- વરસે નહીં (૨)
૫. --- રાખવું=બાદ કરવું, બાકી રાખવું (૩)
૬. શહેર (૩)
૯. સૂકો ખજૂર (૩)
૧૨. કરકસર (૩)
૧૩. છેવટ (૩)
૧૫. ભૂલ (૨)
૧૬. --- મરે ને પલીત જાગે (૨)
૧૮. નવનીત (૩)
૧૯. પર્વત (૨)
૨૧. નામ બોળે તેવો પુત્ર (૩)
૨૨. ખડ (૨)
૨૪. મોહ પમાડે તેવું (૩)
૨૫. મીઠાશ (૪)
૨૬. સંધિ, સમાધાન (૩)
૨૭. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૨૯. પ્રસ્થાન (૩)
૩૧. જંજીર (૨)
૩૨. જીત, ફતેહ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ હો | શ | ૩ ત્ર | | | ૪ ધ | ૫ ર | ૬ પ | ૭ ત |
| ૮ હે | મ | | ૯ યો | જ | ના | | ૧૦ ત | રા | પ |
| સા | | | દ | | | ૧૧ ર | | જ | |
| ૧૨ ન | ૧૩ વ | | શ | | | ૧૪ હે | સિ | ય | ૧૫ ત |
| | ૧૬ સ્તુ | તિ | | ૧૭ દ | ૧૮ મા | મ | | | ક |
| ૧૯ ભા | | | ૨૦ જ | વા | ની | | ૨૧ ધ | ૨૨ રા | |
| ૨૩ વિ | ૨૪ ભા | વ | રી | | | ૨૫ વ | | ૨૬ હ | ૨૭ દ |
| | વા | | ક | | | ન | | | ર |
| ૨૮ ર | વે | ૨૯ શ | | ૩૦ અ | ફ | વા | | ૩૧ બ | ગા |
| ૩૨ દ | શ | ર | થ | | | ૩૩ સ | મા | રો | હ |

## ઓળખાણ પડી?

૧૯૫૦ - ૭૦માં બંગાળી ફિલ્મ સૃષ્ટિમાં છવાઈ ગયેલા પણ હિન્દી ફિલ્મોમાં ખાસ સફળતા નહીં મેળવી શકેલા સ્ટાઈલિશ એક્ટરનું નામ જણાવો.



અ) છબિ બિશ્વાસ બ) સૌમિત્ર ચેટરજી ક) રબી ઘોષ ડ) ઉત્તમ કુમાર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૨૦૨૭ના ઓસ્કર એવોર્ડ્સમાં બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરી માટે ભારતની કઈ ફિલ્મ પસંદ કરવામાં આવી છે?

અ) ધુરંધર બ) ગોંધળ ક) બોર્ડર ૨ ડ) હક

## માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કયા કમેડિયનને હોલિવૂડ ફિલ્મોમાં પણ પોતાની આવડત દર્શાવવાની તક મળી હતી એ જણાવો.

અ) રાજેન્દ્ર નાથ બ) આઈ એસ જોહર ક) મેહમૂદ ડ) જોની વોકર

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | | ૧ | ૫ | | | | |
| ૧ | ૭ | | | | | ૪ | | |
| | | ૮ | | | | | | |
| | ૯ | | ૪ | | | ૫ | | ૩ |
| ૬ | | | ૨ | | ૫ | | | ૮ |
| ૫ | | ૪ | | | ૩ | | ૯ | |
| | | | | | | ૩ | | |
| | | ૯ | | | | | ૭ | ૬ |
| | | | | ૩ | ૧ | | ૫ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૩ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૪ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૧ | ૪ | ૬ | ૯ | ૩ |
| ૯ | ૮ | ૪ | ૫ | ૩ | ૬ | ૭ | ૨ | ૧ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૪ | ૩ | ૮ |
| ૮ | ૯ | ૭ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૫ |
| ૩ | ૪ | ૬ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૧ | ૯ | ૬ | ૫ | ૭ | ૩ | ૮ | ૨ |
| ૬ | ૩ | ૫ | ૧ | ૨ | ૮ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૨ | ૮ | ૪ | ૯ | ૩ | ૫ | ૧ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| धरोहर | અનામત |
| धवल | સફેદ |
| धागा | દોરો |
| धाड | હલ્લો |
| धान | ડાંગર |

**ગુજરાત મોરી મોરી રે:** મોજીલી મુંબઈ
**ઓળખાણ પડી?** સિલવેસ્ટર સ્ટેલોન
**માઈન્ડ ગેમ :** સ્વર્ગ
**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પિકુ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા પટેલ (૨) તાહેર ઔરંગાબાદવાલા (૩) શીરીન ઔરંગાબાદવાલા (૪) મહેશ દોશી (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભરત કજરિયા (૮) ભારતી બુચ (૯) ડો. પ્રકાશ કટકિયા (૧૦) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૧) ધીરેન્દ્ર મુલરાજ (૧૨) પ્રતિમા પમાણી (૧૩) ભામિની સંપટ (૧૪) કિશોરકુમા જીવણદાસ વેદ (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) લજિતા ખોના (૨૦) મીનળ કાપડિયા (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) નેહુલ એમ. સંઘવી (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) નિખિલ બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) અમીશી બંગાળી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) નંદલાલ અ. ગોઠી (૨૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અરવિંદ કામદાર (૩૩) અંજુ ટોલિયા (૩૪) મુલરાજ કપૂર (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયવંત પદમશી ચિકલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અલકા વાણી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હિનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) નંદલાલ અ. ગોઠી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૨૦૯ જવાબ: ૧) મૈં ચલી મૈં ચલી દેખો પ્યાર કી ગલી મુજે રોકે ના કોઈ મૈં ચલી મૈં ચલી, ૨) મૈં ચલી મૈં ચલી પીછે પીછે જહાં યે ના પૂછો કિધર યે ના પૂછો કહા, ૩) ચલી ચલી રે પતંગ મેરી ચલી રે, ચલી બાદલો કે પાર હોકે ડોર, ૪) ચલી ચલી ફિર ચલી ચલી, ચલી ઇશ્ક દી હવા ચલી, ચલી ચલી ફિર, ૫) ચલી ગોરી પી કે મિલન કો ચલી નૈના બાવરીયા મન મેં સાંવરિયા, ૬) ઓય ચલી ચલી કૈસી હવા યે ચલી કે ભવરે પે મંડરાને લગી હૈ કલી, ૭) લો ચલી મૈં અપને દેવર કી બારાત લેકે, લો ચલી મૈં ના બેન્ડ બાજા

ક્વિઝ ૨૧૦ જવાબ: ૧) દેવદાસ, ૨) કહાની, ૩) બરફી, ૪) પીકુ, ૫) યુવા, ૬) હાવરા બ્રિજ, ૭) લૂટેરા

# ક્રૂડ તેલની તેજી સાથે નિફ્ટીએ ૩૮૩ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૧૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં ૨.૩૬ ટકા જેટલો ઝડપી ઉછાળો આવી જતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને ઈન્ડેક્સ હેવી વેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને બૅન્કિંગ ક્ષેત્રનાં શૅરોમાં વ્યાપક વેચવાલી રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૨૪૭.૭૧ પૉઈન્ટ પટકાઈ ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૩૮૩.૭૦ પૉઈન્ટ ઘટી આવ્યો હતો અને ૨૩,૧૦૦ની સપાટી ગુમાવી હતી. વધુમાં આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક બજારમાં પણ રોકાણકારોનું માનસ ખરડાતા વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઈન્ડિયા (ઈરડાઈ) દ્વારા વહીવટી ખર્ચની મર્યાદામાં ઘટાડો અને કમિશન પરનાં કડક નિયંત્રણો સહિતનાં વીમા વિતરણના માળખામાં ફેરફાર પ્રસ્તાવિત કરવામાં આવ્યાના અહેવાલો સાથે વીમા કંપનીઓ અને અન્ય સંબંધિત નાણાકીય મધ્યસ્થીઓની કમાણી તથા વિતરણના આર્થિક પાસાઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં ઈન્સ્યોરન્સ અને ફાઈનાન્સ કંપનીઓના શૅરમાં વેચવાલી વધી હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૮૨૮.૨૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૪,૨૭૨.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૫૬૩.૯૨ અને ઉપરમાં ૭૪,૩૬૨.૨૯ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૧.૬૭ ટકા અથવા તો ૧૨૪૭.૭૧ પૉઈન્ટના કડાકા સાથે ૭૩,૫૮૦.૫૪ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૪૪૬.૮૦ના બંધ સામે ઘટીને ૨૩,૨૨૧.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૦૪૬.૧૫ અને ઉપરમાં ૨૩,૨૮૧.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧.૬૪ ટકા અથવા તો ૩૮૩.૭૦ પૉઈન્ટ ઘટીને ૨૩,૦૬૩.૧૦ના મથાળે બંધ રહ્યો હતો. આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩૬ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૧૦૫.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.




દરમિયાન આજે બીએસઈ ખાતે નેશનલ સ્ટોક એક્સચેન્જના શૅરનું શૅરદીઠ રૂ. ૧૭૮૫ના ઈશ્યૂ ભાવ સામે રૂ. ૧૮૦૦ના ભાવથી લિસ્ટિંગ થયા બાદ સત્રના અંતે ભાવ ઈશ્યૂ ભાવ સામે ૧.૮૫ ટકા વધીને શૅરદીઠ રૂ. ૧૮૧૮ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ તેનું માર્કેટ વૅલ્યુએશન્સ રૂ. ૪.૪૯ લાખ કરોડની સપાટીએ રહ્યું હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એકંદરે આજે વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં વધારાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં તીવ્ર બાઉન્સબૅક જોવા મળતાં બજાર નોંધપાત્ર ઘટાડા સાથે ખુલ્યું હતું અને બન્ને બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧.૫૦ ટકા કરતાં વધુ માત્રામાં ધોવાણ થયું હોવાનું ઓનલાઈન વૅલ્થ ટેક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું. આજે અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ વધીને ૫.૧૧ ટકાની સપાટીએ પહોંચી હતી, જ્યારે ૩૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વર્ષ ૨૦૦૪ પછીની સર્વોચ્ચ સપાટીએ રહી હોવાથી વૈશ્વિક નાણાકીય સ્થિતિ વધુ તંગ રહેવાની અને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં બજાર વધુ દબાણ હેઠળ આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ક્રૂડ તેલના ભાવ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડના બાઉન્સબૅક જોવા મળતાં નાણાં સ્થિતિ તંગ રહેવાની સાથે ક્રૂડતેલના ભાવ વધતા ફુગાવો વધવાનું જોખમ સપાટી પર આવવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ વધારો કરે તેવી ભીતિ તથા આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની શક્યતાએ રોકાણકારોનું માનસ ખરડાઈ જતાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઉપરાંત ઈન્સ્યોરન્સ અને બૅન્કિંગ ક્ષેત્રમાં નફા દબાણ હેઠળ આવવાની શક્યતાને ધ્યાનમાં લેતાં વેચવાલીનું દબાણ વધુ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

બીએસઈ ખાતે આજે કુલ ૪૫૭૩ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૮૮૪ શૅરના ભાવ ઘટીને, ૧૪૭૩ શૅરના ભાવ વધીને અને ૨૧૬ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૪૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના શૅરો પૈકી એકમાત્ર એનટીપીસીના શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. આ સિવાયના તમામ શૅરોના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૫.૪૭ ટકાનો ઘટાડો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એક્સિસ બૅન્કમાં ૪.૬૭ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૪.૦૬ ટકાનો, ઈન્ડિગોમાં ૨.૭૯ ટકાનો, ટ્રેન્ટમાં ૨.૭૫ ટકાનો અને મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૩૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૩.૧૨ ટકાનો અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો કડાકો બોલાયો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૨.૮૧ ટકાનો, હાઉસિંગ ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૨.૫૬ ટકાનો, ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૨.૩૩ ટકાનો, ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સમાં ૨.૨૦ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં૨.૧૩ ટકાનો, બૅન્કેક્સમાં ૧.૮૮ ટકાનો, પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૮૫ ટકાનો, ટોપ ટેન બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૭૪ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો અને સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૪૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૨૨૫ સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. તેમ જ યુરોપના બજારોમાં પણ મધ્ય સત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હતું. ■

# અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૨૩૧નું અને ચાંદીમાં ₹ ૪૫૧૮નું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં બાઉન્સબૅક જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ૦.૬ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૧ ટકાનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૫૧૮નું અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૨૬થી ૧૨૩૧નું ગાબડું પડ્યું હતું. તેમ જ આજે વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહી હતી. જોકે, આજે ડૉલર સામે રૂપિયામાં ૨૫ પૈસાનું ધોવાણ થયું હોવાથી આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતા વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૫૧૮ના ઘટાડા સાથે રૂ. ૨,૨૮,૨૪૮ની સપાટીએ રહ્યા હતા.

જોકે, વધુ ઘટાડાના આશાવાદ હેઠળ જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૨૨૬ ઘટીને રૂ. ૧,૫૦,૧૮૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૩૧ ઘટીને રૂ. ૧,૫૦,૭૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, હજુ ભાવ દબાણ હેઠળ આવે તેવી ધારણા હેઠળ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ અત્યંત નિરસ રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૬૧.૭૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદાના ભાવ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૯૬.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૬૩.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધનો અંત લાવવાની દિશામાં બહુ થોડી પ્રગતિ થઈ હોવાનું જણાતા આજે વિશ્વ બજારમાં ક્રૂડ તેલનામાં અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં બાઉન્સબૅક જોવા મળતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું કેપિટલ ઈકોનોમિક્સનાં ક્લાઈમેટ અને કૉમૉડિટી વિભાગનાં ઈકોનોમિસ્ટ હમાદ હુસેને જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડ તેલ અને ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં સોનાના સુધારાના આશાવાદ પર પાણી ફરી વળ્યું છે અને ભાવ વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા વધી છે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટમાં કોઈ નક્કર પ્રગતિ ન જણાતા ગઈકાલે ક્રૂડતેલમાં ચાર ટકાનો ઉછાળો આવ્યા બાદ આજે તેજી આગળ ધપી હતી.

વધુમાં ક્રૂડતેલના વધારા સાથે અમેરિકી ફેડરલ રિઝર્વનાં ગવર્નર માઈકલ બારે વ્યાજદરમાં વધુ વધારાની અને નાણાનીતિ વધુ તંગ રાખવાની આવશ્યકતા હોવાનું જણાવ્યું હતું. આમ ફેડરલના અધિકારીઓના સંકેતો સાથે હવે બજાર વર્તુળો આગામી ઑક્ટોબર મહિનાના ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૯ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. ■

# ટીનની આગેવાની હેઠળ ધાતુમાં ભાવઘટાડો આગળ ધપ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે વૈશ્વિક બજારમાં કોપર સહિતની ચોક્કસ વેરાઈટીઓમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં લંડન ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ એક ટકા જેટલા ઘટીને ટનદીઠ ૧૪,૬૦૬.૫૦ ડૉલર આસપાસ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે માત્ર ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. નવ અને રૂ. બેનો સુધારો આવ્યો હતો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીનની આગેવાની હેઠળ તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૭ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની સતત બીજા સત્રમાં વેચવાલીના દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓમાં ઘટાડો આગળ ધપ્યો હતો તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૫૩૦૬, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૪૦૫, રૂ. ૧૩૯૫, રૂ. ૧૩૮૫, રૂ. ૯૬૫ અને રૂ. ૧૬૨૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૦૦૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૪૯૧ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૦૭ના મથાળે રહ્યા હતા.

જાકે, આજે ઝિન્ક સ્લેબમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૪૫૨ના મથાળે અને લીડ ઈન્ગોટ્સમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતા છૂટાછવાયા કામકાજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૩૫૩ના મથાળે ટકેલા રહ્યા હતા.■

# ડ્યૂટી ઘટાડાને પગલે ખાદ્યતેલના રિટેલ ભાવ ઘટે તેવી શક્યતાઃ આઈવીપીએ

નવી દિલ્હીઃ ગઈકાલે મોડી સાંજે સરકારે ક્રૂડ સનફ્લાવર તેલ પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી જે ૧૦ ટકા હતી તે ઘટાડીને શૂન્ય ટકા કરી હતી, જ્યારે રિફાઈન્ડ સનફ્લાવર તેલ પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી જે ૩૨.૫ ટકા હતી તે ઘટાડીને ૨૨.૫ ટકા કરી હતી. આ ઉપરાંત ક્રૂડ સોયાબીન તેલ અને પામતેલ પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી પણ જે ૧૦ ટકા હતી તે ઘટાડીને પાંચ ટકા તથા રિફાઈન્ડ સોયાબીન તેલ અને પામતેલની બેઝિક કસ્ટમ ડ્યૂટી જે ૨૭.૫ ટકા હતી તે ઘટાડીને ૨૭.૫ ટકા કરી હતી અને ડ્યૂટી ઘટાડાનો અમલ આજથી અથવા તો ૨૪મી સપ્ટેમ્બરથી અમલી બનાવવામાં આવ્યો છે.

સોયાબીન, સનફ્લાવર અને પામતેલની બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં સરકાર દ્વારા કરવામાં આવેલા ઘટાડાને પગલે રિટેલ સ્તરે ભાવમાં ઘટાડો જોવા મળે તેવી શક્યતા ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન ઈન્ડિયન વેજિટેબલ ઑઈલ પ્રોડ્યુસર્સ એસોસિયેશન (આઈવીપીએ)એ વ્યક્ત કરી છે. એસોસિયેશનના પ્રમુખ સુધાકર દેસાઈએ જણાવ્યું હતું કે આગામી ટૂંક સમયગાળામાં તહેવારોની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે સરકાર દ્વારા ચોક્કસ ખાદ્યતેલ પરની આયાત જકાતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઓછી આયાત જકાતને કારણે આયાત પડતરમાં ઘટાડો થવાથી રિટેલ સ્તરે અમુક અંશે ઘટાડાતરફી વલણ જોવા મળી શકે છે.

જોકે, ખાદ્યતેલ ઉદ્યોગ માટે આગામી તહેવારોની મોસમને ધ્યાનમાં લેતા પર્યાપ્ત પુરવઠો ઉપલબ્ધ રાખવો એ અગ્રતાક્રમ છે. સામાન્યપણે તહેવારોની મોસમમાં ઘરગથ્થુ ધોરણે લોકો મીઠાઈઓ અને નાસ્તા માટેની અને ફૂડ સર્વિસીસ તથા ફૂડ સર્વિસીસ અને હોરેકા (હૉટૅલ, રૅસ્ટૉરન્ટ અને કેફેટેરિયા) સેગ્મેન્ટની માગમાં વધારો થતો હોય છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે માગમાં થતાં ફેરફારની દૃષ્ટિએ પણ ડ્યૂટી માળખામાં કરવામાં આવેલો સુધારો મહત્ત્વપૂર્ણ છે. સનફ્લાવર તેલની ડ્યૂટીમાં વધુ ઘટાડો કરવામાં આવતા તે વધુ સસ્તું બન્યું છે. ખાસ કરીને તેનો વપરાશ દક્ષિણ ભારતમાં વધુ છે. સનફ્લાવર અને સોયાબીન તેલની આયાત માટે વધુ છૂટછાટ મળવાથી પામતેલની માગમાં ઘટાડો થશે કારણ કે બાયોફ્યુઅલના ફરજિયાત નિયમનોના અમલીકરણ અને વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાથી પામતેલ પ્રમાણમાં મોંઘું રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ગ્રાહક સ્તરે ડ્યૂટી ઘટાડાની અસર ડ્યૂટી ઉપરાંતનાં અન્ય પરિબળો પર પણ નિર્ભર રહેશે, જેમાં મુખ્યત્વે વૈશ્વિક ભાવ, પરિવહન ખર્ચ, વિનિમય દરમાં ફેરફાર અને સ્થાનિકમાં ઉપલબ્ધતા અથવા તો સ્ટોકની સ્થિતિનો સમાવેશ થાય છે.

દેશનાં અન્ય અગ્રણી સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં જણાવ્યાનુસાર આગામી ઑક્ટોબરના અંતે પૂરી થતી વર્તમાન તેલ મોસમમાં ખાસ કરીને આયાતમાં વધારા ઉપરાંત ડૉલર સામે રૂપિયામાં થયેલા ધોવાણને ધ્યાનમાં લેતા દેશનું ખાદ્યતેલનું આયાતનું બિલ નવ ટકા વધીને રૂ. ૧.૭૫ લાખ કરોડની સપાટી સુધી પહોંચવાનો અંદાજ છે. વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની તેલ મોસમમાં ગત નવેમ્બરથી ઑગસ્ટ સુધીમાં દેશમાં કુલ વનસ્પતિ તેલની આયાત ગત સાલના સમાનગાળાના ૧૩૩.૩૭ લાખ ટન સામે ચાર ટકા વધીને ૧૩૮.૮ લાખ ટનની સપાટીએ પહોંચી છે. ■

# મથકો પાછળ ખાંડમાં ₹ ૧૬થી ૪૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની અને ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ હેઠળ ખાંડના ટેન્ડરોના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ ખાસ કરીને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૬થી ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલીને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૬થી ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૨૦થી ૪૬૪૨ના મથાળે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૨૦થી ૪૮૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો નોંધાતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૪૦થી ૪૩૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૧૫થી ૪૪૮૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ચીન સહિત અન્ય ત્રણ દેશોથી આયાત થતી

## એલ્યુમિનિયમ ફોઈલ પર વધુ પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ ચીન, થાઈલેન્ડ મલયેશિયા અને ઈન્ડોનેશિયાથી આયાત થતી એલ્યુમિનિયમ ફોઈલ સામે વધુ પાંચ વર્ષ સુધી એન્ટિ ડમ્પિગ ડ્યૂટી લંબાવવાની ભલામણ કરી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે. જોકે, ડ્યૂટી અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવશે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડે ૮૦ માઈક્રોન અને તેનાંથી નીચેના માઈક્રોન ધરાવતી એલ્યુમિનિયમ ફોઈલ પર ટનદીઠ ૯૩.૫૩થી ૯૭૬.૯૯ ડૉલરની રેન્જમાં ડ્યૂટીની ભલામણ કરી છે. ઑથોરિટીએ નોટિફિકેશનમાં જણાવ્યું છે કે આ તપાસમાં તમામ સંબંધિત પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોની ચકાસણી કર્યા બાદ વધુ પાંચ વર્ષના સમયગાળા માટે ડેફિનેટિવ ડ્યૂટી ચાલુ રાખવાની ભલામણ કરવી યોગ્ય અને આવશ્યક ગણી છે. નોંધનીય બાબત એ છે કે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જાળવી રાખવા માટે પુનઃ તપાસ કરવા માટે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, એલએસકેબી એલ્યુમિનિયમ ફોઈલ્સ, રવિરાજ ફોઈલ્સ, શ્રી વેંકટેશ્વર ઈલેક્ટ્રોકાસ્ટ, શ્યામ સેલ ઍન્ડ પાવર લિ. અને એસઆરએફ અલ્ટેક લિ. દ્વારા અરજી કરવામાં આવી હતી. ■

# ક્રૂડ તેલના ભાવ ઉછળતા ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ગબડીને ૯૬ની લગોલગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ એક તબક્કે વધીને બેરલદીઠ ૧૦૬ ડૉલર સુધી ક્વૉટ થયાના અહેવાલ ઉપરાંત ક્રૂડતેલના ભાવ વધી આવતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ નોંધપાત્ર કડાકો બોલાઈ જતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ગબડીને ૯૬ની સપાટીની લગોલગ ૯૫.૯૯ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે ક્રૂડતેલના ભાવ વધી આવતા ડૉલર ઈન્ડેક્સમાં સુધારો અને અમેરિકી બૉન્ડની યિલ્ડ પણ વધી આવી હોવાથી ગબડતાં રૂપિયાને વધુ ઢાળ મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૮૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૯૯ અને ઉપરમાં ૯૫.૮૦ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૯૫.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલરમાં મજબૂત વલણ અને ફુગાવામાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતા તાજેતરમાં ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હોવાનું ચોઈસ બ્રોકિંગનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગનાં વિશ્લેષક આમિર માકદાએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકામાં પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સના ડેટા વધી આવતા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની શક્યતા વધી જતાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ૧૫ બેસિસ પૉઈન્ટ વધી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા માટે રૂપિયામાં ૯૬ની સપાટી પ્રતિકારક સપાટી અને ૯૫.૪૩ની સપાટી ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે.


દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૮ ટકા વધીને ૧૦૦.૯૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૭૪ ટકા વધીને બેરલદીઠ ૧૦૫.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૨૪૭.૭૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૮૩.૭૦ પૉઈન્ટનો કડાકો બોલાઈ જવાથી રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહી હતી. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૧૭.૪૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું, પરંતુ તેની બજાર પર ખાસ અસર નહોતી જોવા મળી, એમ સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# 'મિનિ તરણેતર' સમા મોટા યક્ષના ભાતીગળ લોકમેળાનો ૨૭મી રવિવારથી ભવ્ય પ્રારંભ: ૧૬ એકરમાં પ્લોટ ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિના પ્રતીક અને 'મિની તરણેતર' તરીકે સમગ્ર રાજ્યમાં ખ્યાતનામ મોટા યક્ષ બૌંતેરાના ઐતિહાસિક મેળાનો આગામી તા. ૨૭ સપ્ટેમ્બર, રવિવારથી વિધિવત પ્રારંભ થશે. મેળા સમિતિ તેમજ ભોવા પરિવારના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિત રાજકીય-સામાજિક અગ્રણીઓ અને સરકારી અમલદારો વિશેષ ઉપસ્થિત રહેશે. મેળા અધ્યક્ષ જયંતીભાઈ નાકરાણી, ઉપાધ્યક્ષ મહિપતસિંહ જાડેજા તેમજ તલાટી રઘુવીરસિંહ ઝાલાના જણાવ્યા અનુસાર, મેળા પરિસરમાં ૧૬ એકરથી વધુ વિસ્તારમાં નાના-મોટા ધંધાર્થીઓ માટે પ્લોટ ફાળવી પ્રાથમિક





તસ્વીર :ઉત્સવ વૈદ્ય

સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. ચાલુ વર્ષે પ્રવર્તતા આકરા ભાદરવી તાપના કારણે પાછલા વર્ષોની જેમ મેળામાં સહેલાણીઓ દિવસ કરતાં રાત્રિના સમયે વધુ ઉમટી પડે તેવી શક્યતા છે. સાયરા (યક્ષ) પાટીદાર સમાજ અને વિથોણ પાટીદારોના પરંપરાગત ખાણીપીણી તેમજ ઠંડાપીણાના સ્ટોલ ઉપરાંત મનોરંજન વિભાગ મેળામાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આરોગ્ય સુરક્ષા અર્થે મંગવાણા અને વિથોણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની તબીબી ટીમો તૈનાત રહેશે. આ સાથે સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ■

૫૦ કિલો વજનના ૭૦ વર્ષીય દાદાએ ૩૦ મિનિટમાં ૧૭ લાડવા ખાધા

# એક મહિલા ૩ મિનિટમાં ૫૬ પાણીપુરી ખાઈ ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : રાજકોટના રેસકોર્સ મેદાનમાં ભાજપ આયોજિત સિદ્ધિ વિનાયક ધામ ગણેશ મહોત્સવમાં આવો જ ખાવા-પીવાનોનો ખરાખરીનો જંગ જામ્યો હતો. રાજકોટમાં રેસકોર્સ મેદાન ખાતે શહેર ભાજપ દ્વારા આયોજિત સિદ્ધિ વિનાયક ધામ ગણેશ મહોત્સવ છેલ્લા ૧૭ વર્ષથી એટલે કે ૨૦૦૮થી યોજાઈ રહ્યો છે. આ વખતે અહીં ઓપન સૌરાષ્ટ્ર પાણીપુરી અને લાડુ જમણ સ્પર્ધાનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિની સાથે સ્વાદનો તડકો લગાવતી આ સ્પર્ધામાં ૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનો નિયમ પણ રસપ્રદ હતો. પહેલી ૫ મિનિટમાં ભાઈઓએ ફરજિયાત ૫ લાડુ અને બહેનોએ ફરજિયાત ૩ લાડુ ખાવા પડે, ત્યારબાદ બીજો રાઉન્ડ ૨૦ મિનિટનો હોય છે, જેમાં અનલિમિટેડ લાડુ ખાવાના હોય છે. દરેક લાડુનું વજન ૧૦૦ ગ્રામ અને શુદ્ધ ઘીના બનેલા હોય છે. બહેનો માટે ખાસ યોજાયેલી પાણીપુરી સ્પર્ધામાં તો ખૂબ જ રોમાંચક બની ગઈ હતી. ચટાકેદાર, તીખી-ખાટી પાણીપુરી ખાવાની સ્પીડ જોવા જેવી હતી. સૌની નજર નેહાબેન નામની એક મહિલા પર ટકી હતી. નેહાબેને જે સ્પીડ બતાવી એ જોઈને આયોજકો પણ હક્કા-બક્કા રહી ગયા. માત્ર ૩ મિનિટમાં તેમણે ૫૬ પાણીપુરી ઝાપટી ગયા અને પ્રથમ ક્રમ હાંસલ કરી લીધો હતો. તેમની થાળીમાં પાણીપુરી મુકાય અને બીજી જ સેકન્ડે ગાયબ થઈ જતી હોવાનુ કેમેરામાં કેદ થયું હતું. આ દ્રશ્ય જોઈને ત્યાં ઉપસ્થિત સેંકડો લોકોએ તાળીઓથી તેમને વધાવી લીધા હતા. જો પાણીપુરી સ્પર્ધામાં મહિલાઓએ બાજી મારી તો લાડુ સ્પર્ધામાં એક દાદાએ સૌને ચોંકાવી દીધ હતા.

સરપદળ ગામના ૭૦ વર્ષીય ગોવિંદભાઈ લુણાગરિયા, જેમનું વજન માત્ર ૫૦ કિલો છે, તેમણે ૩૦ મિનિટમાં ૧૦૦ ગ્રામ વજનના ૧૭ લાડવા ઝાપટીને ભાઈઓના વિભાગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ■

રાજકોટમાં વિસર્જન ટાણે માતમ

# બાવીસ ફૂટ ઊંડા પાણીમાં ડૂબી જતાં પિતા-પુત્ર સહિત એક જ પરિવારના ૩ સભ્યનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ:ગણપતિ બાપ્પા મોરિયા ના નાદ વચ્ચે રાજકોટમાં એક પરિવારનો માળો વિખેરાઈ ગયો. રાજકોટના કુવાડવા-વાંકાનેર રોડ પર ખોડિયાર મંદિર પાસે ગણેશ વિસર્જન કરવા ગયેલા એક જ પરિવારના ત્રણ સભ્યો ૨૦થી ૨૨ ફૂટ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ત્રણેયના કરુણ મોત નીપજ્યા હતા. આ ઘટનામાં પિતા-પુત્ર અને ભત્રીજાએ જીવ ગુમાવ્યો હતો

પ્રાપ્ત વિગતો મુજબ રાણપુર રોડ પર આવેલી શિવધારા રેસિડેન્સી, શેરી નં-૬ માં રહેતા ચૌહાણ પરિવારના સભ્યો કુવાડવા રોડ પર અજય વે બ્રિજ સામે, ખોડિયાર માતાના મંદિર પાસે આવેલા જળાશયમાં ગણેશજીની પ્રતિમા વિસર્જન કરવા ગયા હતા. દરમિયાન પ્રતિમા પધરાવતી વખતે અચાનક પગ લપસી જતા અથવા ઊંડા પાણીના વહેણમાં ખેંચાઈ જતા ત્રણેય લોકો ડૂબી ગયા હતા. જળાશયની ઊંડાઈ ૨૦થી ૨૨ ફૂટ જેટલી હોવાથી તેઓ બહાર નીકળી શક્યા નહોતા. તહેવારના ઉત્સાહ વચ્ચે ચીસાચીસ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. રાજકોટ મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી કંટ્રોલ રૂમમાં રેસ્ક્યુ કોલ આવતા જ ઈમરજન્સી સ્ટેશનથી રેસ્ક્યુ વાહન અને ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ત્રણેયને બહાર કાઢી હૉસ્પિટલ લઈ જવાયા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ■

# અમરેલીમાં વિસરાતી પરંપરાગત રમતોને જીવંત કરવા સાંસદ અને ઊર્જા પ્રધાન બાળકો સાથે રમતો રમ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમરેલીની વિદ્યાસભા ખાતે લુપ્ત થતી પરંપરાગત રમતોને પુન જીવંત કરવાના હેતુથી એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ અને શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આજની નવી પેઢી અને બાળકોને ડિજિટલ સ્ક્રિન તેમજ મોબાઇલની દુનિયાથી દૂર રાખીને મેદાન પરની રમતો તરફ પ્રોત્સાહિત કરવાનો હતો. દેશી રમતો તરફ બાળપણને વાળવાના આ વિશેષ આયોજનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને રાજ્યના ઉર્જા પ્રધાન કૌશિકભાઇ વેકરીયાએ ખાસ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ



તસ્વીર :દિલીપ જીરૂકા

વધાર્યો હતો. બંને નેતાઓએ માત્ર હાજરી આપવા પૂરતું મર્યાદિત ન રહેતા, પોતે પણ બાળકો સાથે ગ્રાઉન્ડ પર ઉતરીને વિવિધ પરંપરાગત રમતો રમી હતી. સાંસદ અને ઉર્જા મંત્રીને પોતાની સાથે રમતા જોઈને ભૂલકાઓ અને વિદ્યાર્થીઓમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

રમતો રમવાની સાથે સાથે વિસરાતી જતી આ રમતોનું મહત્વ સમજાવી બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે મેદાની રમતગમત કેટલી જરૂરી છે તેનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિત ભાજપના અગ્રણીઓ, કાર્યકરો, શાળા પરિવાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના નદીકાંઠા વિસ્તારના મેગા ડિમોલિશનની એસઆઈટીનો અહેવાલ ક્યારે? કૉંગ્રેસનો સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરની મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૬ના નદીકાંઠા વિસ્તારમાં અગાઉ કરવામાં આવેલા મેગા ડિમોલિશનને લઈને ફરી એકવાર સવાલો ઉઠ્યા છે. સમગ્ર મામલે અગાઉ ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને એસઆઈટીતપાસની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી, છતાં આજદિન સુધી તપાસનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી કે કોઈ સ્પષ્ટ કાર્યવાહી થઈ નથી તેવો આક્ષેપ કોંગ્રેસના કોર્પોરેટરો અને આગેવાનો દ્વારા કરવામાં આવ્યો છે. આ મામલે કોંગ્રેસના કોર્પોરેટરો અને આગેવાનો દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનમાં નદીકાંઠા વિસ્તારમાં થયેલી ડિમોલિશનની કાર્યવાહી, તેની પાછળની પ્રક્રિયા તથા અગાઉ ઉઠાવવામાં આવેલા ગંભીર પ્રશ્નોની તપાસ અંગે જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી છે.

કોંગ્રેસના આગેવાનો દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે, જો સમગ્ર મામલે એસઆઈટી દ્વારા તપાસ કરવામાં આવી હોય તો તપાસનો અહેવાલ હજુ સુધી જાહેર કેમ કરવામાં આવ્યો નથી? તેમજ તપાસ દરમિયાન સામે આવેલી વિગતોના આધારે જવાબદાર લોકો સામે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગે પણ મનપા તંત્ર પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા કમિશનરને રજૂઆત કરી માંગ કરવામાં આવી હતી કે, નદીકાંઠાના મેગા ડિમોલિશન મામલે થયેલી એસઆઈટી તપાસનો અહેવાલ જાહેર કરવામાં આવે અને જો તપાસમાં કોઈ ગેરરીતિ કે નિયમભંગ સામે આવ્યો હોય તો જવાબદાર અધિકારીઓ કે અન્ય વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. ■

# સૈરાટ : રાજકોટમાં ધોળા દિવસે છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા, સાળાએ બનેવીને માર્યાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : ભક્તિનગર સર્કલ નજીક ધોળા દિવસે યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી હતી. કોલેજીયન પાન પાસે ૨૭ વર્ષીય વિમલ વાણીયા નામના યુવાન પર અજાણ્યા શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. પ્રાથમિક વિગતો મુજબ, વિમલ વાણીયા સાથે અજાણ્યા શખ્સની બોલાચાલી થઈ હતી.

ત્યારબાદ બોલાચાલી ઉગ્ર બનતા શખ્સે વિમલને છરીના એક બાદ એક ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં વિમલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત વિમલને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતાં ભક્તિનગર



તસ્વીર : પ્રવિણ સેદાણી

પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હત્યાના બનાવ અંગે ફરિયાદ નોંધવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર મૃતક વિમલ વાણીયાએ આશરે એક વર્ષ પૂર્વે જસદણ પંથકની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જેના પગલે હત્યા પાછળ પ્રેમ પ્રકરણ કારણભૂત છે કે કેમ તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

દરમિયાન, સમગ્ર મામલે શંકાની સોઈ મૃતકના સાળા કમલેશ ઉર્ફે કાનો રબારી તરફ પણ દોરાઈ છે. વિમલની હત્યા પાછળ પ્રેમ પ્રકરણ અને સાળાની કોઈ ભૂમિકા છે કે કેમ તે સહિતના વિવિધ મુદ્દાઓને લઈને ભક્તિનગર પોલીસે તપાસ શરૂ કરી છે.

વિમલની પત્નીના કહેવા અનુસાર આ હત્યા કથિત રીતે તેનાં ભાઈએ કરી છે. પોતાનું છ મહિનાનું બાળક હોવાનું પણ તેણે કહ્યું હતું.

હાલ પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે હુમલાખોર સુધી પહોંચવાના પ્રયાસો શરૂ કર્યા છે. ■

# ગાંધીધામના યુવા એક્સપોર્ટર સાથે ₹૭૨.૭૮ લાખની સાયબર ઠગાઈ: ફ્રાન્સમાં જીરું નિકાસના લાઇસન્સ અપાવવાના બહાને પડાવ્યા નાણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : ગાંધીધામના અપનાનગરમાં રહેતા એક યુવા વેપારીને વિદેશમાં જીરું એક્સપોર્ટ કરવા માટે જરૂરી વિવિધ આંતરરાષ્ટ્રીય લાયસન્સ અપાવવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ

રૂ. ૭૨,૭૮,૨૯૬ પડાવી લીધા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ અંગે પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

અપનાનગરમાં રહેતા અને આયાત-નિકાસનો વ્યવસાય કરતા સાગર સુનીલ મૂલચંદાણી નામના યુવાનને બી-ટુ-બી પોર્ટલ પરથી અજાણ્યા નંબરો પરથી સંપર્ક કરવામાં આવ્યો હતો. ફોન કરનારે પોતે 'વાયા ટ્રેડમાર્ટ' કંપનીમાંથી બોલતો હોવાનું અને તેમની કંપની એક્સપોર્ટ બ્રોકરેજનું કામ કરતી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ એવન્યા યાદવ નામની મહિલાએ સંપર્ક કરી ફ્રાન્સની એક મોટી કંપની તેમની પાસેથી જંગી માત્રામાં જીરું ખરીદવા માંગતી હોવાની લાલચ આપી હતી.

આ એક્સપોર્ટ ઓર્ડર પાર પાડવા માટે યુરોપિયન યુનિયન અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના વિવિધ લાયસન્સ જરૂરી હોવાનું જણાવી કંપની પોતે જ આ લાયસન્સ કઢાવી આપશે તેવી ખાતરી આપી હતી. ઠગ ટોળકીએ તબક્કાવાર પ્રથમ ઇડીઆઈ લાયસન્સ માટે રૂ. ૭૨,૨૧૯, સીબીપી લાયસન્સ માટે રૂ. ૧,૪૫,૦૦૦, પ્લેનેટ ટેક્સ અને એએમએલ લાયસન્સ માટે આશરે રૂ. ૬.૧૯ લાખ સહિતના ગઠિયાઓએ કુલ ૧૫થી વધુ પ્રકારના બોગસ લાયસન્સ બતાવી ગત તા. ૧૩ મે થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન આરટીજીએસ, ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર મારફતે યુવાન વેપારી પાસેથી કટકે-કટકે કુલ રૂ. ૭૨,૭૮,૨૯૬ પોતાના ખાતાઓમાં જમા કરાવી લીધા હતા.

આરોપીઓએ મોકલેલા લાયસન્સ પર રહેલા ક્યુઆર કોડ સ્કેન કરતાં કોઈ વિગતો ન ખુલતાં વેપારીને શંકા ગઈ હતી. તેમણે મિત્ર વર્તુળમાં ચર્ચા કરતાં પોતાની સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાનું વ્યવસ્થિત સાયબર ફ્રોડ થયું હોવાનું માલૂમ પડ્યું હતું. સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાઓ અને મોબાઈલ નંબરોના આધારે આંતરરાજ્ય ગેંગનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે. ■

# ચોટીલા-થાન રોડ પર અફીણની હેરાફેરીનો પર્દાફાશ : ૪૫ વર્ષીય શખ્સ ૯૪૦ ગ્રામ અફીણ સાથે ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ચોટીલા : તાલુકામાં નશીલા પદાર્થોની ગેરકાયદે હેરાફેરી સામે પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ, સીઆઈડી ક્રાઇમ રાજકોટ ઝોનને મહત્વની સફળતા મળી છે. ચોટીલાથી થાન તરફ જતા માર્ગ પર નાવા ગામની સીમમાં ખીજડાવાળા મામાદેવ મંદિર નજીકથી એક શખ્સને ગેરકાયદે અફીણના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસ અધિક્ષક લોકેશ યાદવની સૂચના અને માર્ગદર્શન હેઠળ એનડીપીએસ એક્ટ હેઠળ અસરકારક કાર્યવાહી કરવા માટે આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી. બારોટના સીધા માર્ગદર્શન હેઠળ એએનટીએફ રાજકોટ ઝોનની ટીમે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે નાવા ગામની સીમ વિસ્તારમાં વોચ ગોઠવી હતી.

આ દરમિયાન ચોટીલાથી થાન તરફ જતા રોડ પર ખીજડાવાળા મામાદેવ મંદિર નજીક એક ઇસમ મોટરસાયકલ પર મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા શખ્સ પાસેથી ૦.૯૪૦ કિલોગ્રામ અફીણ, જેની અંદાજિત કિંમત રૂ.૪.૭૦ લાખ થાય છે, તે કબજે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેની પાસેથી બે મોબાઇલ ફોન કિંમત રૂ.૫,૫૦૦ તથા એક હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ કિંમત રૂ.૧૫,૦૦૦ મળી આવી હતી. આમ, પોલીસે કુલ રૂ.૪.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું પોલીસસૂત્રો દ્વારા જણાવાયું છે. આ કાર્યવાહીમાં પોલીસે રાજુભાઇ ધુલાભાઇ પરમાર (ઉંમર ૪૫ વર્ષ)ને ઝડપી પાડ્યો હોવાની માહિતી મળી હતી. ■

## ભાવનગરના ભોજાવદર ગામની સીમમાંથી જુગાર રમતા ૧૧ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : જિલ્લાના ઉમરાળા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા ૧૧ શખ્સને રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા. મળતી માહિતી મુજબ ઉમરાળા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એચ.પી. બારડની સૂચનાથી પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ભોજાવદર ગામે કાળુભાર નદીના સામે કાંઠે 'ખરાબો' તરીકે ઓળખાતી ખુલ્લી જાહેર જગ્યામાં કેટલાક શખસો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા ગંજીપત્તાના પાના વડે હાર-જીતનો જુગાર રમતા ૧૧ ઈસમો રંગેહાથ પકડાઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી જુગારના સાહિત્ય તરીકે ગંજીપત્તાના ૫૨ પાના તેમજ રોકડા રૂપિયા ૨૦,૬૦૦ કબ્જે કરી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કંડલા સેઝ સોપારી કૌભાંડનું પગેરું રાજકોટ પહોંચ્યું: કરોડોનો જથ્થો રાજકોટની પાર્ટીએ મંગાવ્યાનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : કચ્છના કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થિત વેરહાઉસમાંથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા કરોડો રૂપિયાની કિંમતનો સોપારી અને તમાકુનો ગેરકાયદે જથ્થો ઝડપી પાડવાના પ્રકરણમાં તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. પ્રાથમિક તપાસમાં આ વિદેશી સોપારીનો મસમોટો જથ્થો રાજકોટની કોઈ પાર્ટીએ મંગાવ્યો હોવાની ચોંકાવનારી વિગતો સપાટી પર આવતાં સમગ્ર કૌભાંડનું નેટવર્ક સૌરાષ્ટ્ર સુધી લંબાયું હોવાનું સ્પષ્ટ થયું છે.

કાસેઝના વેરહાઉસમાંથી કરોડોની સોપારી-તમાકુ પકડાયા બાદ ડીઆરઆઈની ટીમે વિજય નામના શખ્સને ઉઠાવી લઈ સઘન પૂછપરછ હાથ ધરી છે. તપાસ દરમિયાન ''કોઈ અજાણ્યો શખ્સ આ જથ્થો પરિસરમાં મૂકી ગયો હતો'' તેવું રટણ આરોપીઓ કરી રહ્યા છે, જે ગળે ઉતરે તેમ ન હોવાથી તપાસનીશ એજન્સીએ કાસેઝ પરિસરના મુખ્ય પ્રવેશદ્વાર, સંબંધિત ગોડાઉનના સીસીટીવી ફૂટેજ તેમજ ગેટ રજિસ્ટરની એન્ટ્રીઓ જપ્ત કરી ઝીણવટભરી ચકાસણી શરૂ કરી છે.

આ ઉપરાંત કાસેઝમાં આ શંકાસ્પદ કન્ટેનરો ઘુસાડવામાં મદદગારી કરનારા બે કર્મચારીઓની અટકાયત કરી તેમનાં વિસ્તૃત નિવેદનો પણ નોંધવામાં આવ્યાં છે. કરોડો રૂપિયાની દાણચોરીના આ આંતરરાષ્ટ્રીય રેકેટમાં માલ કયા દેશમાંથી મોકલાયો હતો, કયા ભારતીય બંદર પર કન્ટેનર ઉતારવામાં આવ્યા હતા અને ક્લિયરિંગ કરાવનાર કસ્ટમ હાઉસ એજન્ટ કોણ હતો તે દિશામાં પણ તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે. તપાસ એજન્સી દ્વારા રાજકોટના વેપારી અને સ્થાનિક સૂત્રધારો સુધી પહોંચવા કવાયત આદરાતાં આગામી દિવસોમાં આ કૌભાંડમાં અનેક ચોંકાવનારી બાબતો બહાર આવવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. ■



## દુંદાળા દેવની સેવામાં

હવે ગણેશોત્સવ માત્ર મુંબઈ અને કોંકણ પૂરતો મર્યાદિત રહ્યો નથી. સમગ્ર દેશમાં ભક્તિભાવપૂર્વક યોજાય છે. ગુજરાતમાં પણ ભારે ધામધૂમથી ગણેશોત્સવ ઉજવાય છે. જોકે આજે વિસર્જન સમયે કોઈ અઘટિત ઘટના ન ઘટે તે માટે સુરક્ષાના ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યાન છે. રાજકોટ ખાતે પણ આજી નદી પાસે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. (પ્રવિણ સેદાણી)

# મીઠી રોહરમાં ખુલ્લા ટાંકામાં ડૂબી જતાં ૩ વર્ષની બાળકીનું મોત

## રમતાં રમતાં બાળકી અચાનક લાપતા બની જતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : સૌરાષ્ટ્રમાં એક બાળકીને દીપડાએ ફાડી ખાધી હતી ત્યારે ગાંધીધામ તાલુકાના મીઠી રોહર ગામે રમતાં-રમતાં ભૂગર્ભ ટાંકામાં પડી જતાં ૩ વર્ષની માસૂમ બાળકીનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મીઠી રોહરના ઇન્દિરાનગર વિસ્તારમાં રહેતા રામપ્રવેશ ધોબીની ૩ વર્ષીય પુત્રી ગુડિયા બપોરના અરસામાં ઘર આંગણે રમતી હતી. રમતાં રમતાં બાળકી અચાનક લાપતા બની જતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી.

લાંબા સમય સુધી બાળકી ન મળતાં ઘર પાસે આવેલા પાણીના ટાંકામાં જોતાં બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. માસૂમ બાળકી રમતાં રમતાં અકસ્માતે ટાંકામાં પડી જતાં ડૂબી જવાથી મોતને ભેટી હોવાનું સામે આવ્યું હતું. આ કરુણ બનાવથી પરિવારમાં ભારે કલ્પાંત છવાઈ ગયો હતો.

જ્યારે વાગડ પંથકના વોંધ ગામે રામાપીરના મેળામાં જઈ રહેલા ૧૯ વર્ષીય એક્ટિવાસવાર યુવાનને ટ્રેઇલરે કચડી નાખતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ ઉપરાંત ભુજના લાખોંદ નજીક એક ઔદ્યોગિક એકમમાં કામ કરતી વેળાએ દીવાલ પરથી નીચે પટકાયેલા આધેડ શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ■